સોરઠનું

સાહિત્ય.

(સૌરાષ્ટ્રમાં પ્રચલિત દુહા--સોરઠા ઇ૦)

પ્રસીદ્ધકર્તા

મોતીલાલ છોટાલાલ વ્યાસ.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૪૫૧૭ वर्गांक

पुस्तकनुं नाम રાષ્ટ્રનું સાહિત્ય

विषय स१:३५१::२:२३६२

સોરઠનું સાહિત્ય.

પ્રથમ ભાગ.

સૌરાષ્ટ્રમાં પ્રચલિત દુહા સોરઠા.

સંગ્રહ કર્ત્તા.

કેશવજી જેરામ—વકીલ—ચોટીલા.

પ્રગટ કર્ત્તા.

મોતીલાલ છોટાલાલ વ્યાસ.

અધિપતિ—"કાઠીયાવાડ અને મહીકાંઠા ગેઝેટ"
રત્નહાર, કુસુમગુચ્છ પ્રેમસતસહી ઇત્યાદિકનો
યોજક અને પ્રકાશક. અમદાવાદ

અમદાવાદ.

મહીકાંઠા ગેઝેટ પ્રીન્ટીંગ પ્રેસમાં.

વ્યાસ મોતીલાલ છોટાલાલે છાપ્યું.

સંવત ૧૯૬૯ સને ૧૯૧૨

પ્રત, ૧૦૦૦

મુલ્ય રૂ. ૦-૮-૦ આઠ આના

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
स९:३५१:२३९६३ ४५१७

આ પુસ્તકના સર્વ હક સ્વાધીન રાખ્યા છે.

અર્પણ પત્રીકા.

પરમકૃપાળુ સૌજન્ય સુધા સાગર, રા. રા.
વૈદરાજ: ત્ર્યંબકલાલ વિ. જટાશંકર ભટ્ટ.
મુંબઈ.

વેદ્ય વિદ્યામાં સંપૂર્ણ નિપૂણતા હોવા સાથે સાહિત્યની વૃદ્ધિને અર્થે આપ ઉત્સુકતા રાખો છો, સૌરાષ્ટ્રનું પ્રાચીન-અર્વાચીન સાહીત્ય ખીલવવાના ખંતીલા છો, તે સાથે જાણે તેનો આપશ્રીના હૃદય ગૃહમાં અખૂટ ખજાનો ભરેલો હોય તેની પેઠે સમાગમમાં આવનારને તેનાથી યાવત્ આનંદ આપો છો, તેમ મારા પ્રત્યે આપશ્રીના પ્રેમ ઉપકારની લાગણી અવીછીન્ન એવી દ્રષ્ટીગોચર થાય છે કે જેથી આ લઘુ ગ્રંથ આપશ્રીને સસ્નેહ-સવિનય સમર્પણ કરી કૃતાર્થ થાઉછું.

લી. આપનો કૃપાપાત્ર
મોતીલાલ છોટાલાલજી વ્યાસ.

પ્રસ્તાવના.

કવિત્વ શક્તી એ કુદરતી બક્ષીસ છે, એ કંઇ યત્નથી પ્રાપ્ત થતી નથી, માત્ર યત્નથી તો ખીલાવી શકાય છે, આ કારણથી વિદ્વાનોજ કવિતા કરી શકે એમ કંઈ છે નહીં, બેશક કવિત્વ શકતીની કુદરતી બક્ષીસ હોય, અને તેવા મનુષ્યે સદ્‌વિદ્યા પ્રાપ્ત કરી હોય, તો તે સંસ્કાર યુક્ત ઉત્તમ કવિતા રચી શકે. જો કે નિરક્ષર પણ કુદરતી બક્ષીસ વાળા કવિત્વ શકતી ધરાવનારા મનુષ્યોના ઉદ્‌ગાર પણ સંગીન સુબોધ દાતા અને અપૂર્વ અસર કર્તા થઈ પડે, તેવા હોય છે. અને તેના નમુના રૂપજ આ ન્હાનકડા પુસ્તકમાં સમાવેલા દુહા—સોરઠા છે, એ સુત્રો જેમના હૃદયમાંથી નિકળ્યાં છે, તે સઘળા વિદ્વાન હોવાનું તો આપણે કદી કલ્પી શકીશું નહીં, બાકી તેઓ જ્ઞાનવાન અને અનુભવી હોવાનું તો અવશ્ય અટકળીશું. અલબત તેમના ઉદ્‌ગારોને આધુનીક સાક્ષરો અને કવિયો કદાચ સાહિત્યના શણગારરૂપ ગણશે નહીં, ભાષાના ભુષણ રૂપ ભણશે નહીં, પણ દરેક દુહા કે સોરઠાની બે કડિયોમાં જે અર્થ ચમત્કૃતિ સમાએલી છે, તેમાંથી ધર્મ અને નીતિનો, સંસાર વ્હેવારનો અને માનવશાસ્ત્રનો જે રૂડો બોધ મળે છે, તેવું શું આધુનિક સાક્ષરો આપી શકશે કે? તેઓનાં કથનમાંથી તો મંથન કરતાં પણ કીંચીત તત્વ મળતું નથી. સામાન્ય બુદ્ધી-શક્તી વાળા તો તેમના લેખો વાંચવા સમજવામાં નિષ્ફળજ નીવડે છે, તેને તો તેમના જેવાજ વાંચી શકે,

વીચારી શકે, ને સમજી શકે. અગાઉ લોક કથાયુક્ત બાણુ કે વજબાણુ કરતાં શબ્દ બાણુની અસર કાંઇ ઓરજ થાય છે, અન્ય બાણુ દક્ષ શસ્ત્ર વેદ ખેંચી કાઢવામાં અને તેનો ઘા મલમ પટ્ટો કરી રૂઝાડવામાં ફળીભૂત થાય છે, પણ શબ્દબાણુ વાગ્યું તે વાગ્યું, તે જેમ બહાર નીકળતું નથી, તેમ તેનો ઘા રૂઝાતો પણ નથી, કદાચ રૂઝાય તો પણ તે શબ્દબાણુના પ્રહારથીજ રૂઝી શકે, ઉક્ત પુસ્તક-માંનાં દુહા–સોરઠા બાણુ જેવા છે, કેટલાક હૃદય વેધક છે, કેટલાક સુખદાતા–શાન્તીદાતા–આનંદદાતા છે, કેટલાક અમૃત તુલ્ય છે, કેટલાક કડુ છતાં હિતકર છે, હૃદય ઠારક છે, આ સૂત્રોને પરાગયુક્ત શબ્દ પુષ્પોનો સમૂહ કહીએ તો તેમાં કંઇ ખોટું નથી, એ શબ્દ પુષ્પો રસમય વાટીકા નાં છે, કે જે વાટિકાને વિશ્વંભર સીવાય અન્ય માળીએ કદી કેળવી નથી, છતાં એ પુષ્પોની રસીકતા–માધુર્યતા મનોહર છે, કેમ ન હોય ? કારણકે તેમાં કૃત્રીમતાનો કીંચીત પડછાયો પડયો નથી, જે છે તે છેજ, છે તે સત્ય છે.

•

સંગ્રહ કરેલા દુહા–સોરઠા પ્રથક પ્રથક વ્યક્તિના હૃદયોદ્ગારનું, તેના કુદરતી સ્વરૂપે દીગ્દર્શન આપે છે, આ અને બીજા આવા દુહા સોરઠા કાઠિયાવાડમાં બહુ પ્રચલિત છે, શીવરાત્રીને દીવસે ગીરનારના મેળામાં, ચૈત્રી પુનમે પાલીતાણાના મેળામાં અને ભાદરવી અમાસે જૂદે જૂદે ઠેકાણે મેળા ભરાય છે, તેમાં સામસામા ખેડુઓ કે રબારી ભરવાડો હોંસથી લલકારે છે, ત્યારે સાંભળવાની બહુ મઝા પડે છે. ઘણીવાર ખેડુઓ જમીન ખેડતાં કે કોસ હાંકતાં ધુનમાં ને ધુનમાં લાંબેથી દુહા–સોરઠા બોલી આસપાસના પ્રદેશને ગજાવી મુકે છે, અને જ્યારે મેળામાં સામે

આંગણીઓ સખી સામાસામી ગર્જના કરે છે, ત્યારે બ્હેનાર સાંભળનારને અતિ આહ્લાદિત થઇ પડે છે. ઘણાઓના હૃદય ગૃહમાં પ્રચલિત-દુહા, સોરઠાઓનો ભંડાર ભરેલો હોય છે, ત્યારે કેટલાક શીઘ્ર કવિની પેઠે નૂતન રચી શ્રોતાઓને સાનંદાશ્ચર્ય ઉપજાવે છે, અમે અમારા પૂર્વાશ્રમમાં પાલીતાણા પાસેના હાથસણી ગામમાં કોળી પટેલ વીરાની નવીન દુહા-સોરઠા યોજવાની અદ્ભુત શકતીથી અજાય થયા હતા, આડંબર વીનાની સાદી ભાષા છતાં સબ્દોની ઝડઝમક અને અર્થ ગાંભીર્ય તેમાં એવું અલૌકીક દ્રષ્ટી ગોચર થતું હતું, કે એવું સાક્ષર-કવિયોની બાનીમાં ક્વચીતજ જોઇએ છીએ, વીરો પટેલ તદન નીરક્ષર હતો, છતાં તેની કૃતિ એવી અનુપમ હતી, કે જો તે વેળાએ અમે તેની નોંધ કરી લીધી હોત, તો તે અત્યારે અતિ ઉપયોગી થઇ પડત.

કાઠીઆવાડમાં બોલાતા દુહા-સોરઠા એટલા બધા છે કે જો તેનો સંગ્રહ કરી પ્રસીદ્ધીમાં મુકાય તો સોરઠના સાહિત્યનું ગૌરવ ગણનામાં આવ્યા વીના રહે નહીં, જો કે તે કેટલાક ગ્રામ્ય ભાષામાં છે, કેટલાક દેશ ભાષામાં છે, અને કેટલાક ચારીણી ભાષામાં છે, છતાં તે સર્વદા મનનિય છે, આ કારણથી તે એકઠા કરી પ્રસીદ્ધીમાં મુકવાનો અમારો અભીલાષ હતો તેટલામાં ચોટીલા નિવાસી રા. રા. શ્રીયુત કેશવજી જેરામ વકીલે કરેલા સંગ્રહનું હસ્ત લીખીત પુસ્તક અમને તેમના તરફથી મળ્યું, અને તે પ્રસીદ્ધીમાં મુકવાની અમને ભલામણ કરી, આથી "ભાવતું હતું ને વૈદે કહ્યુ," તેની પેઠે અમને અતી અનુકુળ થઇ પડ્યું. કેશવજીભાઇ સંપુર્ણ સંશોધક બુધ્ધીના છે, વિદ્યા વિલાસી છે, અને નિસ્વાર્થ ભા-

વનાથી સાંહીત્ય સેવા બજાવવાનો તેઓ સારો શોખ ધરાવે છે, તેમણે પોતાનો સંગ્રહ પ્રસિદ્ધ કરવાને મને મોકલી આપી મારા ઉપર મહત્ ઉપકાર કર્યો છે.

કાઠીઆવાડમાં જે દુહા-સોરઠા બોલાય છે તેમાંથી આ તો કીંચીત કણુકો છે, અને તેને પ્રથમાંક તરીકે પ્રસીધ્ધ કરી સુજ્ઞ વાંચકોની સેવામાં સમર્પણુ કરીએ છીએ, કદરદાન વાચકો આ પુસ્તકને પ્રેમથી આવકાર આપશે, અને અમને ઉત્તેજન મળશે, તો ક્રમે ક્રમે બીજા અંકો પ્રસીદ્ધીમાં મુકીશું. અત્ર સ્થાને અમારે કહેવું જોઇએ કે ગ્રંથ પ્રસિદ્ધ કરનારાઓને અમારા ગુજરાતી બંધુઓ ઉત્તેજન આપવામાં બહુજ નિસ્પૃહતા દાખવે છે, તેઓ હોટેલમાં જઇ ચા-નાસ્તો ઉડાવવામાં મહીને બે પાંચ રૂ. ખર્ચી નાંખે, નાટય પ્રયોગો નિહાળવામાં ખર્ચ કરતાં આંચકો ખાય નહીં, બીડીઓ ફુંકવામાં ઉદારતાથી પૈસાનું બળીદાન આપે, પણ આઠ આનાનું પુસ્તક ખરીદ કરવું ગમે નહીં. આવી જ્યારે સ્થીતિ છે, ત્યાં સાહિત્યની વૃદ્ધિ અને ઉન્નતિ કેમ થાય? સારા ગ્રંથો પ્રસિદ્ધીમાં શી રીતે આવી શકે? અને ગ્રંથકારોનો દહાડો શી રીતે વળે? ઉત્તેજનના અભાવેજ ઘણા ગ્રંથો પ્રસીદ્ધીમાં આવવા પામતા નથી શોધકોનો સંગ્રહ અને લેખકોનો લેખ ભંડાર જેમનો તેમ પડી રહે છે, અને કદાચ પ્રસીદ્ધીમાં આવે છે, તો ગ્રાહકો ઘણા થોડાજ મળે છે, અને તેથી ગ્રંથ પ્રસીદ્ધ કર્ત્તાઓને પોતાના પુસ્તકની કીંમત કાંઇક ભારે રાખવી પડે છે. કેટલાક કહે છે કે ' ઉંચા કાગળ ને સુંદર છાપવાળાં અંગ્રેજી પુસ્તકો દળદાર છતાં ઘણા સસ્તા મુલ્યે વેચાય છે, ને દેશી ભાષાનાં પુસ્તકો તેવાં નહી છતાં કીંમત ભારે રાખવામાં આવે છે"

વાત ખરી છે. પણ તેનું ખરું કારણ એ છે કે, અંગ્રેજી
પુસ્તકોનો એક સામટો લાખો કોપીનો ઉઠાવ થઇ જાય છે,
એક નહીં પણ તેની અનેક આવૃત્તીઓ ખપે છે, તે
થી તેમને સસ્તી કીંમત રાખવાનું પાલવે છે.
જે દેશની પ્રજા કેલવણીમા આગળ વધી છે જે
દેશનો ખેડુત અને મજુર વર્ગ પણ વીદ્યા વીલાસી છે,
વાંચનનો શોખીન છે, અને કોઇ પણ નુતન પુસ્તક પ્રસીદ્ધ
થયું કે તે ખરીદીને વાંચવાનો જીજ્ઞાસુ છે, તે દેશના
ગ્રંથકારો ઉન્નત સ્થીતી ભોગવે એમાં કાંઇ આશ્ચર્ય નથી.
આ દેશમાં ગ્રંથકારોની દુર્દશા છે, ગ્રંથ પ્રસીધ્ધીના ખર્ચને
માટે પણ ઘણાને તાકડા થતા નથી, એટલે આશ્રય અર્થે
અર્પણ પત્રિકા સ્વીકારનારા શોધવા પડે છે, પુસ્તકો વળ-
ગાડવાને લાગવગ લગાડવો પડે છે, ખુશામત કરવી પડે છે;
અને એવો પ્રયત્ન કરતાં પણ પરીણામ નિરાશા ભરેલુંજ
આવે છે. આવું જ્યાં છે ત્યાં સાહીત્ય સમૃધ્ધીમાં વૃધ્ધિ થવી
કેમ સંભવે ? વળી લક્ષ્મીના લોભથી કે આશ્રયની અભી-
લાષાથી અર્પણ પત્રીકા આપવામાં યોગ્યાયોગ્યનો વિચાર
રાખી શકાતો નથી, અને તેથી ઘણીવાર કેલવણીના કટ્ટા
શત્રુ વીદ્યાના વિરોધી, માત્ર માનનીજ ક્ષુધા વાળા ડોળ
ઘાલુ શ્રીમાનોને અર્પણ પત્રીકા અપાતી જોઇએ છીએ,
કે જેઓને પુસ્તક વાંચવા-વિચારવાનો અવકાશ યત્કીંચીત
હોતો નથી, પુસ્તકનું રહસ્ય તપાસવાની તાકાદની તેમ-
નામાં અછત હોય છે, જેઓ રાત દીવસ ધંધાનીજ ધમા-
લમાં પડેલા હોય છે, અને ઘાંચીના બળદીઆની પેઠે
જેમનું જીવન કેવળ પ્રવૃત્તીમયજ ભાસે છે, તેવાઓને
પુસ્તક અર્પણ કરવાનું સાર્થક શું ? સાર્થક એજ કે અલ-
ભ્યુત, આશ્રય મળે, પરંતુ સુબોધ સુધા સીંચી તેમના સંતપ્ત

હૃદયને સીતળતા પમાડવાનો હેતુ તો નહીંજ હશે ? પુસ્તક અર્પણ કરવામાં એકલા શ્રીમાન કરતાં વિદ્વાન-જ્ઞાનવાન વ્હેવાર કુશળ અનુભવી પુરૂષની પસંદગી અમે અંગીકાર લાયક લેખીએ છીએ, કારણ કે તે કદાચ આર્થીક આશ્રય ન આપી શકે,-અપાવી ન શકે, પરંતુ પુસ્તકનું તત્વ તો તપાસી શકે, તેની યથેચ્છ કદર કરી શકે, અને કાંઇક રચનામાં ન્યુનતા હોય તો તે ખોટ પુરી પાડી શકે, પ્રેમ દ્રવ્યની નવાજેશ કરી પ્રોત્સાહન આપી શકે. તેવા પુરૂષની શોધમાં પુસ્તક છપાઇ ગયા છતાં પ્રસીદ્ધિમાં મુકવાને અસાધારણ વિલંબ થયો છે, તેને માટે અમને એક રીતે ખેદ થાય છે, ત્યારે બીજી રીતે અર્પણ પત્રીકા આપવાને અમને લાયક પુરૂષની પ્રાપ્તી થઇ, એ પુનીત પુરૂષે અમારી વાચજી સ્વીકારી, તેને માટે અમને સંપુર્ણ સંતોષ પ્રાપ્ત થયા વીના રહેતો નથી.


ઉક્ત પુસ્તક સુજ્ઞ વાચકોને બાહ્ય સુંદરતાથી કદાચ આકર્ષક નહીં જણાય, પણ તેનું અંતર તત્વ એવું હીતકર છે, કે જો તેને વાચકો પોતાના હૃદય મંદીરમાં સદાને માટે નિવાસ સ્થાન આપશે, તો તે તેમને અવશ્ય લાભ દાઇ થશે, અને હું પણ મારા શ્રમનું સાર્થકય થયેલું સમજીશ.

આ પુસ્તક જે સત્પુરૂષને અર્પણ કર્યું છે, તેમના ફોટા સાથે તેમનું જીવન ચરિત્ર સાથે જોડ્યું છે, આપણા દેશમાં

જીવન ચરિત્રો લખવાનો પ્રથા ઘણો થોડો છે, તેના પરી-ણામે ઉછરતી પ્રજાના આચરણને માટે ચોગરદમથી વિરૂધ્ધ પોકાર સાંભળવાનો પ્રસંગ આવ્યો છે, સત્પુરૂષોના ચરિ-ત્રનું વાંચન ઉછરતી પ્રજાને અપાતું હોય તો અવસ્ય તેમના મન ઉપર કાંઇ ઓરજ અસર થાય, તેમાં પણ હયાત પુરૂષોના ચારીત્રની સત્યતાની તો તેમના સમાગમમાં આવવાથી યથેચ્છ કદર થઇ શકે છે, અને લેખકે યતકીંચીત અતિશયોક્તી કરી નથી, એમ પ્રત્યક્ષ પ્રતિતી થાય છે. વળી જેના ચારીત્રમાંથી ધાર્મીક, નૈતિક અને સંસારિક સુબોધની પ્રાપ્તી થાય, એવું વાંચન આધુનીક સમયે ઉછરતી પ્રજાને આપવાની આવશ્યકતા છે, કારણ કે પ્રતીદીવસે ધર્મનો લોપ થતો ચાલ્યો છે, નીતિને તીલાંજલી અપાતી જાય છે, અને સંસારસ્થીતી અતિશે કથળતી ચાલી છે, આવા સંજો-ગોમાં અમોએ આપેલા વઇદરાજ ત્રંબકલાલ વિ. જટાશંકર ભટ્ટના સંક્ષીપ્ત જીવન ચરિત્રમાંથી વાચકોને વિચારવા યોગ્ય અને બોધદાતા ઘણું મળી શકશે. વળી એ પુરૂષ સાહિત્યના શોખીન છે, વિદ્યાના વિલાસી છે, એટલુંજ નહીં પણ પ્રાસાંગીક દુહા—સોરઠા અને નાની નાની દ્રષ્ટા-ન્તીક કથાઓનો તેમના હ્રદય ગૃહમાં એટલો બધો ભર પુર ખજાનો ભરેલો છે, કે તેમના તે જ્ઞાન વિભવથી આક-ર્ષાઇ આ પુસ્તક સાથે તેમનું પવિત્ર ચરિત્ર જોડવામાં અમે કૃતાર્થતા માનીએ છીએ.

આ પુસ્તકમાં સમાવેલા દુહા-સોરઠા પૈકી કેટલાક ઘણા સરળ છે, સહજ સમજાય તેવા છે, પણ કેટલાક કઠીણ છે, અને તેથી તેના અર્થ આપવાની અમારી ધારણા હતી પણ તેમ કરતાં વીસ્તાર વધી પડે એટલા માટે બીજા ભાગો પ્રસીધ્ધીમાં મુકયા પછી એ ધારણાને અમલમાં મુકવા ધાર્યું છે, હાલતો જે છે તે આઃ—

ગણેશ ચતુર્દશી ૧૯૬૮ | મોતીલાલ છોટાલાલ વ્યાસ.
મુંબઈ હીરાબાગ. | પ્રકાશક.



વૈદ્યરાજ ત્ર્યંબકલાલ વિ. જયાશંકર ભટ્ટ.

જન્મ વિક્રમાર્ક સંવત ૧૯૨૨ ના

કાર્તીક સુદી ૧

The Bombay Art Printing Works, Fort.

વૈદ્યરાજ શ્રીયુત ત્રંબકલાલ વી. જટાશંકર ભટ્ટનું સંક્ષીપ્ત જીવન ચરિત્ર.

પશ્નોરા જ્ઞાતિ વિદ્વાન અને શાસ્ત્રજ્ઞ હોવાનું સર્વત્ર સુપ્રસિધ્ધ છે, તેમાં વૈદ્યવિદ્યા એનો જાણે તેમની પોતાનીજ હોય, એમ એ જ્ઞાતિમાં ઉત્પન્ન થએલા કેટલાક ધન્વંતરી સમાન કુશળ વૈદ્યોએ સર્વથા સીદ્ધ કરી આપ્યું છે.

એ પશ્નોરા જ્ઞાતિમાં જે જે પ્રખ્યાત વૈદ્યો થયા છે, તેમાં વૈદરાજ જટાશંકર કેવળરામજી અગ્રગણ્ય વૈદ્યોમાંના એક છે, તેઓ વૈદ્ય વિદ્યામાં અતિ કુશળ અને અનુભવી હોવા સાથે પુરાણાદિ ધર્મ ગ્રંથોમાં અતી નિપુણ હોવાથી એક સમર્થ વિદ્વાન તરીકે આખા કાઠીઆવાડમાં તેમણે અદ્વીતિય કીર્તિ મેળવી છે, એટલુંજ નહીં પણ એક ધર્મનીષ્ટ મહાપુરૂષ તરીકે એ પ્રદેશના લોકો તેમના પ્રત્યે પુજ્ય ભાવ ધરાવે છે.

એ જટાશંકર ભટ્ટજીના વડીલોએ ભાવનગર નરેશના સિતળ-સુખદ રાજ્ય છત્ર નિચેના કુંડલા ગામમાં ઘણા કાળથી નિવાસ કરેલો છે. કુંડલા ભાવનગર રાજ્યનો એક સારો મહાલ છે, એ મહાલમાં કાઠી ગરાશીઆનો વસવાટ વિશેષ છે. તેમ તળ કુંડલામાં વાણીઆ બ્રાહ્મણ ઇત્યાદી ઉજળી વર્ણની વસ્તી છે, અને તેમાં કેટલાક સારા શ્રીમંતો છે, તેમ એ સ્થળે વ્યાપારધંધો ઘણો સારો

ચાલે છે, કુંડલાનું હાથના વણાવટનું કાપડ. અને લુહાર કામ વિશેષે કરી દેશ પરદેશમાં વખણાય છે. કાઠીઆવાડમાં કુંડલાનાં હવા પાણી અતી ઉત્તમ ગણાય છે.

કુંડલામાં એ મહાલને માટે ભાવનગર નરેશ તરફથી એક વહીવટદાર, એક ન્યાયાધીશ અને ફોજદાર ઇત્યાદી અમલદારો રહે છે. અને તેમને માટે કચેરીનાં ભવ્ય મકાનો બાંધેલાં છે, અને તેથી શહેરની શોભા વૃદ્ધિ પામી છે.

આવા એક શ્રેષ્ઠ સ્થાનમાં વૈદ્યરાજ જટાશંકર ભટ્ટજીના વડીલોએ નિવાસ કર્યો, અને પોતાની વૈદ્યવિદ્યા વડે રાજા પ્રજા ઉભયમાં માનનિય થઈ પડયા હતા. તેમાં શ્રીયુત જટાશંકર ભટ્ટજી પોતાની કાર્ય કુશળતા અને દક્ષતા વડે ઘણે દુર લગીના પ્રદેશમાં બહુ પ્રખ્યાતીને પામ્યા. તેમની ઉંચા પ્રકારની યોગ્યતાને લીધે ભાવનગરના ધર્મ ધુરંધર નૃપતિશ્રી, તેમના પ્રત્યે બહુ માનની દ્રષ્ટીથી જોતા રહ્યા છે.

શ્રીયુત જટાશંકર ભટ્ટજીનું અમરેલીના સુપ્રસિદ્ધ ભટ્ટ દયારામ સંતોષરામનાં પુત્રી શ્રીમતી ગંગાબા સાથે લગ્ન થયું હતું, એ દયારામ ભટ્ટ જોતિષ વિદ્યામાં આખા સૌરાષ્ટ્રમાં સર્વોત્તમ લેખાતા હતા, અને તેઓ પોતાની વિદ્વતા વડે ગુર્જર નરેન્દ્ર મહારાજા ગાયકવાડ તરફથી બહુ માન મેળવવામાં ફતેહમંદ થયા હતા. એવા એક વિદ્વાન અને પ્રતિષ્ઠીત કુટુમ્બ સાથેના સબંધથી કંચનપાત્રમાં સુધા ભરવા જેવું બલકે દુધમાં સાકર મળવા જેવું બન્યું.

જેવા શ્રીયુત જટાશંકર ભટ્ટજી પરમ પુનીત ધર્મનીષ્ટ મહાપુરૂષ છે; તેવાંજ બાશ્રીગંગાબા સુશીલ સાધવી

હતાં, અને પોતાની પરોપકાર વૃતિ તથા દયાળુ સ્વભાવથી સર્વ કોઇ તેમને સાક્ષાત લક્ષ્મીનો અવતાર ગણતાં હતાં, તેમને ચાર પુત્ર અને ત્રણ પુત્રીઓની પ્રજા થઇ, તેમાં જ્યેષ્ટ પુત્ર શ્રીયુત ત્રંબકલાલભાઇનો જન્મ સંવત ૧૯૨૨ ના કારતક સુદી ૧ ના માંગલીક દીવસે થયો હતો, હીંદુઓમાં બેસતા વર્ષનો એ પહેલો દીવસ છે, એ દીવસે સકળ ભારતવર્ષમાં સર્વત્ર આનંદોત્સવ થઇ રહે છે, એ શુભ દીવસે જન્મ થવાથી શ્રીયુત ત્રંબકલાલ ભાઇ એક ભવ્ય પુરૂષ તરીકે દીપી નીકળશે, સંપૂર્ણ ભાગ્યશાળી નીવડશે એવી સૌ કોઇએ ભવીષ્યવાણી ભાખી હતી, અને એતો ખરૂં છે કે સસ્કારી માતા પીતાને ઘેર પુણ્યાત્મા જીવોજ જન્મ લેછે, વૈદ્યરાજ ત્રંબકલાલભાઇના વડીલો-તેમના પિતા-પ્રપિતા કેવળ સરસ્વતિના ઉપાસક અને સાત્વિક વિભૂતિથી વિભૂષીત હોવાને લીધે તેમની પ્રજા ધર્મશીલ અને સજ્જનતાથી યુક્ત હોય એ સ્વભાવિક છે; અને તે વાતની શ્રીયુત ત્રંબકલાલભાઇએ પોતાના ઉત્કૃષ્ટ અને અદ્યાપી પર્યંતના ઉજ્વળ ચારિત્રથી સર્વાંશે સીદ્ધતા કરી આપી છે.

શ્રીયુત ત્રંબકલાલભાઇએ શરૂઆતે કુંડલાની દરબારી શાળામાં કેલવણી લીધી હતી. ગુજરાતીનો અભ્યાસ પુરો કરી સંસ્કૃત ભાષાનો અભ્યાસ આરંભ્યો, એ વિદ્યાતો એમના ઘરનીજ હતી, તેમના પુજ્ય પીતાજી પાસેથીજ તે સંપાદન કરવાની પ્રગતિમાં તેઓ પ્રેરાયા, અને તેમની પાસેથી વ્યાકરણ સાહિત્ય અને આયુર્વેદનું યથેચ્છ અધ્યયન કર્યું. સંસ્કારી અને વિદ્વાન પિતાના હાથ નીચે શીક્ષણ લેવાથી તેમની જ્ઞાન વિભુતિનો પુર્ણ લાભ પ્રાપ્ત થાય એમાં કંઇ આશ્ચર્ય નથી, તેમાં પવિત્ર માતા પિતાના હાથ

નીચે ઉછરનાર સંતાનોની સુકોમલ હૃદયભૂમિમાં એવું બીજારોપણ થાય છે કે ભવીષ્યમાં તેમની નીતિ રીતિ ઉત્કૃષ્ટ અવલોકવાનો અવસર આવે છે, જે ગૃહ-મંદીરમાં સર્વદા સજ્જનતાનો નિવાસ છે, સભ્યતા, વિવેક-વિનય ઇત્યાદી વસેલાં છે, અને ધર્મ નિતી, દયા અને ઉદારતા વડે જે ગૃહરાજ્ય ઝળાં ઝળાં થઇ રહ્યું છે, તે સ્થાને ઉત્પન્ન થએલાં -ઉછરેલાં સંતાનો સારા સ્વરૂપે દર્શન દેછે, જન મનનાં શાન્તીદાતા-સુખદાતા થઇ પડે છે, એ વાતની વૈદ્યરાજ ત્રંબકલાલભાઇના ઉદાહરણથી પ્રત્યક્ષ પ્રતિતિ થાય છે.

વૈદ્યરાજ ત્રંબકલાલ ભાઇએ પિતાની પાસેથી યોગ્ય જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી રામાનુજ સંપ્રદાયના આચાર્યશ્રી કમળ નયનજી મહારાજ પાસે અધીક અભ્યાસ કર્યો હતો, એ મહાત્માનું સ્થાન જૂનાગઢમાં છે, તેઓ કેટલોક વખત કુંડલામાં આવી રહ્યા હતા, તે તકનો શ્રીયુત ત્રંબકલાલ-ભાઇએ લાભ લઇ પોતાના સંસ્કૃત ભાષાના તથા વૈદ્યકીય જ્ઞાનમાં અભિવૃદ્ધી કરી હતી, મહારાજશ્રી કમળનયનજી પટ્ શાસ્ત્રમાં જેમ નિપુણ હતા, તેમ તેમનું સાધુત્વ અનુપમ હતું. એવા પુનિત મહાપુરૂષનો પ્રસંગ અપુર્વ લાભદાતા થાય છે, વૈદ્યરાજ ત્રંબકલાલ ભાઇએ તેમને સેવ્ય તરીકે સ્વીકારી પ્રેમ ભાવનાથી એવી સારી સેવા બજાવી કે જેથી એ મહાત્માની પૂર્ણ પ્રસન્નતા અને કૃપા મેળવવાને શકતીવાન થયા, અને તેમની પાસેથી એવી પ્રસાદી પ્રાપ્ત થઇ કે જેનો આવિર્ભાવ અદ્યાપી લગીમાં ઉત્તમ સ્વરૂપે દ્રષ્ટીગોચર થયા વિના રહ્યો નથી, મહાત્માની સેવા, તેમના પ્રત્યે ધરાવેલી પુજ્ય બુદ્ધી, અને તેમણે આપેલો આશિર્વાદ સર્વથા સુફળ દાતાજ થાય છે એમ વૈદ્યરાજના દ્રષ્ટાન્તથી સ્પષ્ટ સમજાય છે.

વૈધરાજ ત્રંબકલાલ ભાઈએ પોતાનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી પોતાના પુજ્ય પીતાશ્રીના હાથ નીચે અનુભવ લેવાની શરૂઆત કરી, વીધા ગમે તેટલી સંપાદન કરી હોય, પણ મનુષ્યને અનુભવની આવશ્યકતા છે. અને લાયક પુરૂષના હાથ નીચે મળેલો અનુભવ એકલા વિદ્વાન કરતાં અધીક લાભદાયી નિવડે છે. શ્રીયુત જટાશંકર ભટ્ટજી વિદ્વાન અને અનુભવી વૈદ્ય તરીકે આખા કાઠીઆવાડમાં પ્રસિદ્ધીને પામેલા હતા, તેથી ઘણાક દુરના પ્રદેશના દરદીઓ તેમની પાસે ઔષધોપચાર અર્થે આવતા હતા, તેમ બહાર ગામથી આમંત્રણ થતાં અનેક ઠેકાણે જવા આવવાના પ્રસંગ આવતા હતા, તેમાં પછી વૈદ્યરાજ ત્રંબકલાલભાઇએ ઉત્સાહ પુર્વક ભાગ લેવા માડયો, અને ધીમે ધીમે ઘણી સારી પ્રવીણતા મેળવી. શ્રીયુત જટાશંકર ભટ્ટજીની વૈદક્રિય કુશળતા એવી હતી કે, ઘણા અસાધ્ય વ્યાધીગ્રસ્ત દરદીઓને તેમના ઔષધોપચારથી આરામ થતો હતો, આરામપામનારાઓએ આપેલાં પ્રમાણ પત્રો-પ્રસંશા પત્રોમાં તેમને માટે પોતાનો ઉત્તમ અભિપ્રાય પ્રદર્શિત કર્યો છે, ક્ષય સંગ્રહણી, સંનીપાત, ઈત્યાદી મહાન વ્યાધીઓ તેમની સારવારથી નિવૃત થયાનું એ પ્રમાણ પત્રો પ્રત્યક્ષ બતાવે છે, તેમની આવી વૈદક્રિય અદ્દભૂત શકિતને લીધે શેઠ શાહુકારોમાં, રાજવંશી કુટુમ્બોમાં, અને ખુદ ભાવનગર નરેશ મર્હુમ મહારાજા સર. તખ્તસિંહજી સાહેબ બહાદુરના પ્રસંગમાંતેઓ આવ્યા હતા, અને પૂર્ણ માન પામ્યા છે. એવા પણ દાખલા બન્યા છે કે અનેક વૈદ્ય ડાકટરોની દવા કરીને કંટાળવા છતાં વ્યાધી મુકત ન થયાથી છેવટ થાકીને ઘણા દરદીઓ વૈદ્યરાજ જટાશંકર ભટ્ટજીની પાસે આવતા-અને તેમના ઔષધો-

પચારથી તેમનો વ્યાધી નીર્મુળ થયો, ભાવનગરના મર્હુમ નરેશ મહારાજા તખ્તસીંહજીનાં મહુવાવાળાં મહારાણીશ્રી બાશ્રી રાજબા સાહેબને ક્ષયનું ભયંકર દરદ લાગુ પડ્યું હતું, તાવ અને ઉધરસની સાથે છાતીમાંથી લોહી પડતું હતું, તેઓશ્રીની બચવાની આશા બીલકુલ નહોતી, આવા સંજોગોમાં સલાહ લઈ ઔષધોપચાર કરવાને વૈદરાજ જટાશંકર ભટજીનું નામ તેમની સમક્ષ રજુ કરવામાં આવ્યું. અને તેને શ્રીમત મહારાજા સાહેબે અનુમતિ આપી, એટલે ગંગાસ્વરૂપ બા સાહેબે પોતાને પીએર મહુવે પધારી વૈદરાજ જટાશંકર ભટજીને મુદ્દામ માણસ મોકલી માન પુર્વક તેડાવ્યા, અને તેમની દવા શરૂ કરી, જેના પરીણામે ઉક્ત વ્યાધી તદન નાબુદ થયો અને તેઓશ્રીની તંદુરસ્તી સંપુર્ણ સુધારા પર આવી. એ વીશે બા સાહેબે પોતાના સ્વહસ્તે પ્રમાણ પત્ર લખી આપી વૈદરાજ જટાશંકર ભટજીને ધન્યવાદ આપ્યો છે.

મહુવાવાળાં બા સાહેબને આરામ થયાથી તેમણે વૈદરાજ જટાશંકર ભટજીનો બહુ સારો સત્કાર કર્યો હતો, એટલુંજ નહીં પણ મર્હુમ સર. તખ્તસીંહજી મહારાજા સાહેબે તેમની યોગ્ય કદર કરી, રાજવૈદ્ય તરીકે તેમને સ્વીકારી રાજકુટુમ્બમાં જરૂર પડે ત્યારે વૈદરાજ મોસુફની દવા લેવાને સર્વને ભલામણ કરવાની મહેરબાની બતાવી હતી; વૈદરાજ ત્રંબકલાલભાઈ આવા મહત્વના કેસોમાં પોતાના પુજ્ય પીતાશ્રી સાથે હમેશાં સામેલ રહેતા, અને તેથી તેમના જ્ઞાન અનુભવમાં પણ ઓર અધીક ઉમેરો થયો, તેમ પ્રસંગોપાત પીતાશ્રીની સાથે ભાવનગર તથા મહુવા ઈત્યાદી સ્થળે જવાનું થતાં રાજકુટુમ્બ અને અધીકારી વર્ગના

થાડા પરીચયમાં આવ્યા, અને તેમની સજ્જનતાને લીધે સ્નેહી સબંધી અને મિત્રોની સંખ્યા વૃદ્ધી પામી, અને સર્વ તેમને ચહાવા લાગ્યા. જોકે અદ્યાપી પર્યંત તેમનું સ્વતંત્ર કૌશલ્ય દેખાયું નહોતું, પણ પછી તેઓએ પણ સ્વતંત્ર ધંધો હાથ ધરી, પોતાની બુદ્ધી-શક્તીનો ઉપયોગ કરવા માંડ્યો.

વૈદ્યરાજ જટાશંકર ભટ્ટજી જોકે પૂર્ણ પ્રખ્યાતિને પામ્યા હતા, પણ તેઓશ્રીએ નુતન પદ્ધતિ ઉપર સુવ્યવસ્થીત દવાશાળા સ્થાપવાની અગત્ય સ્વીકારી નહોતી. વૈદ્યરાજ ત્ર્યંબકલાલભાઇએ કુંડલામાં તેની સ્થાપના કરી, અને સ્વલ્પ કાળમાં તેઓ તળ કુંડલામાં તેમ આસપાસના પ્રદેશમાં આકર્ષક થઇ પડ્યા. કુંડલામાં તેઓ ધમધોકાર દવાશાળા ચલાવતા હતા, તે અરસામાં મુંબઇમાં સુપ્રસિદ્ધ વૈદ્યરાજ પ્રભુરામ જીવનરામે યજ્ઞ કર્યો, એ પ્રસંગે સગપણના સંબંધથી વૈદરાજ ત્ર્યંબકલાલભાઇનું મુંબઇમાં પહેલીજ વાર આગમન થયું. કાઠીઆવાડ બહાર પગ મુકવાનો આ પહેલોજ પ્રસંગ હતો, આ અલબેલી નગરીની રમ્ય રચના અને ઔદ્યોગીક પ્રવૃત્તિથી તેમના મન ઉપર ઉત્તમ છાપ પડી, એટલુંજ નહીં પણ માણસને પોતાની બુદ્ધી-શકતી ખીલાવી પૈસા અને પ્રતીષ્ટા પ્રાપ્ત કરવાનું આ ક્ષેત્ર અદ્વીતિય છે, એમ પણ તેમને માલમ પડ્યું. પરંતુ યજ્ઞ સમારંભ પૂર્ણ થયા પછી તેઓ પાછા સ્વદેશ સીધાવ્યા.

ઉકત પ્રસંગે તેમનું મુંબઇમાં રહેવું થયું, તે અરસામાં તેમણે મુંબઇના સુપ્રસીદ્ધ શેઠ ગોકળદાસ માધવજીના સત્પુત્ર શ્રીયુત મથુરાંદાસ શેઠને પગે "ખરજવું હતું," તેની દવા કરી, અને એ દરદ મટાડ્યું, ત્યારથી એ

પ્રતિષ્ટીત અને શ્રીમાન કુટુમ્બના પરિચયમાં આવ્યા હતા, પણ તે વખતે અધીક નિકટના સંબંધમાં આવવાનું થશે, તેમ મુંબઈ સદાને માટેનું નિવાસ સ્થાન થઇ પડશે, એવું તેમણે ભાગ્યેજ ધાર્યું હશે. અને એનો ખરૂં છે કે હાલ રેલવે તથા સ્ટીમરનાં શ્રેષ્ટ સાધન છે, એટલે મુંબઇની મુસાફરી ઘર આંગણા જેવી થઇ પડી છે, બાકી જ્યારે એ સાધનનો અભાવ હતો, ત્યારે અત્યારે વિલાયત જવું જેટલું વિકટ લાગે છે તેટલુંજ મુંબઇ આવવામાં તે કાળે વિકટ જણાતું હતું; આટલું છતાં પશ્નોરા જ્ઞાતીમાંથી મુંબઇ આવી પ્રતીષ્ટા જમાવનાર પહેલા મહાપુરૂષ વૈદરાજ પ્રભુરામ જીવણરામ અને તેમના આત્મબંધુ બ્રહ્મનિષ્ટ મહાત્મા શ્રી જયકૃષ્ણ મહારાજ હતા, તેમના પછી અનુક્રમે અન્ય ગૃહસ્થોએ મુમ્બાપુરીનો આશ્રય લીધો છે. પણ પ્રથમ પહેલ કરનાર તરીકે તો તેમનેજ ધન્યવાદ ઘટે છે,

વૈદરાજ ત્રંબકલાલભાઇ મુંબઇથી કુંડલે ગયા પછી, તેમણે કુંડલાના પોતાના દવાખાનાને મુંબઇની પદ્ધતિ ઉપર મુકવાનો પ્રયાસ કર્યો હતો, અને તેમાં તેઓ ફતેહમંદ થયા હતા. તેમની વૈદકિય કુશળતાની ખ્યાતી સાંભળીને, ભાવનગર રાજ્યના રેવન્યું અધિકારી, વજીર સાહેબ હરીસીંહજી જેસાભાઇએ પોતાને મધુમેહનો વ્યાધી હતો, તેના ઉપચારને અર્થે વૈદરાજ ત્રંબકલાલભાઇને ભાવનગર તેડાવ્યા, અને તેમની દવા શરૂ કરી, વૈદરાજની નીતિ, રીતીને પ્રકૃતિથી વજીર સાહેબ અતી પ્રસન્ન થયા, અને તેમને પોતાની સાથેજ દીસ્ત્રીકટમાં રાખ્યા. વૈદરાજ ત્રંબકલાલભાઇના ઔષધથી વજીર સાહેબનો વ્યાધી નીવૃત

થયો, આવી રીતે મોટા અને પ્રતીષ્ટાત પુરૂષોના પ્રસંગમાં આવ્યાથી તેમની પ્રખ્યાતિ વધી, અને તેથી-બોટાદના નગરશેઠ હરીલાલભાઇ જેઓ ઉદરના વ્યાધીથી દશ વર્ષ થયાં પીડાતા હતા, તેમણે વૈધરાજ ત્રંબકલાલભાઇને ઔષધોપચાર વાસ્તે તેડાવ્યા, તેમની સારવારથી શેઠ માસુફને આરામ થયો. અને જે વ્યાધી બીજા વૈધ ડાકટરોથી નાબુદ થયો નહોતો, તે તેમની દવાથી તદન મટી ગયો.

વૈધરાજ ત્રંબકલાલભાઈની વૈદકિય જ્ઞાન વિભૂતીનો અમને પોતાને પણ ખાસ અંગત અનુભવ થયો છે. સવંત ૧૯૫૦ ની સાલમાં અમારી પહેલીવારની ગૃહિણીને શરૂઆતે તાવ ઉધરસનો વ્યાધી લાગુ પડી તેણે એવું ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું કે, તેની બચવાની આશા સૌએ છોડી દીધી હતી, તેનું સર્વાંગ શ્વેત પુણી જેવું. થઇ ગયું હતું. તેની રગોમાં લોહીનું એક બીંદુ પણ રહ્યું નહોતું, ખાંસીનું જોર એટલું બધું હતું કે તેના પેટમાં ટીંપુ પાણી પણ ટકવા પામતું નહીં. આવી સ્થીતિમાં અમારો નિવાસ એવા અરણ્યવત સ્થાને હતો, કે જ્યાં કુશળ વૈદ હકીમ કે દાકતરનાં દર્શન દુર્લભ ! કદાચ ઉંટ વૈદ મળે કે જેમના હાથે ઓડનું ચોડ થાય છે, અને તેમના ઉપચારથી બીચારા ઘણા દરદીઓ વીના મોતે સ્વર્ગવાસ પામી જાય છે. આ સ્થીતીમાં અમારી મુઝવણનો પાર નહોતો, દરમ્યાન પ્રારબ્ધયોગે વજીર સાહેબ હરીસીંહજીભાઇનો મુકામ નજીકના જેસર ગામે થયો, વૈધરાજ ત્રંબકલાલભાઇ તેમની સાથે હતા, અકસ્માત અમારૂ વજીર સાહેબની મુલાકાતે જવું થતાં વૈધરાજના

દર્શનનો લાભ મળ્યો, તેમની સાથે પહેલોજ મેળાપ છતાં પ્રેમ પૂર્વક અમારૂ આતિથ્ય કર્યું. અને તે દીવસે મુત્સદી મંડળની મીજબાની હતી, તેથી રાત રહેવાને અત્યાગ્રહ કર્યો, મેં મારી સત્ય સ્થીતિનું વૃતાંત તેઓશ્રીને જણાવ્યું. તેમણે તે યથાસ્થિત સાંભળી મને ધીરજ, હીંમત અને આશ્વાસન એવું આપ્યું, કે ગૃહિણીનો અસાધ્ય વ્યાધી જાણે તેમના શબ્દામૃતથીજ નિર્મુળ થઇ ગયો હોય, એવી મારા સંતપ્ત હૃદયને શાન્તી વળી. બીજે દીવસે અપાર શ્રમ લઇ તેઓ જાતે જોવા પધાર્યા, અને રોગનું નિદાન કરી દવા આપી. તેમની દવાથી એકજ દિવસમાં યત્કીંચીત આરામ જણાયો, અને અઠવાડિયામાં તો બહુ સારી રીતે ફેર પડ્યો. વજીર સાહેબનો મુકામ જેસરથી વંડા તરફ દુર ગયો હતો. ત્યાંથી બીજીવાર વૈદ્યરાજે આવી પ્રકૃતિ તપાસી ઔષધ આપ્યું. એકંદર એકવીસ દીવસની તેમની દવાથી રોગ સદંતર નિમુળ થઇ ગયો. આપણામાં એક કહેવત છે કે "વૈદ વકીલને વેશ્યા ત્રણે રોકડીયાં" પણ એ કહેવત અધીક પરીચય નહીં છતાં ઉક્ત વૈદ્યરાજે અમારા સબંધમાં કેવળ ખોટી પાડી આપી, અને દુનિયાંમાં પરમાર્થ વૃતીથી નિસ્વાર્થપણે ઉપકાર કરનારા સત્પુરૂષો છે, એમ તેમણે પોતાના દ્રષ્ટાન્તથી સિદ્ધ કરી આપ્યું છે. જો કે તેઓશ્રીના ઉપકારના બદલામાં "ફુલ નહીં તો ફુલની પાંખડી" તૂલ્ય યથાશકિત ભેટ ધરવાનો વીચાર મેં કર્યો હતો, પણ મારો એ વિચાર સ્નેહ સરિતાના અસ્ખલિત પ્રવાહને પ્રતિ બંધક થશે એવો તેમણે દાબ દેખાડ્યાથી લાચારી સાથે તેને અમલમાં મુકતાં હું અચકાયો હતો. પણ તેજ વખતે મારી પ્રતિતી થઇ હતી કે એ કોઇ ઉદાર ચિત્ત દેવી મહાપુરૂષ છે, અને

૪૫૧૭

પૈસાની ક્ષુધા રાખનારા નથી, પણ સ્નેહ સુધાના જીજ્ઞાસુ હોય પ્રત્યેકને પ્રેમામૃતનું પાન કરાવી ઉપકાર ભાવના દર્શાવવામાંજ કૃતાર્થતા માને છે, ખરેખર બલિહારી આવા સત્પુરૂષોનેજ છે.

બોટાદના નગર શેઠ હરીલાલભાઈની વૈદરાજ ત્રંબકલાલ ભાઇ દવા કરતા હતા, તે અરસામાં કાઠીઆવાડમાં આવેલા વણોદના મર્હુમ દરબારશ્રી હયાતખાનજીની તબીયત બીમાર હતી, અને તેમણે સારવાર માટે મહાન વૈદરાજ પુજ્ય પ્રભુરામ જીવનરામને ખાસ મુંબઈથી તેડાવ્યા હતા, તેમના ઔષધોપચારથી દરબારશ્રીને કાંઇક આરામ થયો, પણ કેટલોક વખત એક સારા વૈદની દેખરેખ નીચે રહેવાની તેમણે સલાહ આપી. દરબારે તેઓશ્રી પાસે એવા વૈદની માગણી કરી, તેથી પોતાના પ્રતીનિધી તરીકે તેમણે વઇદરાજ ત્રંબકલાલભાઈની પસંદગી કરી, અને તેમને તેડાવી વણોદ મોકલ્યા. વણોદ દરબારશ્રી આઠ વર્ષથી વ્યાધી ગ્રસ્થ હતા, હરીફરી શકતા નહોતા, તે વઇદરાજ ત્રંબકલાલભાઇની સંભાળ ભરી સારવારથી પુર તંદુરસ્તીમાં આવ્યા, અને વઇદરાજ પુજ્ય પ્રભુરામભાઇની પસંદગી પ્રસંસા પાત્ર ઠરી. દરબારશ્રીનું આરોગ્ય સુધર્યા પછી વઇદરાજ ત્રંબકલાલભાઈ સાથે તેઓ હવાફેર માટે મુંબઇ પધાર્યા, અને ત્રણ માસ મોહમયિમાં તેમને ફેરવી પાછા વણોદ લઇગયા, અને પછી વઇદની યાવત આવશ્યકતા નહોવાથી તેમણે દરબારશ્રી પાસે રજા માગી. દરબારશ્રી તેમને છોડવાને મુદલ ખુશી નહોતા, કારણ કે શારીરીક સુધારણા સાથે માનસીક પ્રફુલ્લતાનો વઇદરાજથી તેમને લાભ મલતો હતો, તેમની રમુજી વાતોચીતોથી દરબારશ્રીને

આનંદ થતો હતો. વળી વિદ્વાન સાથે તેઓ અનુભવી હોવાથી રાજકાજમાં પણ તેમની સલ્લાહ ઉપયોગી થતી હતી. અત્યાગ્રહ છતાં વઇદરાજે વણોદ જેવા નાના સ્થળમાં રહેવાનું પસંદજ ન કર્યું, ત્યારે સંપુર્ણ સદ્ભાવ સાથે તેમનો યથેચ્છ સત્કાર કરી દરબારશ્રીએ વિદાયગિરી આપી; નાનાં અગર મોટા દેશી રાજ્યોમાં ઘણી જગ્યાએ અનેક પ્રકારની ખટપટ હોય છે, એટલે એવા સ્થળે કુશળ પુરૂષ હોય તેજ પુર્ણ પ્રતિષ્ટા પ્રાપ્ત કરી શકે, અને સઘળાં નો એક સરખો પ્રેમ મેળવી માનપાન સાથે છુટા થાય. શ્રીયુત ત્રંબકલાલભાઇએ વણોદ છોડ્યું, ત્યારે તેમનાથી જુદા પડવા માટે સંસ્થાનીક, રાજકુટુમ્બ, મંત્રીમંડળ અને પ્રજા એ સૌને એક સરખી દીલગીરી ઉપજી હતી, એટલુંજ નહીં પણ કેટલાંક જાહેર વર્તમાન પત્રોમાં તેમની પ્રસંસાના લેખો પ્રસિદ્ધ થયા હતા.

વઇદરાજ ત્રંબકલાલ ભાઇ વણોદથી છુટા થયા, તે અરસામાં ભાવનગરના મહારાજા સર. તખ્તસીંહજી બહાદુરે કૈલાસવાસ કર્યો, અને હાલના મહારાજા શ્રીમંત ભાવસીંહજી સાહેબ બહાદુર તખ્તે બિરાજ્યા, તેઓ નામદાર જ્યારે યુવરાજ પદે હતા, ત્યારે વઇદરાજ ત્રંબકલાલભાઇ તેઓશ્રીના પ્રસંગમાં આવેલા, એટલુંજ નહીં પણ તેઓ નામદારને પગે ખરજવું હતું, તેની ફીકત વઇદરાજે દવા કરી હતી, આવા પ્રકારના પરિચયને લઇને એ કદરદાન નરેશે તખ્તારૂઢ થતાંની સાથે વઇદરાજ ત્રંબકલાલભાઇને યાદ કર્યા, ઘણું કરીને કેટલાક પોતાની પુર્વ સ્થીતિમાં જેઓ સબંધમાં આવ્યા હોય, તેમની સ્થિતિ બદલાયા પછી સદન્તર ભુલી જાય છે, બલકે ઉંચાધિકારે પહોચ્યા પછી તો

તેમના પ્રતો દ્રષ્ટી ફેંકવાની પણ દરકાર કરત નથી, પણ ભાવનગરના ભૂપતિ મહારાજા સર. ભાવસીંહજી બહાદુરની નિતી તેથી તદ્દન નીરાળી છે, તેઓ નામદાર તો એક દીન મનુષ્યને પણ પોતાની દ્રષ્ટી બહાર રાખતા નથી. દરેકને સંભારે છે ને સંભાળ પણ લે છે. વૈદરાજ ત્ર્યંબકલાલ ભાઇને સંભારીને તેઓ નામદારે પોતાની હજુરમાં બોલાવ્યા, શ્રીમંત મહારાજા સાહેબ સર્વ વિદ્યા-જ્ઞાન પ્રાપ્ત કરવાની અભિલાષા રાખનારા છે, તેથી આયુર્વેદનો અનુભવ કરી વૈદ્યકિય પ્રયોગો શીદ્ધ કરવાને વૈદરાજને સદા પોતાની સમીપજ રાખતા હતા, અને સ્વારીમાં પણ સાથેજ ફેરવતા. લગભગ ચાર વર્ષ જેટલી લાંબી મુદત હજુરમાં રહી તેમણે શ્રીમંત મહારાજા સાહેબનો સંપુર્ણ પ્રેમ વિશ્વાસ મેળવ્યો હતો, ઓ વૈદરાજના વાર્તા લાપથી શ્રીમંતને આનંદ ઉપજતો હતો, શ્રીમંતની તેમના પ્રતે અઢળક મમતા હતી, અને તેથી કદાચ તેમણે રાજકિય પ્રવૃતિમાં પ્રેરાવા ધાર્યું હોત, તો શ્રીમંતની કૃપાથી તેમ બનવું સંભવિત હતું. પરંતુ તેમણે તે તરફ તદ્દન નિસ્પૃહ રહી પોતાની બુદ્ધી-શકતીનો મુંબઇ જેવા મહાન ક્ષેત્રમાં ઉપયોગ કરી આજીવિકા ચલાવવાને ઉચિત ધાર્યું. અને શ્રીમંત પાસે સવિનય યાચના કરી, પરસપરની માયાકુળ લાગણી સાથે છુટા થયા.

ભાવનગર છોડીને વૈદરાજ ત્ર્યંબકલાલભાઇ મુંબઇમાં આવ્યા, અને પ્રારંભે સુપ્રસિદ્ધ ભાટીયા શ્રીમાન્-શેઠ ગોકળદાસ માધવજીના ઘર વૈદ તરીકે યોજાયા. શ્રીયુત ગોકળદાસ શેઠ વ્યાપાર કાર્યમાં કુશળ વિર પુરૂષ હતા. તેમ જ્ઞાન-અનુભવના ભંડાર રૂપ ગુણિયલ ગૃહસ્થ હતા. વળી મનુષ્ય

પરિક્ષા કરવાની તેમની નિપૂણતા નમુનેદાર હતી, આવા લાયક અને ખાનદાન ગૃહસ્થની કસોટીમાંથી વૈદરાજને મંગળા ચરણમાંજ સુભાગ્યે પસાર થવાનો પ્રસંગ આવ્યો, તેમાં સોટચની તેમની તુલના થઈ, બલ્કે એ કરતાં પણ અધીક કીંમત અંકાઈ. અને તેથી શેઠ મોગુફના સ્વલ્પ સમયમાં સંપૂર્ણ પ્રિતિ પાત્ર થઈ પડયા. એક તો વૈદરાજ લાયકા-તથી યુકત હતા, અને શ્રીયુત ગોકળદાસ શેઠમાં આમ જનને સારા કરી દેખાડવાનું સુલક્ષણ હતું, તેથી વૈદરાજના આત્મ બળને અધીક પોષણ મળ્યું, અને મુંબઇમાં બહાર પડવાનો પ્રસંગ આવ્યો. અને ધીમે ધીમે શેઠશ્રી ગોરધનદાસ ખટાઉ મકનજી, અને બીજા ભાટિયા ગૃહ-સ્થોમાં પ્રતીષ્ટા અને લાગવગ જામી, અને તે પછી તેમણે સ્વતંત્ર દવાખાનું ઉઘાડવાની આવ શ્યકતા સ્વીકારી.

રાજ દરબારમાં રહી પ્રેમ વિશ્વાસ પ્રાપ્ત કરવાને, પ્રતિષ્ઠા મેળવવાને જેટલી સાવધાનીની જરૂર છે, ઉંચ વર્તનની આવસ્યકતા છે, તેટલીજ બલ્કે તેથી પણ વિશેષ યોગ્યતા શ્રીમાનોના ઘરમાં પ્રવેશ કરનારમાં જોઇએ, બલકે એવાઓના કુટુમ્બના ઘાડા પ્રસંગમાં આવનારની રહેણી કરણી ઉત્કૃષ્ટ હોય, તોજ તેની કારકિર્દી દીપી નીકળે, અને વિશ્વાસનિય થઇ પડે. મુંબઇના શ્રીમાનોમાં વૈદરાજ ત્રંબકલાલભાઇ વિશ્વાસનિય થઇ પડયા છે, એટલુંજ નહીં પણ સૌ કોઇ પુજ્ય ભાવના-પ્રેમ ભાવના તેમના પ્રત્યે ધરાવે છે, તે તેમની નિર્મળ રહેણીકરણીનું જ પરિણામ છે.

મુંબઇ જેવા વિશાળ ક્ષેત્રમાં કે જ્યાં કુશળ વૈદ અને દાકતરોની બહોળી સખ્યાનાં સુંદર અને આકર્ષક બોર્ડો દ્રષ્ટીગોચર થાય છે, ઘણાઓ અલંકારી ભાષાની જાહેર ખબરો દ્વારે પ્રસિદ્ધીમાં આવવાનો પ્રયત્ન કરે છે, કેટલાક છુટા હાથે હેંડબીલો વહેંચાવી અર્થ સાધવાનો યત્ન કરે છે, એવા સ્થાનમાં કોઇ પણ પ્રકારનું ધાંધલ કર્યા વગર કેવળ પોતાની બુદ્ધી-શક્તીથી પ્રસિદ્ધીને પામી બાહોશ અને પતિષ્ઠીત વઇદ તરીકે નામના મેળવવી એ કાંઇ સહેલું નથી, છતાં વઇદરાજ ત્રંબકલાલભાઇ તેમાં વિજયવંત થયા છે અને તેનું કારણ એટલુંજ કે ઘણા ભયંકર અને અસાધ્ય વ્યાધીગ્રસ્ત મનુષ્યોને તેમના યશસ્વિ હાથે આરામ થયો છે, તેમની વૈદકિય ઉંચા પ્રકારની યોગ્યતાને માટે પુષ્કળ પ્રમાણ પત્રો મળ્યાં છે, તેમ છાપાઓમાં પણ અભીપ્રાય દર્શક લેખો પ્રસિદ્ધ થયા છે. જોકે તેમના સબંધનાં એ સઘળાં પ્રમાણ પત્રો અત્ર સ્થાને આપવાને અવકાશ નથી, છતાં કેટલાંક એવાં છે કે જેમાંથી થોડાંક અવતરણમાં આ ઠેકાણે લીધા વિના અમને ચાલતું નથી.

સરટીફીકેટ.

" હું મોદી પ્રાગજી દીયાળ જ્ઞાતિ કપોળ વાણીયા રહેવાસી કુંડલા-સાવર, સામા પાદરના ઘણાજ માનથી આ સરટીફીકેટ લખી આપું છું કે મને જાતે સંવત ૧૯૪૦ ના કારતીક માસમાં કુષ્ટોપદંશનો મહા વ્યાધી થયેલો, જેમાં પ્રથમ ઉપદંશ થયેલ, તેથી શરીરમાં છીદ્ર પડેલાં અને મહા ભયંકર વ્યાધી થયેલો જેથી કેટલાક દેશી વૈદનાં તથા કુંડલાના તથા બીજા ડાકટરોના કેટલાક ઉપાયો કર્યા,

પરંતુ આરામ થવાને બદલે શરીરમાં રોગનો જોર વધારો થવા માંડયો, જેથી શરીર તમામ ખરાબ થઈ ગયું, અને હાથ પગનાં આગળાંના નખનીકળી તે ઠેકાણે ચુવા લાગ્યું, અને હાથ પગના સાંધા દુખવા લાગ્યા, અને તેની સાથે વીસ્ફોટક તથા ગળતપીતનો વ્યાધી જણાવા માંડયો. છેવટે શરીર તમામ લાસ ગયું, અને કોઈ પાસે બેસવા આવે નહી, એવી સ્થીતી થઈ, જેથી વીચાર કર્યો કે કોઇ ઉપાયથી આરામ ન થયો તેથી કદાચ જુલાબથી આરામ થવાનો હોય ને થાય, તો એમ ધારી જુલાબ લેવાનું શરૂ કર્યું. પરંતુ મારાં કમ નસીબને લીધે પંદરજુલાબ મારા પેટ

માં રહ્યા, તેમાં દશ જુલાબનો ડાકટર સાહેબેજ આપેલા હતા, જ્યારે જુલાબ ન લાગ્યા, ત્યારે હું દરદથી મુકત થવામાં બે હોંશ થયો. અને ઓસડના પણ કંટાળો આવવા લાગ્યો, અને કયાંક બાહેર જવા વીચાર કર્યો, પરંતુ ઘરનો ગરીબ જેથી બાહેર જવાને જરા પણ શકતીવાન થઇ શકયો નહી, અને મારા ઘરનો કારભાર પણ મારા ઉપરજ હતો. જેથી મારી વીધવા માને પણ પ્રલયકાળ જેવું લાગવા માંડયું, અને દીવસ બધો કલ્પાંત કરે. એટલામાં કુંડલાના રહીશ વૈદ્યરાજ ત્રંબકલાલ વી. જટાશંકરને ખબર પડવાથી મારા પર મેહેરબાની કરી ફકત માયાળુપણાંને લીધેજ દવા આપવી શરૂ કરી, જેથી ફકત થોડાજ રોજમાં સાવ આરામ થઇ ગયો છે. તો હું દરેક માણસને ખાતરીથી ખાસ ભલામણ કરૂં છું કે આવા દરદીઓએ કયાંઈ પણ ભટકવા ન જતાં મજકુર વૈદ્યના હાથથી ઉપાય લેશે તો અવશ્ય આરામ થયા વીના રહેશે નહી અને હું ખાત્રીથી કહી શકું છું કે મજકુર વૈદે વૈદ્યકશાસ્ત્રનો સારો અનુભવ

કરી સંપુર્ણ જ્ઞાન મેળવ્યું છે. મને ગરીબને પોતાના માયાળુ સ્વભાવથી અને પોતાની મોટાઈ સામું જોઈ પોતાન ઘરની કેટલીક કીમતી વીગેરે દવા ખવરાવી જીવતદાન આપ્યું, તેનો ઉપકાર આ દેહે કરી વળા શકે તેમ નથી, અને તેનો જન્મ પર્યંત આભારી છુ તેનો બદલો ઈશ્વર વાળશે.

મીતી કારતીક શુ ૮ સંવત ૧૯૮૦

મોદી પ્રાગજી દીયાળ સહી. દા. પોતાના

ઉપર લખેલી બાબતથી હું જીવત પર્યંત આભારી છું.

ઉપરનું સર્ટીફીકેટ ગૃહસ્થ વ્યાપારીનું છે, અને તે વૈદરાજ ત્રંબકલાલભાઈની શરૂઆતની વૈદકિય કુશળતા કેટલી ઉત્કૃષ્ટ હતી, તેનું યથેચ્છ દિગ્દર્શન આપે છે. તે સાથે તેમની પરોપકાર વૃત્તિ અને ઔદાર્યતાનું વાસ્તવીક સ્વરૂપ બતાવે છે, બીજું સરટીફીકેટ નીચે આપ્યું છે, તે પણ એવાજ પ્રકારનું છે.

સરટીફીકેટ

(આ માનપત્ર કચેરી ભરીને એનાયત કરેલુ)

હુંલા—સ્વસ્થાન જામનગર વિદ્યાલંકાર નાટક. કંપની ના મેનેજર ભીમજી ભગવાનજી—રહીશ મુ જામનગર ઘણીજ ખુશીથી માનપુર્વક આ સર્ટીફીકેટ લખી આપુ છુ કે— અમારી કંપનીના એક્ટર નારાયણ નામદેવને શરીરે જંવ-

રની વ્યાધી ઘણીજ જોસ ભેર થઇ આવેલી તેમાં ત્રીદોશ વીગેરે અરૂચી અશકિત અને જીહ્વા ઘણીજ આડતરાની માફીક સ્યામ રંગની થઇ ગઇ હતી, તેમજ આખા શરીરની આકૃતિ જોવા ઉપરથી ઘણીજ ધાસ્તી લાગેલી અને અમે તમામ ગભરાઇ ગયા અમે ઘણાક ઉપાય કર્યા તેમજ ડાકતર વિગેરે તમામ દેશી વઇદોના ઉપાયો કર્યા પણ કોઇ પ્રકારે શાન્તી થઈ નહી છેવટ આરામ થવામાં બેહોશ થયા બાદ શ્રી કુંડલાના રહીશ વઇદરાજ ત્રબકલાલ વી. જટાશંકરના હાથથી દવા લેવી શરૂ કરી જેથી કરીને ૮—૧૦ દીવસની અંદર ચોખો આરામ થયો છે. તો હું ખરેખર કહી શકું છું કે આવા દરદીઓએ કયાંય પણ ભટકવા ન જતાં મજકુર વઇદરાજના હાથથી ઉપાય લેશે તો અવશ્ય આરામ થયા સિવાય રહેશે નહી કારણ કે આવા ભયંકર દરદ ઉપર તેઓના અકસીર અસરકારક અને ચમત્કારી ઉપાયો છે અને હું યથાર્થ કહી શકું છું કે મજકુર વઇદરાજે વઇદકશાસ્ત્રનો સારો અભ્યાસ કરેલો છે તેમજ અનુભવી છે. આ ભયંકર રોગમાં તેમણે ઘણાજ સ્નેહથી માત્ર આંખનીજ ઓળખાણથી અને માત્ર પોતાની પ્રતીષ્ટા ખાતર જે શ્રમ લીધો છે તે હું કદી આ શરીરે ચુકવાનો નથી એજ.
મીતી સંવત ૧૯૪૦ ના આશો સુદ. ૭ વાર શુક્રને રોજ.

ભીમજી ભગવાનજીની સહી દ. પોતે.

ક્ષયનું ભયંકર દરદ તેમના ઓષધોપચારથી નિવૃત થાય.છે, એમ, બતાવવાને નીચેનું સર્ટીફીકેટ પ્રબળ પુરાવ છે.

સરટીફીકેટ.

હું શા. વોરા પ્રાગજી ત્રીકમ રહેવાશી જાફરાબાદ ગી-નાતે કપોળ વાણીઆ ઘણાજ માનથી આ સરટીફીકેટ લખી આપું છું કે મને અને સં. ૧૯૪૦ ના માગશર સુદમાં તાવ અશકિત અરૂચી શરીર ક્ષીણ તેમજ ઝીરણ જવર લાગુ પડયો શરીર તમામ ગળી ગયું ને જો આ દરદ થોડા દીવસ પણ વધારે રહે તો મારા અંતઃકરણમાં ધારતી હતી કે મારૂં શરીર બચવું મુસ્કેલ છે એમ જણાયું જેથી કરી કેટલાક દેશી વૈદ્યનું તેમજ ડાકટરનું ઓસડ કર્યું પ-રંતુ આગમ થવામાં નિષ્ફળ થવાથી કુંડલાના રહીશ વૈદ્યરાજ ત્રંબકલાલ જટાશંકરને બોલાવી તેમના હાથથી દવા લેવી શરૂ કરી જેથી કરી થોડા રોજમાં મને સાવ આરામ થયો છે તો હું ખરેખર કહી શકુ છું કે આવા દરદીઓએ કોઇ પણ ઠેકાણે ભટકવા નહિં જતાં મજકુર વૈદ્યના હાથથી ઉપાય લેશો તો અવસ્ય આરામ થયા વિના રહેશે નહિ કારણ કે આવા ભયંકર દરદ ઉપર તેમના અ-કશીર અસરકારક અને ચમત્કારી ઉપાયો છે અને હું ખા-તરીથી કહું છું કે મજકુર વૈદે વૈદક શાસ્ત્રનો સારો અ-ભિયાસ કરેલો છે તેમજ અનુભવીછે મને આ મંદવાડથી મુક્ત કરવાને ઘણા સ્નેહથી માત્ર પોતાની પ્રતિષ્ટા ખાતર જે શ્રમ લીધો છે તેનો બદલો જીવંત પર્યંત હું વાળી શકું તેમ નથી તેમજ તેમનો ઉપકાર મારા ઉપર ઘણો છે, તે હું ચુકીશ નહી એજ સ. ૧૯૪૦ ના માગશર સુદ ૨ બીજ.

સઈ વોરા પ્રાગજી વિ. ત્રીકમજી, ઉપર લખ્યું

સહી દા. પોતે.

વઇદરાજ ત્રંબકલાલભાઇને ઉપર બતાવ્યા સીવાય બીજા ઘણા ગૃહસ્થોએ તેમની વઇદકિય ઉંચા પ્રકારની યોગ્યતાને માટે પ્રંસાસાના ફકરા સાથે શ્રેષ્ટ સર્ટીફીકેટ આપ્યાં છે તેમ ભાવનગર રાજ્યનો અધીકારી વર્ગ પણ તેમના આયુર્વેદના જ્ઞાનને માટે બહુ સારો વિચાર ધરાવતો હતો એમ બતાવવાને કુંડલાના માજી વહીવટદાર સાહેબ શ્રીયુત ગવરીશંકર હરીભાઈ તથા ન્યાયાધીસ શ્રીયુત મગનલાલ દલપતરામ કવિનાં સર્ટીફીકેટો આ નીચે દાખલ કર્યાં છે.

શ્રી દરબાર
વહીવટદાર પ્રગણે
કુંડલા.

મા. જા. નં. ૫૮૦

સરટીફીકેટ.

હું નીચે સહી કરનાર માન પુર્વક લખવા આનંદ પામું છું કે વઇદ ત્રંબકલાલ વિ. જટાશંકર ખુદ કુંડલામાં પોતાના પદરના ખરચથી ખાંનગી દવાખાનું રાખી તળ કુંડલા અને તે શીવાય આજુ બાજુના ગામોમાં વઇદાનો ધંધો કરે છે, તે ઉંચી કીમતની દેશી દવાઓ વાપરે છે આ મહાલમાં હાલ માહરે રહેવું થયું. તે દરમીયાન માહારા શરીરે ગુલ્મ વાયુ વગેરે દરદ ઉપર વઇદ મજકુરની મેં દવા લીધી હતી. જેથી તેમણે

જે જે પ્રયોગ ઉપર દવા આપી, તેથી તુરત મને ફા-યદો થયો છે. આ વઇદરાજે વઇદાનો અભ્યાસ સારો કરેલો છે, તેમને નાડી પરીક્ષા પણ ઘણી સારી છે. જે-હનો પણ મને પુરતો અનુભવ થયો છે. વળી તેઓ આંહીના મુળ વતની છતાં ખાનદાન કુટુંબના મીલનસાર હોવાથી તેના તરફનો અમોને પુરો સંતોષ થયેલો છે. સવંત ૧૯૪૫ ના ચૈત્ર સુદી ૧૪ રવાવાર તારીખ ૧૪-૪-૧૨

ગવરીશંકર હરીભાઇ

વહીવટદાર પ્રગણે કુંડલા

સરટીફીકેટ.

વઇદરાજ ત્રંબકલાલ જટાશંકર કુંડલા ગામમાં ખા-નગ દેશી ઔષધાલય રાખી દેશી વઇદાનો ધંધો કરે છે. તે બાબતમાં તેમનો અનુભવ અને જ્ઞાન બહુજ સારૂ છે. મને પોતાને ગયા મે માસમાં એકાએક વ્યાધિ થઇ આવ્યો હતો અને ઇંગ્રેજી દાકટરની દવાથી આરામ થવા આવ્યો હતો પરંતુ ઇશ્વરેચ્છાથી તે દરદે ફરિથી ઉથલો ખાવાથી અને વળી વિશેષમાં દાકટરની ગેર હાજરીથી તે દરદ મને બહુજ ભયંકર લાગ્યું હતું તેવા બારીક સમયમાં મેં આ વઇદરાજની દવા લેવી શરૂ કરી અને કહેવાને આનંદ ઉપજે છે કે માત્ર વનસ્પતિની દવાથીજ ચાર પાંચ દીવસ જેટલી ટુંક મુદતમાંજ મને આરામ થઇ ગયો હતો દેશી વઇદો સારા અનુભવી અને વિદ્વાન હોય છે. એમ મારી તે માંદગી સુધી મને ખ્યાલજ નહી હતો પરંતુ મારે ખરા અંતઃકરણ પૂર્વક કહેવું પડે છે કે મારો તે ખ્યાલ ખોટો અને વગર વિચારનો માલુમ પડયો છે.

અને મારી ખાત્રી થઇ છે કે દેશી વૈદ્યો પણ રોગનું નિદાન અને દવાનો ઉપચાર કરવામાં સારા હુંશીઆર અને ખંતીલા હોય છે, અને તેઓની દવા લેવામાં ધાસ્તી રહેતી નથી. વિશેષ ખુબી વળી એ છે કે બનતાં સુધી વનસ્પતિનીજ દવા આ વૈદ્યરાજ વાપરે છે. અને ન ચાલે તોજ રસાયણી પ્રયોગ વાપરે છે, અને ત્યારે પણ દરદીને કહે છે અને તેના તેવા વખતમાં પણ તેવા પ્રયોગની ઇચ્છા ન હોય તો તેવે વખતે પણ ન વાપરીને માત્ર વનસ્પતિની દવાથીજ આરામ કરવાની હીંમત ધરાવે છે. મારા કેસમાં તેમજ થવા પામ્યુ છે. મને રસાયની પ્રયોગની સામે બહુજ અણગમો છે અને તેથી મેં પ્રથમથીજ વિનંતિ કરી હતી કે તેવી દવા મારે વાસ્તે વાપરવી નહી. તેથી મને માત્ર વનસ્પતિની દવાથીજ આરામ કર્યો હતો આ વૈદ્યરાજના સ્વભાવ ઇત્યાદિથી આખુ ગામ બલ્કે આખું પ્રગણું રાજી છે, એમ લોકોની સાથે મારા સંબંધથી મને માલુંમ પડ્યું છે અને તેથી હું વધારે ખુશી છું ઇશ્વર તેમને દીર્ધાયુષ આપે. સંવત ૧૯૭૮ ના અષાડ વદી ૩૦ શનિવાર તા. ૨૩-૭-૯૨

મગનલાલ દલપતરામ કવિ.

ઈ. ન્યાયાધીશ પ્રા. કુંડળા

ઉપરનાં બંને સરટીફીકેટો ઓફીસિયલ પ્રમાણ પત્રો છે, એટલુંજ નહીં પણ એ બંને અધીકારીઓ વિદ્વાન અને અનુંભવી ગૃહસ્થો હતા તે સાથે એવા પ્રમાણીક પુરૂષો હતા કે સત્ય હોય, અને પોતાને પરીપુર્ણ ખાત્રી થાયતોજ પોતાની લેખિનીનો ઉપયોગ કરી આવાં ઉત્તમ સર્ટીફીકેટો એનાયત કરે, ખરેખર આ સર્ટીફીકેટો એક મહાન પાઠ

શાળા તરફથી પ્રાપ્ત થતી ડીગ્રી કરતાં અધીક મુલ્યવાન છે એમ કહેવામાં કંઇ અતિશયોક્તી જેવું નથી.

ભાવનગરના માજી દીવાન સાહેબ શ્રીયુત વજેશંકર ગોરીશંકર ઓઝાનો એક પત્ર વઇદરાજ ત્રંબકલાલભાઈની વઇદકિય કુશળતાનો યથાસ્થિત ભાસ આપે છે, એટલુંજ નહીં પણ તેમની દવાથી મુંબઇના સુપ્રસિદ્ધ શેઠ મથુરાંદાસ ગોકળદાસને ખરજવાનો વ્યાધી હતો, તે નાબુદ થએલો એમ જાણવામાં આવે છે. વળી આવા મોટા માણસો વઇદરાજ મોસુફ પત્યે કેવી શ્રેષ્ટ સ્નેહ ભાવના રાખતા હતા તેને માટે ફકત પત્ર નમુના રૂપ હોવાથી નિચે ઉતારી લઇએ છીએ.

શ્રી.

લાનોસી. પ્રેમચંદ રાયચંદનો

મોતી બાગ બંગલો.

તા ૧૭-૪-૧૯૦૨ ગુરૂવાર.

સર્વ સુભોપમા વીરાજીત પરમપ્રીયભાઇશ્રી

રા. રા. વૈદરાજ ત્રંબકરાય વી. જટાશંકર

ની સેવામાં—

શ્રી મુંબઇ.

વીશેષ શેઠશ્રી ગોકળદાસ માધવજીના પુત્ર શેઠ મથુરાંદાસ હાલ અહિં રહે છે તેમનાથી જાણવામાં આવ્યું છે કે આપની પાસે ખરજવાની દવા ઘણી સારી છે, તેથી તે ખરજવાની દવા આપની પાસેથી મંગાવવા તેમણે કહ્યાથી અમારા મુનીમ ભાઇશ્રી આણંદલાલ આ પત્ર લઇ આપની પાસે આવશે તેમને એ ખરજ-

વાની દવા આપ આપશો અને તે દવા કેમ વાપરવી. તેમજ દીવસમાં કેટલીવાર લગાડવી તેની વીગતવાર હકીકત લખી તેમને આપશો અને તે દવાના જે પૈસા થાય તે તેમના પાસેથી લેશોજી. શેઠશ્રી મથુરાદાસને ખરજવું થયેલ અને તે આપની દવાથી મટી જઇ સારૂં થયેલ તે જાણી સંતોષ થયો છે. અને તેમના કેહેવાથી એ ખરજવાની દવા મંગાવી છે તો આપ તે દવા અમારા માણસને આપશોજી અને તેની હકીકત વીગતવાર લખી આપશોજી.

પરમ પ્રીય વેદમૂર્તી રા. રા. જટાશંકરજીની સેવામા સાષ્ટાંગ નમસ્કાર કહેશોજી હાલ. એજ વિજ્ઞપ્તિ.

સેવક વજેશંકર ગવરીશંકર ના નમસ્કાર.

સ્વીકારશોજી.

વૈદરાજ ત્ર્યંબકલાલભાઇના પુજ્ય પીતાશ્રી પરમ વૈષ્ણવ છે, પુષ્ટી માર્ગના સત્ય સીદ્ધાંતો અને ખરૂ તત્વ તેઓશ્રીએ અનેક ધર્મ ગ્રંથોનું અધ્યયન કરીને શોધી કાઢયું છે, તેમણે ભગવદ ગુણ કિર્તન પ્રધાન **નિજાનુગ્રહ** નામનો એક ઉત્કૃષ્ટ ગ્રંથ રચ્યો છે એ ગ્રંથનું લગભગ બાર હજાર શ્લોકનું પુર છે, અને તેમાં ભગવત લીલા, પ્રેમ રસ, અને સાંપ્રદાયિક સીદ્ધાંતો એ સઘળું એવું તો સરસ રીતે વર્ણવ્યું છે કે શ્રીમદ વલ્લભાચાર્યજીના શુદ્ધાદ્વૈત તત્વ દર્શનનો લાભ અપાવનાર એવું અન્ય પુસ્તક કવચીતજ હશે. એ ગ્રંથ સંસ્કૃત ભાષામાં છે, છપાઇને બહાર પડયો નથી, બહાર પડશે તો સૌ કોઈ સ્વીકારશે કે, તેઓશ્રીની એ કૃતિ અનુપમ છે. આવા એક વિદ્વાન અને પુષ્ટી માર્ગના જ્ઞાતા બલ્કે સર્વોત્તમ

વૈષ્ણવ પિતાના વૈદરાજ ત્રંબકલાલભાઇ સત્પુત્ર હોવાથી સંસ્કારી હોય એ સ્વભાવિક છે, અને તેથી સુજ્ઞ વષ્ણવો તેમના પ્રત્યે હમેશાં પુજ્યભાવ ધરાવે છે, અને તેમનાં ઔષધ યતકીંચીત ધર્મને બાધ કરતા નથી, એમ માની શ્રી ગોસાંઇજીનાં બાળકો સુદ્ધાંત તેમની દવા આરોગે છે. શ્રી ગોસાંઇજીના બાળકો પ્રત્યેનો વૈદરાજ ત્રંબકલાલભાઇનો ભકતીભાવ અનુપમ છે અને તે એટલાથી દ્રષ્ટીગોચર થાય છે કે પોતાને ગમે તેવું કામ હોય, લાખોનો લાભ હોય, પણ મહારાજશ્રીની આજ્ઞા થતાં સર્વ પડતું મુકી તેમની સેવામાં સત્તર હાજર થાય છે. અને કેવળ ભકતીભાવથી તેઓશ્રીની વૈદકિય સેવા બજાવે છે, અને તેમાં ગમે તેવી કીમતી દવાનો ઉપયોગ કરવો પડે, તોપણ દ્રવ્ય ગ્રહણ કરતા નથી, શ્રીગોસાંઇજી મહારાજ, વહુજી મહારાજ કે બેટીજી મહારાજની તો તેઓ એ રીતે નિસ્વાર્થ પણે સેવા બજાવે છે, બલકે તેમના નાના મોટા અનુચરાદિને પણ મફત દવા આપે છે, અને દ્રવ્ય આપનાર ગ્રાહકો કરતાં પણ પહેલું તેમના તરફ ધ્યાન આપી બનતી ત્વરાએ તેમને તપાસી ઔષધ આપી વીદાય કરે છે. બ્રાહ્મણ સાધુ કે અપંગ અભ્યાગતને પણ કેવળ પરોકાર વૃત્તીથી ઔષધ આપવાની ઉદારતા દેખાડે છે મુંબઇ જેવા ખર્ચાળુ સ્થાનમાં આવી નિસ્વાર્થ ભાવનાનું દીગ્દર્શન આપનારા આવા વીર પુરૂષને દેખી હજી પણ ધર્મનુ અસ્તીત્વ છે, પુન્યનો આવિર્ભાવ યાવત ટકી રહ્યો છે એમ સ્વીકારી શકાય છે, એક દીન જન તેને માટે પોતાના નિચે મુજબ ઉદગાર પ્રદર્શીત કરે છે.

દોહરા.

દવા આપીને લે દુવા, રાખી મનમાં વ્હાલ,
વૈદ વડા વીર કેસરી, વ્હાલા ત્રંબકલાલ. ૧
ગુણવંતી મુજ સુંદરી, (ને) ક્ષય રૂપી કાળ;
ઘણા વેગથી આવતો, એ ચિંતા છે હાલ. ૨
પે'લું પગલું ક્ષયતણું, મુજ પત્નિને હાલ;
વૈદ કેસરી તું ભલો, લાયક ત્રંબકલાલ. ૩
ઘણી ગરીબી મુજ તણી, તું જાણે છે ભાઈ;
દુનિયામાં દેખાડને, કવિ તણી સરસાઈ. ૪
તુજ આધારે હૃદયમાં, કંઈ દિલાસો બાઈ;
કદર કરૂં કઈ રીતથી, એ વિમાસણ થઈ. ૫
મુજ જીવનમાં જ્યાંસુધી રે'શે વ્હાલા પ્રાણ;
કદર કરી તુજ લાયકી-નાંજ લખીશ લખાણ. ૬

વૈદરાજ ત્રંબકલાલભાઈની વૈદકિય કુશળતાને લીધે મોટા મોટા દાક્તરો અને સમર્થ વૈદો તેમના પ્રત્યે બહુ સારૂં માન ધરાવે છે, તેમની સલાહલેછે, એટલુંજ નહીં પણ એકવાર આયુર્વેદ વિદ્યાલયના વિદ્યાર્થીઓની વાગભટના વિષયની પરીક્ષાને માટે તેમની પરીક્ષક તરીકે પસંદગી થઈ હતી, તે વીશેનો પત્ર આ નીચે અમે દાખલ કર્યો છે.

ગીરગામ—મુંબઈ તા ૫-૧૨-૧૯૦૯

રા. રા. વૈદ્યરાજ ત્રંબકલાલ વિ. જટાશંકર.

વિ. વિ. વિદ્યાલયની પ્રથમ પરીક્ષા સોમવાર—તા. ૬ ઠી ડીસેમ્બર સને ૧૯૦૯ ને દિવસે શરૂ થશે. તે પરિક્ષામાં વાગભટ વિષયમાં આપ પરીક્ષક છો. આપનું પ્રશ્ન પત્ર તા. ૭ ડીસેમ્બર સને ૧૯૦૯ મંગળવારને દિવસ બપોરે બે વાગે વિદ્યાર્થીઓને આપવામા આવશે, માટે તે વખતે વિદ્યાર્થીઓની શંકા સમાધાન માટે વિદ્યાલયમાં આવવા મહેરબાની કરશો એવી આશા છે.

લી. વિ. આભારી.

પોપટ પ્રભુરામ.

એલ. એમ. એન્ડ એસ.

સુપ્રીટેન્ડન્ટ.

આયુર્વેદ વિદ્યાલય હિન્દુહોસ્પિટલ.

વૈદ્યરાજ ત્રંબકલાલભાઈની વૈદકિય કુશળતાને માટે અમે ઘણાને મોઢેથી સ્તુતીના શબ્દો સાંભળ્યા છે, તેમાં તેમનો દ્રાક્ષારસ, પાચન, ઈત્યાદી કેટલીક દવાઓની પ્રખ્યાતી એટલી બધી છે કે ઘણા દુરના પ્રદેશમાંથી પણ તેની હમેશાં માગણી થાય છે, દેશી દવાઓની ઉત્કૃષ્ટ બનાવટ માટે તેમને ભાવનગરના પ્રદર્શનમાંથી ચાંદ મળ્યો છે, અને મુંબઈની પ્રજામાં તેઓ પોતાની બાહોશી અને કાર્ય કુશળતા સાથે સજ્જનતાથી બહુ માન પામ્યા છે.

હીંદુ મુસલમાન, પારસી ઈસાદી સર્વ કોમનો એક સરખો વિશ્વાસ અને ચાહ મેળવી પોતાના ધંધાને દીપાવવામાં તેમણે મેળવેલી ફતેહ અવશ્ય તેમના હરીફોને અદેખાઈ ઉપજાવનાર થાય એમાં કંઈ આશ્ચર્ય નથી. ખરેખર શ્રીયુત ત્રંબકલાલ ભાઈએ મુંબઈમાં રહીને પોતાના ધંધાને અંગે ઉત્તમ નામના મેળવી છે, અને મિલનસાર સ્વભાવ વડે સત્કીર્તી સંપાદન કરી મહાન પુરૂષોમાં—શેઠ—શાહુકારોમાં જાણીતા અને માનીતા થઇ પડ્યા છે.

વૈદ્યરાજ ત્રંબકલાલભાઈ મુબઇમાં આવી વસ્યા, અને પોતાની ઔદ્યોગીક સ્થીતી અને પ્રતિષ્ઠાની વૃદ્ધી અને ઉન્નતિ થઇ, છતાં પોતાના માલીક ભાવનગર નરેશ મહારાજા શ્રીમંત ભાવસીંહજી સાહેબ બહાદુર પ્રત્યેનો તેમનો ભક્તિભાવ યત્કીંચીત હૃદયમાંથી ઘટ્યો નથી, પણ ઉલટો તેમાં અદ્યાપી પર્યંત વધારો થતોજ રહ્યો છે, તેમ શ્રીમંત મહારાજા સાહેબે વૈદ્યરાજને પોતાના કૃપાપાત્ર આપ્ત જન તરીકે સર્વદા સ્વીકારી મુંબઇમાં જ્યારે જ્યારે આગમન, થયું હશે, ત્યારે યાદ કરી પ્રેમથી મુલાકાતનો લાભ આપવાની મહેરબાની બતાવી છે, એટલુંજ નહીં પણ વૈદ્યરાજની પ્રસંગ વશાત્ સ્વાગતા સ્વીકારી કૃતાર્થ કર્યા છે. વૈદ્યરાજ ત્રંબકલાલભાઇને મુબઇના શ્રીમાનો સાથેઅને તેમાં ખાસ કરીને શેઠશ્રી ગોકળદાસ માધવજીના કુટુમ્બ સાથે ઘાડો પ્રસંગ હોવાથી એ શ્રીમાન ગૃહસ્થના બંગલામાં શ્રીમંત મહારાજા સાહેબના ઉતારા ઇત્યાદીની પેરતર વૈદ્યરાજ મોસુફે ઉત્તમ વ્યવસ્થા કરી હતી, અને તેથી તેઓ નામદાર બહુ પ્રસન્ન થયા હતા.

[illegible]
ભક્તિ યાને વફાદારી તથા વૈદકિય જ્ઞાન માટે કેવો ઉંચો અભીપ્રાય ધરાવે છે, તેને માટે દીવાન સાહેબ પ્રભાશંકરભાઇ કે જેઓ સાહેબ તે વખતે હજુરશ્રીના પ્રાઇવેટ સેક્રેટારી હતા તેમણે પોતાના તા. ૩૧-૩-૭ ના પત્રમાં લખ્યું છે કે:—

*   *   *

વફાદાર રૈયત તરિકેની નેક નામદાર મહારાજા સાહેબ તરફની તમારી સ્તુતીપાત્ર લાગણીને માટે તે નામદાર પોતાનો ધન્યવાદ જણાવે છે.

તમારા વૈદક સંબંધીના વખતો વખતના પ્રયોગો જાણી ખુદાવીંદ બહુ ખુશી થાય છે, કારણ કે તમારા જેવા માણસોને ઉત્તેજન આપવા તે નામદાર હમેશાં આતુર છે.

*   *   *

વળી એક **બીજા** પત્રમાં શ્રીમંત મહારાજા સાહેબના ફરમાનથી લખ્યું છે કે:—

*   *   *

શ્રી કોલ્હાપુરના નેક નામાદાર મહારાજા સાહેબની અને તમારી વચ્ચેની વાતચીતથી આપણા અન્નદાતાશ્રીને ઘણોજ સંતોષ થયો છે. અને તમોએ આપણા મહારાજા સાહેબની તેઓ પાસે સ્તુતી ગાઈ હતી, તે સાંભળી તમોને ધન્યવાદ આપવા મને ફરમાન થતાં આ પત્ર લખું છું. આપણા ખુદાવીંદના જેટલાજ સારા અને સ્તુતીપાત્ર ગુણો તેમનામાં છે, એ તમારૂં લખવું કાંઇ ખોટું નથી, તેમજ આપે આપણા ધણીની પ્રસંશા કરી છે, તે પણ એક વફાદારીનું ચિન્હ આપણા હજુરશ્રીના ધ્યાન બહાર નથી.

*   *   *

ઉપરના પત્રો શ્રીમંત મહારાજા સાહેબના મુબારક હૃદયની વૈદરાજ ત્રંબકલાલભાઇ પ્રત્યેની ઉત્કૃષ્ટ લાગણીનું યથેચ્છ દિગ્દર્શન આપે છે, તેમ વૈદરાજ કેવા શુધ્ધ સ્વામિભક્ત છે, તે પણ તેમાંથી દેખાઇ આવ્યા વિના રહેતું નથી, રાજ્યમાંથી છુટા થયા પછી બલકે રાજાની દ્રષ્ટી બહાર ગયા પછી અરસપરસના હૃદયમાં આવો સદ્‌ભાવ અવીછીન્ન દ્રઢીભૂત રહેલો કવચિતજ જોઇએ છીએ. કેટલાક ભુપતિયોના સંબંધમાં તો સ્પષ્ટ જોઇએ છીએ તો "ડગલે દુર તે દમકે દુર" જેવુ ક્ષણમાં થઈ જાય છે. અને જેને એકવાર પોતાના પુર્ણ કૃપા પાત્ર ગણતા હોય, જેના વિના એક ઘડિપણ ન ચાલતું હોય, તેવાને પણ આંખથી એકવાર અદીઠ થયા પછી પુનઃ દર્શન થવા પણ પામતાં નથી, પણ ભાવનગરના ભુપતિ મહારાજા ભાવસીંહજી સાહેબ બહાદુરની રીતિ-નીતિ એવી છે કે જેને એકવાર પોતાનો માન્યો, તેને યાવત્ સ્મર્ણમાં રાખી તે ગમે તેટલે અંતરે હોય, છતાં હૃદય મંદારમાં સદાને માટે સ્થાન આપી તેને ખસેડતા નથી. તેઓ નામદારની સ્વજન પ્રત્યેની શ્રેષ્ટ ભાવનાને માટે સર્વ કોઈ પ્રસંશાના ઉદ્ગારો પ્રદર્શીત કરે છે, તે સાથે વૈદરાજ ત્રંબકલાલભાઇ પોતાના માલીકની દ્રષ્ટીથી દુર ખસ્યા છતાં તેઓ નામદારના હૃદય મંદીરમાં સદાને માટે સ્થાન લેવાને શક્તીમાન થયા, બલકે પ્રતિ દિવસે અધીક કૃપા ભાવના સંપાદન કરી શક્યા છે. ત્યારે તેઓની યોગ્યતાને માટે સર્વ કોઈ ઉંચો અભિપ્રાય દર્શાવે એ સ્વાભાવિક છે. ખરેખર અમારા અનુભવથી તેની સત્યતા સર્વાંશે સીદ્ધ થઇ ચુકી છે, એટલે વીશેષ શું કહેવું?

વૈદરાજ ત્રંબકલાલભાઇની ઔદ્યોગીક સ્થીતિ, પ્રતિષ્ઠા

અને રાજ્યમાન્યતા પરત્વે ઉપર કુંક વિવેચન કર્યું છે. હવે તેમની સાંસારીક સ્થીતિ વીશે સંક્ષેપમાં કથીશું.

વૈદરાજ ત્રંબકલાલભાઇનાં માતુશ્રી સૌ. ગંગાબા સ્વર્ગવાસી થયાં છે, આનંદજનક પરીવાર મુકી પનોતાં થઇ ગયાં છે, તેમના પુજ્ય પિતાશ્રી ઇશ્વર કૃપાથી હયાત છે, અને તેઓશ્રીનું અસ્તીત્વ એ પ્રદેશના જન વર્ગમાં તેમના વૈદકિય જ્ઞાન-અનુભવ તથા ધાર્મિકવૃત્તિ આદિ અન્ય ઉંચા પ્રકારની યોગ્યતાને લીધે સર્વત્ર આશીર્વાદદાયક લેખાય છે, તેઓ એક વડીલના સમાન પુજાય છે, તેમના સબંધમાં એક પ્રવીણ કવિ લખે છે કેઃ—

રોળાવૃત.

મનોહર પ્રખ્યાત, જટાશંકર જીવનમાં,
મદગુરૂ પુષ્પ પરાગ, સુગંધિ પ્રેરે જનમાં;
યશોદ્રક ને કિર્તિ-ભક્તિ ધિકે આપતી.
નહીં પિપાસા તોય, પરાગે સારૂં આતી. ૧
પામે નન્દુધા પ્રખ્યાતિ, રત્ન આવાં જન્મ્યાથી,
ગાન કેઠનઃ ગાન, લહે મત અભિમાનેથી;
નાગના જાય મમત્વ, શરીરે વ્યાધિ શાન્તી,
રાગ દ્વેષ થઈ દૂર, ટળે મનનાં ભય ભ્રાન્તી. ૨

આવા વડીલના પુન્યના પ્રભાવે વૈદરાજ ત્રંબકલાલભાઇ સત્કીર્તી કમાયા છે, ઇશ્વરે તેમના રોળાનાં રસ મુકયો છે, અને સંતાન સંપત્તી ઇત્યાદિથી પણ સુખી છે.

વૈદરાજ ત્રંબકલાલભાઇનું પહેલીવારનું લગ્ન પ્રસિદ્ધ વૈદરાજ ઝંડુ ભટજીના ભાઈ ચુણ તથા વઢવાણના રાજવૈદ્ય પોપટભાઇ ત્રિકમજીનાં પુત્રી શ્રીમતી મણીબેન સાથે

થયું હતું, એ બાઈ સુશીક્ષીત અને સૌજન્ય શાળી હોવાથી તેઓ સંસારમાં સ્વર્ગીય સુખ અનુભવતા હતા, પણ ભાવિયોગે એ દેવીએ એક પુત્ર રત્ન મુકી ભર યુવાવસ્થા માંજ પરલોક પ્રયાણ કર્યું. સદ્ગુણ સંપન્ન લાયક ગૃહિણિનો વિયોગ એ પતિને પરમ સંતાપ જનક થાય છે, અને તેથી સૌ. મણી બેનના સ્વર્ગવાસથી વૈદરાજ ત્રંબકલાલભાઇને એ પ્રસંગ અપૂર્વ દુઃખદાઇ થઇ પડે એ સ્વભાવિક છે, પરંતુ જ્ઞાનવાન—અને વિદ્વાન પુરૂષો આપતનાં વાદળાં ચઢી આવવા વખતે ઇશ્વર ઇચ્છાને વશ વર્તે છે, અને આત્મબળને ટકાવી રાખે છે. વૈદ્યરાજ ત્રંબકલાલ ભાઇએ એ અનિવાર્ય મુશ્કેલીના પ્રસંગમાં ધૈર્ય ધારણ કર્યું. જ્યારે તેઓ વિધુર થયા ત્યારે તેમનું વય માત્ર ૨૮ વર્ષનું હતું એટલે તેમણે પોતની જ્ઞાતિના બામ જોધપુરના વ્યાસ પ્રજારામ ત્રીકમજીનાં પુત્રી શ્રીમતી મણી બેન સાથે લગ્ન કર્યું. સામાન્ય રીતે ગુજરાતી ભાષામાં એક કહેવત છે કે "ભાણું જાયને ઠીકરૂં સાંપડે" પણ વૈદ્યરાજના ફરિ લગ્ન સંબંધમાં તેથી ઉલટુંજ બન્યું. તેમનાં નૂતન પત્ની સૌ. મણી બ્હેન એક ઉત્તમ ગૃહિણીને ઘટતી સર્વ વિભુતિથી વિભુષિત મળ્યાં, બીજી વારની સ્ત્રી પવિત્ર, સદગુણી અને પતિ સેવામાં પ્રપૂર્ણ રહેનારી પ્રાપ્ત થાય છે, ત્યારે પહેલી વારની પત્નિના વિરહની વ્યથા વીસારે પડે છે; પણ એવું વૈદરાજ શ્રીયુત ત્રંબકલાલભાઈ જેવા કોઇ ભાગ્યશાળીના સંબંધમાં બનેલું જોઇએ છીએ, બાકી ઘણાને તો ફરીવારના લગ્નથી ઉલટો પસ્તાવો થાય છે.

વૈદ્યરાજનું કુટુમ્બ બહોળું છે હિંદુ ઘર સંસારમાં દીએર જેઠ, દેરાણી જેઠાણી અને તેમની પ્રજા પ્રત્યે સમાન ભાવ

રાખી સુસંપથી વર્તનારી વનિતાઓ વિરલજ વિલોકીએ છીએ, અને જે ગૃહરાજ્યમાં એવી ભુષણ રૂપ ભામીનીઓ હોય, તે ગૃહરાજ્ય સ્વર્ગ સદન સમાન દીવ્ય દીપી નીકળે છે, સૌ. મણી બ્હેન કુલનું ભુષણ થઇ પડે, એવા સર્વ સદગુણોથી યુક્ત છે. જેથી કુટુમ્બનાં સઘળા પ્રત્યે સમાન ભાવથી જુએ છે, અને તેમના દિએર દેરાણીઓ અને તેમનાં સંતાનો એક ગૃહદેવી તરીકે તેમના પ્રત્યે પુજ્યભાવ ધરાવે છે, હીંદુ ઘર સંસારમાં ઘણીવાર કોઇને સારૂ માઠું લાગવાના પ્રસંગો અવાર નવાર આવતાજ રહે છે, અને તેવા સંજોગોમાં દોષ પાત્ર ગૃહિણી ગણાય છે, પણ સૌ. મણી બ્હેન સંપૂર્ણ સંભાળ અને વિવેકથી વિચરે છે, તેથી તેમનાં તો સૌ કોઈ વખાણુજ કરે છે, વળી વિશેષ ખુબી ભરેલું તો એ છે કે વૈદરાજનાં સ્વર્ગસ્થ પ્રથમ પત્નીને એક પુત્ર છે, સૌ મણી બ્હેનને પણ એક પુત્ર છે. એ બંને બંધુઓ એવા સ્નેહથી રહે છે કે તેઓ ઓરમાયા ભાઇઓ છે, એમ કોઇ ખ્યાલજ કરી શકે નહીં, વળી સૌ. મણી બ્હેન જેષ્ટ પુત્ર ચી. નૃસીંહપ્રસાદ અને પ્રતાપરાય એ બંને પ્રત્યે એવી સમાન દ્રષ્ટી રાખે છે કે તેઓ બંને એકજ માતાના—તેમનાજ પુત્રો છે, એમ દરેક સમજી શકે. ઓરમાન માતાઓમાં આવું ઔદાર્ય ભાગ્યેજ અવલોકવામાં આવે છે, પણ સૌ. મણી બ્હેનનું પવિત્ર ચરિત્ર એ વિષયમાં તો અન્યને અનુકરણ કરવા જોગ અતી ઉત્કૃષ્ટ છે.

વૈદરાજ ત્રંબકલાલભાઇના જેષ્ટ પુત્ર ચી. નૃસીંહપ્રસાદનું વય હાલ વીસ વર્ષનું છે, તેમણે અંગ્રેજી અને ગુજરાતી બહુ સારો અભ્યાસ કર્યો છે, સંસ્કૃત અને મરાઠીમાં પણ તેઓ પ્રવીણ છે, હાલ તેઓ મુંબાઇમાં વૈદરાજ પ્રભુરામ

જીવનરામે સ્થાપેલા આયુર્વેદ વિદ્યાલયમાં અભ્યાસ કરે છે. તેમનો સ્વભાવ પ્રેમાળ અને માયાળુ છે તેથી મુંબઇમાં તેમ બહારગામ ઘણા સજ્જન યુવકો સાથે તેઓ સારી મિત્રતા ધરાવે છે, ઘણા યુવકો વીદ્યાભ્યાસ સીવા-યનો બાકીનો સમય વ્યર્થ ગપ્પાં સપ્પાં મારવામાં કે મોજ શોખ પાછળ વ્યતીત કરે છે, અને કેટલાક કુછંદે ચઢી જાય છે, પણ ચી. નૃસીંહપ્રસાદ તે સઘળાથી મુક્ત રહી સવદા વિદ્યાવિલાસમાં નિમગ્ન રહે છે, અને લોકહિત ની લાગણી ધરાવી જન સુધારણાના કાર્યમાંજ પોતાના ફાલતુ વખતનો વ્યય કરે છે, તેમના પ્રયાસથી મુંબઇમાં "સત્ય શોધક મંડળ" એ નામની એક સભા સ્થાપન થઇ છે, અને તેના સઘળા સભાસદો ઉમંગી અને વિદ્યા વિલાસી છે, તેમની મંડળી દર મહીને એકઠી થાય છે, અને ધાર્મિક, નૈતિક અને સંસારિક સુધારણાને અર્થે અંગ્રેજી અને ગુજરાતીમાં વ્યાખ્યાનો આપે છે. હાલના યુવકોમાં આવા સન્માર્ગે ગતિ કરનારા કોઇકજ દ્રષ્ટીએ પડે છે. ચી. નૃસીંહપ્રસાદના સુદ્રષ્ટાંતને અન્ય યુવકોએ અનુસરવા જેવું છે. ચી. નૃસીંહપ્રસાદનું લગ્ન વડોદરાના પોલીસ સુબા સાહેબના ચીટનીસ શ્રીયુત ત્રીભુવનદાસ ભોળા ભાઇનાં પુત્રી શ્રીમતી જયા લક્ષ્મી સાથે થયું છે, સુશીક્ષીત અને કુલીન. કુટુમ્બની એ બાળા હોવાથી એ સંબંધ વૈદરાજના કુટુમ્બને સુખદાતા-સંતોષદાતા થાય એમાં કંઇ આશ્ચર્ય નથી.

વૈદરાજના બીજા પુત્ર ચી. પ્રતાપરાયનું વય હાલ સુમારે ચૌદ વર્ષનું છે, તેઓ અંગ્રેજી અભ્યાસ કરે છે, તેમની બુધ્ધી-શક્તી અને ગંભીરતા જોતાં તેઓ ભવીષ્યમાં બહુ સારા નિવડશે, એવી આશા બાંધી શકાય છે. એમનું લગ્ન

કુંડલાના રહેવાશી અને ભાવનગર દરબારશ્રીના ખાનગી ખાતામાં સારો દરજ્જો ધરાવનાર રા હરખલાલ ગૌરીશંકર નાં પુત્રી શ્રીમતી ચંદ્રલક્ષ્મી સાથે થયું છે. વૈદરાજનું કુટુંમ્બ જેવું કુલીન અને ખાનદાન છે, તેવા સર્વ સગા પણ લાયક સાંપડયા છે. વૈદરાજના બંને પુત્રો વિવેક મર્યાદાથી વિચરનારા, સુસંગતમાં રહેનારા, વડીલોની આજ્ઞા ઉઠાવવાની ઉત્સુકતા રાખનારા અને સભ્યતાનું સેવન કરનારા છે. આવા સત્પુત્રોજ વડીલોની કીર્તી જાળવી શકે, બલ્કે તેમાં ઉમેરો કરી તેને દીવ્ય દીપાવી શકે.

વૈદરાજ ત્ર્યંબકલાલભાઈ પ્રેમાળ અને પરોપકારી છે, જ્યારે વૈદકનો ધંધો કરનારા કેટલાક આર્થીક ક્ષુધા તૃપ્ત કરવામાં તન્મય રહેનારા જોઈએ છીએ, અને તેને માટે અહોનીશ યત્નવાન રહી સુખે સુતા નથી, ને નિરાતે બેસતા પણ નથી, તેમાં મુંબઈ પ્રવૃતિ પુર છે, ત્યાં નિયમીત સમય ધંધાની ધમાલમાં નિર્ગમન કરી નિવૃતિનું સુખ ભોગવનાર અને શાન્તીથી રહેનાર અમે તો વૈદરાજ ત્ર્યંબકલાલભાઇ એકનેજ જોયા છે, કે જેઓ મુંબઈમાં વસવા છતાં બપોરના વખત સુખે આરામમાં ગુજારે છે, છતાં એક સારા ગૃહસ્થને ઘટતી રીતે રહે છે, સ્નેહી-સંબંધીને માટે નિસ્વાર્થ પણે વૈદકીય અને બીજી જે બની શકે, તે સહાયતા આપવામાં તેમનો ઉત્સાહ અનુપમ છે, એમ તેમના પ્રસંગમાં આવનાર પ્રત્યેક હીંમતથી કહી શકશે.

વૈદરાજ ત્ર્યંબકલાલભાઇ વૈદ વિદ્યામાં કુશળ છે, તે સાથે ધર્મિષ્ટ છે, તેમની શ્રી ગોસાંઇજીના બાળકો પ્રત્યેની ભકતી-ભાવનાસહ સંભાળ ભરી સારવારથી સંતુષ્ટ થઇ મુંબઈના મોટા મંદીરના વિદ્વાન અને વૈષ્ણવ સંપ્રદાયના પ્રભાકર રૂપ

મહારાજાશ્રીએ હમણાં જાહેર મેળાવડા સન્મુખ એક અભિનંદન પત્ર પ્રસાદી તરીકે આપવાની કૃપા દર્શાવી છે, આવી રીતે સ્વભાવિક તેમની કદર થતીજ રહી છે, કીર્તી પ્રસરતીજ ગઈ છે, એટલે જાહેર ખબરો દ્વારે બ્યુગલો ફુંકી-ફુંકાવી પ્રસીદ્ધિમાં આવવાનો પ્રયાસ કરવાની તેમને માટે જરૂર રહી નથી, તેમાં વૈધરાજ ત્રંબકલાલભાઈ તદન નિરાભિમાની છે, એટલે સઘળા પ્રકારની ઉત્તમ યોગ્યતા, અને પોતાના માલીક ભાવનગર નરેશની સંપુર્ણ મમતા છતાં મીથ્યા આડંબર દેખાડવાથી સદા અલગજ રહે છે.

વૈદરાજના કુટુમ્બને ભાવનગરના પ્રતાપવંત ભુપતિઓએ રાજવૈદ તરીકે સ્વીકારેલું છે, જેથી તેમના પુજ્ય પિતાશ્રી તથા તેમને જનાનામાં જઈ દવા કરવાની સર્વદા છુટ છે, ઉત્તમ રહેણી કરણી તથા સંપુર્ણ વિશ્વાસ પાત્ર હોય, તેજ આવી છુટ મેળવવાને ભાગ્યશાળી થાય છે, અને એક મોટા રાજ્યમાં માનનિય મનાય છે,

વૈધરાજ ત્રંબકલાલભાઈનું વય હાલ સુડતાળીશ વર્ષનું છે, શરીર ભારે પણ તંદુરસ્ત છે, પ્રભુ તેમને દીર્ઘાયુષ્ય આપે, પુત્ર પૌત્રાદીકની વૃધ્ધિ થાય, સર્વદા કુટુમ્બ સહ સુખ શાન્તી અને આબાદીમાં રહી આનંદમાં દીવસો નિર્ગમન કરે, અને સતકીર્તીનો સૂર્ય દીન દીન અધીક પ્રકાશને પામે, જયશ્રીની જડ દ્રઢ જામે, એવી નૂતન વર્ષ રંભે-તેમની અડતાલીશમી વર્ષ ગાંઠને મંગળ ટાંકણે શુભાશિષ આપી વિરામું છું.

કાર્તીક પ્રતીપદા ૧૯૬૯
ઉમરેઠ-ખેડા જીલ્લામાં

કૃપાકાંક્ષી–સેવક.
મોતીલાલ છોટાલાલ
વ્યાસ.

સોરઠનું સાહિત્ય.

સૌરાષ્ટ્રમાં પ્રચલીત દુહા-સોરઠા.

અંન સમાન ન ઔષધી, [1]ઝરણા સમો ન જાપ;
કૃષ્ણ સમો નહી દેવતા, નીંદા સમો ન પાપ. ૧
અનીતીસેં જાતહે, ધર્મરાજ અરૂ વંશ,
આગે ઐસે ચલ ગયે, કૌરવ રાવણ કંશ. ૨
અજગર કરે ન ચાકરી, પંછી કરે ન કામ;
દાસ મલુકે યું કહે, સબકે દાતા રામ. ૩
અગ્નિ પલીતા રાજ દંડ, ચોર લુંટ લે જાય;
ઈતના દંડ દુનિયાં સહે, ધર્મ સહ્યો ના જાય. ૪
અતી ભલો નહી બોલણો, અતિ ભલો નહીં ચુપ;
અતી ભલો નહીં વર્ષણો, અતિ ભલો નહીં ધુપ. ૫
[2]આકા દાતણ જે કરે, નરણાં હરડે ખાય;
દુધે વાળુ થાયતો, એ ઘર વૈદ ન જાય. ૬
આયા એસા જાયગા, રાજા રંક ફકીર;
કોઉ સીંહાસન ચઢ ગયે, કોઉ બાંધે ગયે જંજીર. ૭

૧ ક્ષમા. ૨ ઉલટી કરીને.

અંત ન લીજે કાહુકો, અતી અંત દુખ હોય;
દધી મંથન તેં વીખ ભયો, રત્નાગરકી માંય. ૮
આસા, પાસા, ઓસજળ, ઠગ ઠાકોર દલાલ;
એતાં નહીં આપણાં, ઓી સર્પ સોનાર. ૯
આત્મા કે અનુભવ બીના, કોટી ચાતુરી કીન;
મંજન ભયો લખેશરી, તોઉ દીનકે દીન. ૧૦
એક બુંદકા હોતહે, જળહળ ઝેર રતંન;
થાનક હંદા પેખણા, વંકા એહ વતંન. ૧૧
એક વખત નીવહત નહીં, યહી જાન સબકોઇ;
રવીહુનકી એક દીનમેં, તીન અવસ્થા હોય. ૧૨
આંબો સુકી સલ થયો, આગળ ખાધો ઘણે;
કોયલ બોલે ટૌકડે, આગળ તણે ગણે. ૧૩
એ [1]ભેંણી ને એ ભંગડા, એ ઝાંપોને [2]ઓઝોક;
હંસની ટોળી હલ ગઈ, લોકાં ભેળાં લોક. ૧૪
એક નૂર અંદમી, હજાર નૂર કપરા;
લાખ નૂર ઝવેર, કરોડ નૂર નખરા. ૧૫
આગે દાઝયાં પલવે, છેદ્યાં વાંધે વૃક્ષ;
નારી હુતાસણ જાળીયાં, થાય બળીને ખખ. ૧૬
અપના મન જો થીર રહે, સ્નેહી ચીત્ત કરાર;
જૈસે પંખી ચીત્રાણકા, બેઠ રહે એક ડાર. ૧૭
આપં તહાં લગી આપદા, સંશય તહાં લગી શોગ;
કહે કબીર એ કયું મીટે, દોનું દારૂણ રોગ. ૧૮
અઠોતરસેં બુધડી, રાવણ તણે કપાળ;
એક બુધ ન સાંપડી, લંકાં ભંજાણ કાળ. ૧૯

---

૧ જમીન. ૨ રબારીને ઢોર રાખવાનો વાડો.

એતો કીજે રંગ, જે તે માણુસ રંજય;
જો દીસે મન ભંગ (તો) રંગ સુરંગ ન કીજીએ. ૨૦

આંખ આવી, ગરમ શીતળા, [1]સોકડ બહેની નામ,
ગોલા રાણા, ભાટ રાજા, પાંચે નામ કનામ. ૨૧

અબે તબેકા એક રૂપીઆ, ઈકડે તીકડે આના બાર;
અડેકડેકા આઠે આના, શું શાં પૈસા ચાર. ૨૨

આંખેથી ઉડે, બાવળ મન બીહે નહીં;
ચંદન ના ચુકે, કે વન જઇને [2]વીહમું. ૨૩

ઉભાં બાર સુતાં અઢાર, ચાલત ત્રીસ બત્રીસા;
મૈથુન કરતાં ચોસઠ ચાલે, કેમ રીઝે જગદીશા. ૨૪

અર્થ સરે નહી આપકો, ઓર બીગારે કામ;
એસા જગમાં હોય હે, મુસા[3] ઓર ગુલામ. ૨૫

અવગુણ ઉર ધરીએ નહી, ગુણનો કરી વિચાર;
સુલન એની છાંયમાં, જયું બાવળનું ઝાડ. ૨૬

આપણુ કામે સબળા, પરકામે સબળાય;
તેને સાહી રાખીએ, આડા દે દે હાથ ૨૭

આથ, અનાથ ન જાનહી, ચડે જણું હઠ ચાર;
બાળક મંગણ રાજવી, લાડઘેલડી નાર. ૨૮

અપની પહોંચ બીચારકે, કરતબ કીજે દોર;
એતે પાઉ પસારીએ, જેતી લંબી સોર. ૨૯

ઓછે નરકે પેટમેં, રહે ન છાની બાત;
આધ શેરકે પાત્રમેં, કેસે શેર સમાત. ૩૦

કંથડા રણુ મ ભાગજે, તું ભાગે મું ખોટિ;
મોરી સંગરી સાહેલડી, તાલી દે મુખ મોડ ૩૧

---

૧ શોકય. ૨ ડરૂં. ૩ ઉંદર.

કફ કટણુ વાયુ હરણુ, ધાતુ હીન બલહીન;
તોડીકો પાની કરે, દો ગુન ઓગુન તીન. ૩૨

કામન લાવણ[1] કવિ વયણ[2], મનરંજન દો ડોર;
વેધુંગ દીલ વેધવો, કામનને કવિ ઓર. ૩૩

કવિ મુકુંદકી ચાતુરી, બોલે ન મુરખ સાથ;
જ્યું મૃગનેની કામની, પરી નપુંશક હાથ. ૩૪

કાચો પારો ને બ્રહ્મ રણુ, શીવ નિર્માલ્ય જે ખાય,
ઇશ્વર પાર્વતીને કહે, જડામીટથી જાય. ૩૫

કરમ વિનાના કરશનીઆ, જાને કીની જઇએ;
વચ્ચે બૈસીએ ડોરેથી, તોગે લુખુ ખાઇએ. ૩૬

કાર્ત્તક માસે કુતરા, સહે ભુખ અરૂ પ્યાસ;
તુલસી તાકી કો ગતી, કાતીક બારે માસ. ૩૭

કાકી કુટુમ્બ ન લેખવું, અપર ન ગણવી માય;
[3]મુમ સગો ન લેખવો, થોડો ન ગણવો ધાય. ૩૮

કીરતારે કર્મ છોડીયું, બુંદ પડંતાં મોર;
ગમે તો તું જાગને, ગમે તો તું દોડ. ૩૯

કર હાલે કામે નહીં, મોટી ખોટ નરાં;
તરણે તરણે સુધરી, જો બાંધત ઘરાં. ૪૦

કંથા તું કુંજર ચડયો, હેમ કટારાં હથ;
માગ્યાં મુકતાફળ મળે (પણ) ભીખને માથે ભઠ. ૪૧

કયાં ગયુ કુળ રાવણ તણું, સગર સુત સાઠ હજાર;
કયાં ગયું નાણું નંદનું, સર્વે સ્વપ્ના વહેવાર. ૪૨

કાતી કાપડ, જેઠ ઘી, રાતે વાસી છાશ;
પર ઘર નાર ઘર દીકરી, રાખે થાય વિનાશ. ૪૩

કુંટબ કળો ભીંત ભોરીંગ, વેરી હંદો વાસ;

---

૧ ખુબસુરતી. ૨ વેણ. ૩ કંજુસ.

પાદર ખેતર જુન[1]રણુ, કેદીક થાય વિનાસ. ૪૪

કોણ પાપસે અવતરે, બડે બાપકે પુત;
માંગણુ માગે પાંમરી, પાસે મીલે ન સુત. ૪૫

કહા રાજા પારસ કહા, કહા ચંદન કહા ભંગ;
રંકલોહ તરૂ કીટકા. પરસત પલટત અંગ. ૪૬

કેતા તોયે ચલીઆ, કેતે દીધા પાવ;
તદપી હીરા નવ ફુટયો, અબ કયા લગ્યા ધાવ ૩૭

અપમાન કીયો અજ્ઞાનીને સોમે[2] સહયો શરીર;
જાન જવેરી પાવ દીયા, હૈયા ફૂટયા હીર. ૪૮

કાછડ પુંછડ કુતરાં, તરણે જાત કુજાત;
નાગર કાગડ ને કુકડાં, તરણે જાત સજાત. ૪૯

કરત કુસંગ વાંછત કુશળ, એહી બડો અફસોસ;
સમુદરકો મહીમા ઘટયો, જો રાવણુ પારોશ. ૫૦

કહા કહું કીરતારકું, માલબંધકો ખેલ;
વિભીક્ષણકું રાજ દીયો, હનુમાનકું તેલ. ૫૧

કાણીઆ નર કોક સાધુ, કોક દાતા માંજરા;
ખોખલ દંતાં કોક મુરખા, કોક નિર્ધન ટાલીઆ. ૫૨

કલ્પે સંપત ના મીલે, કલ્પે વિપત ન જાય;
મનકો એહી સુભાવહે, બીન કલ્પે ન રહાય. ૫૩

[3]કાગા કીકા ધન હરે, કોયલ કાકું દેત;
મીઠા શબ્દ સુનાયકે, જગ અપનો કરી લેત ૫૪

કંથડા મકરે કાસદાં, તેથી ભુંડેરો ભાર;
સૌથી ભુંડું માગવું, સુમને કહેવો દાતાર. ૫૫

કેસરી મુછ ભોરીંગ મણી, કૃપણુ દ્રવ્ય સતી નાર;
જીત ગએ પરકર જશે, પડ પાસા પોબાર. ૫૬

---

૧ જુનુ કરજ. ૨ કંજુસે. કાગડો.

કયાં ચંદન કયાં મલયાગીરી, કયાં સાયર કયાં નીર;
જયું જયું પડે વીપતડી, ત્યું ત્યું સહે શરીર. ૫૭
કુળ કપુત્ર છઠી અંગુલી, [૧]અજ્યા ગળે હોય;
રાખેકા કારણ નહિ, દૂર કરે દુખ હોય. ૫૮
કબ તોરી જનની જણે, કબ તું ગ્રહે કબાન;
અવસર આયો પીથલા, મત ચુકે ચહુવાન. ૫૯
કંચન તજવો સહેલહે, સો સો સ્ત્રી સ્નેહ;
માંન બડાઇને ઇર્ષા, દુર્લભ તજવાં તેહ. ૬૦
કામી કુળ ન ઓળખે, લોભી ન ગણે લાજ;
મરણ ન વેળા ઓળખે, ભૂખ ભરખે અખાજ. ૬૧
કરેન કબહુ ઉચસો, દીનહીનકે કાજ;
ભૂખ મરેપે ઘાસકો, ભખે નહિ મૃગરાજ. ૬૨
કાગા કોયલ એક રંગ, બેઠે એકહી ડાર;
બોલતહીં પીછાનીએ, વે કોયલ વે કાગ. ૬૩
કોયલા થાય ન ઉજળા, સોમણ સાબુ લાય;
મૂર્ખકુ સમજાયગો, મર્થ ગાંઠકો જાય. ૬૪
કબીર કહે કમાલકું, દો વાતો લીખ લે;
કર સાહેબકી બંદગી, ભૂખ્યાંકું કુછ દે. ૬૫
કરવત કુજન કુહાડલો, વેરી જુદાં કરંત;
સુઇ સોહાગો સુજન એ, ભાંગ્યાંને સાંધત. ૬૬
કુવા ઢાંકણ પાવઠા, જગનું ઢાંકણ જાર;
બાપનું ઢાંકણ બેટડો, ઘરનું ઢાંકણ નાર. ૬૭
કડવી હોયે લીંબડી, શીતળ એની છાંય;
બંધવ હોયે અબોલણો, તોય પોતાની બાંય. ૬૮
કુંજર મુખથી કણ ગીર્યો, ઘટયો ન વાકો આહાર;
કીડી કણકું લે ચલી, પોષણ નીજ પરીવાર; ૬૯

૧ બકરી.

કરે લાખ ગુણ નીચને, કીમાને ઉપકાર;
ગધે ખાધું ખેત તે, નહિ પુન્ય નહીં પાડ. ૭૦
કાં પંડીત સબસેં ભલો, કાંતો મૂરખ છેક;
સબતે અધ બેહર બુરો, જ્યા કા,મતા અનેક. ૭૧
કહા રાવણ સંગ લે ગયો, કહાં કર્ણ ગોખોઇ;
એક લક્ષ જશ લે ગયો, એક ગયો પત ખોઇ. ૭૨
કાલપ મુકે કેશ, મન કાળપ મુકે નહિ;
વીપરીત થાતાં વેશ, વીણ જોબન વલખાં કરે. ૭૩
કરશણ કુભોમ તણાં, પહેલી પાનાવળ કરે;
આયો આસો માસ, કયાં ઉતલકી ઇલીયા. ૭૪
કંથમ ભૂલે લાકડી, હોંકારે હથીયાર;
કુતા મારણ જળતરણ, અડવડીયાં આધાર; ૭૫
કર સતસંગ વિવેક ધર, મનકો દોડ મીટાડ;
હજુ કુછ બીગડી નહિ, તુળશી રામ સંભાર. ૭૬
કાયર કંથ કપુત પુત, કુલટા ઘરની નાર;
ભેશ પુંછલ ભાદર નદી, કહી ન ઉતરે પાર. ૭૭
કાયર મથા કંથડા, સાથીરી શી વાટ;
સાથી તારા તીન હે, હૈયું કટારી હાથ. ૭૮
કોઇ પુરૂષ કોઇ ઘોડલો, કોઇ કુલવંતી નાર;
સરજનહારે સરજ્યાં, ત્રણ રત્ન સંસાર. ૭૯
ખેતી [1]પાંતી વિનતી, પુઠનકી ખંજવાર;
એતાં નહીં પર હથડે, આપ કરેનકો લાગ. ૮૦
ખડ સુકયાં બાખડ વસુકયાં, વાલાં ગયાં વિદેશ;
અવશર ચુકયા મેહુલા, વરસે કાંઉં કરેછ. ૮૧
ખણ ખીણો ખણ બુડલો, ખણ આવો ખણ લીહ;
દેવે ન દીધા ચંદને, સબેં સરીખા દીહ. ૮૨

ખોળામાં ખાવું, ભૂખ વીણુ ભાવે નહિ;
ગળામાં ગાવું, ઉલટ વણુ આવે નહિ. ૮૩
ખેતર બગાડયું ખડસલે, સભા બગાડી કુડ;
ભેખ બગાડયો ભટુવે, કંચન મળીયું ધુડ. ૮૪
ગુનીજન ગુનકું નાં તજે, ગુનકું તજે ગુલામ;
સીચી નીર ઉછેરીએ, દેત મીષ્ટ ફલ આંમ. ૮૫
ગાડાં મોઢે ગુણુ કરો, ભવોય ભેળાં વસે;
આજો નાતો ઓરતો, કમાણુસનો કશો. ૮૬
ગોલાં હંદી ગોઠડી, કાંટા હુંદી વાડ;
હળવે હળવે છંડીએ, જયું સરવર છંડે પાળ. ૮૭
ગોડી પુછે સુણુ ગોડીયા, કોણુ ભલેરો દેશ;
સુખીયાં તો અઠે ભલાં, નહી તો ભલો પરદેશ. ૮૮
ગોલાં ઢોલાં સુરંગા, કાગદ અરૂ કપાસ;
જયું કુટો ત્યું ગુણુ દીએ, વણુ કુટે વીનાશ. ૮૯
ગાંડી માથે બેડલું, મર્કટ કોટે હાર;
જુગારી પાસે નાણુલું, રહે કેટલી વાર. ૯૦
ગંગા કાંઠે ઘર કરો, નાઓ નિર્મળ નીર;
દત્ત વીના ન પામીએ, કે'તા ગયા કબીર. ૯૧
ગંગાજળ સો જળ નહીં, મહા પ્રસાદ નહીં અંન;
તુલસી તરવરમેં નહીં, મનુષ્ય નહીં હરીજન. ૯૨
ગરજ પરે તબ કરત ગુલામી;
પીછે નગુણા હોત હરામી. ૯૩
ગોલાં કેને ગુણુ કરે, અવગુણુ ગારાં આપ;
માતા જેની સાવડી, બારાં તેરાં બાપ. ૯૪
ગજરજ ડારત શિશપર, કોન સબંધકે કાજ;
જે રજસેં અહલ્યા તરી, સો ઢુંઢત ગજરાજ. ૯૫

ગોલાં નગર ન નીપજે, ખાણુ ગોલારી ન હોય;
કાં આચારે ઓળખો, કાં બોલાવી જોય. ૯૬
ઘર બેઠી કુટુંબ ભાકસી, છોરૂ વ્યાધી જાણુ;
વેવારનાં પડયાં ડસકલાં, અખો કહે મોટી હાણુ. ૯૭
ઘરવડ, જરવડ, આપવડ, છોરૂવડ જો હોય;
સગપણુ કીજે સજણા, ચાર પ્રકારે જોય. ૯૮
ચલો સખી વાંહ જઇએ, ત્રઠ જમુનાકે તીર;
જાતાં જોઇએ સામળો, વળતાં ભરીએ નીર. ૯૯
ચલો સખી વહાં જઇએ, જહાં ન અપનાં હોય;
માટી ભરખે જનાવરાં, મુઆં ન રોવે કોય. ૧૦૦
ચલો સખી વહાં જઇએ, જહાં વસતહે વૃજરાજ;
ગોરસ બેચન હરિ મીલન, એક પંથ દો કાજ. ૧૦૧
ચંચળ ચપળ અરૂ પ્રૌઢતા, બહુ અહારી અતી રોષ;
પાંચે તુરી સોહામણાં, પાંચે સ્રીને દોષ. ૧૦૨
ચલનો ભલો ન કોશકો, દુહીતા ભલી ન એક;
માંગવો ભલો ન તાતસેં (જો) પ્રભુ રખાવે ટેક. ૧૦૩
ચણા ચવેણું ગંગજળ, જો પુરે કીરતાર;
કાશી કબુ ન છોડીએ, વિશ્વનાથ દરબાર. ૧૦૪
ચાતક ચકવા ચતુર નર, નિત્ય પ્રત રહત ઉદાશ;
ખર, ઘુઘુ મુરખ પશુ, મગન સદા પૃથિરાજ. ૧૦૫
ચલત કલમ અક્ષર સુકત, વે પ્રીતીકા મુલ;
નેહી ગયે નીલાં રહે, પરત તાહી મુખ ધુળ. ૧૦૬
ચરન ધરત ચીંતા કરત, શ્રવણુ સુનત નહીં શોર;
સુવરનકુ ઢુંઢત ફીરત, કવિ વ્યભિચારી ચોર. ૧૦૭
ચલ સ્વરૂપ જોબન સુચલ, ચલ વૈભવ ચલ દેહ;
ચલા ચલીકે સમયમેં, ભલાભલી કર લેય. ૧૦૮

ચંગા[1] માહુ ઘર રહે, તીન અવગુણ હોય;
કપરા ફાટે રણ વધે, નામ ન જાણે કોય. ૧૦૯
ચીંતા મ કર નચિંત રહે, પુર્નહાર સમર્થ;
[2]કોશીમેં ડોસી રહે, ગાંઠે કાઉ ગર્થ. ૧૧૦
ચાતુરકુ ચાતુર મીલે, રસકી લુંટાલુંટ;
ચાતુરકુ મુરખ મીલે, બડી ઓ માથાકુટ. ૧૧૧
ચીંતાથી ચતુરાઈ ઘટે, ઘટે રૂપ ગુણ જ્ઞાન;
ચીંતા બડી અભાગણી, ચીંતા ચિત્તા સમાન. ૧૧૨
ચાંપી પહેરે મોજડી, ચાંપી લેવરાવે નખ;
ચાંપી પહેરે પાઘડી, અણ સરજ્યાં તે દુખ. ૧૧૩
ચંદા વેરી વાદળાં, જળ વેરી શેવાળ;
પુરૂષ વેરી નિદરા[3], મચ્છા વેરણ જાળ. ૧૧૪
ચંદ કુમોદની રવિ કમળ, કેકી બરખા માસ;
જો જ્યાકે હૃદયે બસે, સો તીહી પુરે આશ. ૧૧૫
છે સરખાં જન સર્વને, કર મસ્તક ને પાગ;
કર્મ પ્રમાણે સાંપડે, ગુણ રતી ને ભાગ. ૧૧૬
જનની જણતો ભક્ત જણ, કાં દાતા કાં શુર;
નહીતો રહેજે વાંઝણી, મત ગુમાવે નૂર. ૧૧૭
જે મતી પીછે ઉપજે, સો મતી આગે હોય;
કાજ ન બિનસે આપકો, દુરીજન હસે ન કોય. ૧૧૮
જીવીએ તો જશ લીજે, શંકર જેડાં શેણ;
મરી જાવું માનવીઓ, રહેદા ભલાઈનાં વેણ. ૧૧૯
જળ પ્રમાણે પોયણી, કર્મ પ્રમાણે મત્ત;
જે જેની પાસે વસે, ત્યાં તેવી ફળ પત્ત. ૧૨૦

---

૧ કમાવા લાયક પુરૂષ. ૨ કોશેટામાં. ૩ ઉંઘ.

જેને ¹દોખી નહીં દશવીશ, જેને ²સોખી નહીં પચાસ;
તેની જણનારી ભારે મુઇ, ઉપાડયો નવ માસ. ૧૨૧
જાકે બોલે બંધ નહીં, મર્મ નહીં મન માંહી;
સંગન તાકો કીજીએ, છોડ ચલે વન માંહી. ૧૨૨
જેની જડમાંથી વેરી ગયો, માંગણુ ગયો નિરાશ;
તેની જણનારી ભારે મુઇ, ઉપાડયો નવ માસ. ૧૨૩
જડીઓ જંગલમાં વસે, ઘોડાંરો દાતાર;
ત્રુઠો રાવળ જામને, હાંકી દીધો હાલાર. ૧૨૪
જરા બંધનને જમ ડંડણુ, માર્યો મનોહરી કંથ;
લખણા રાવણુ મારતાં, અનેક હુવા અવગુણુ. ૧૨૫
જલકા ડુબ્યા નીકસે, જો કોઇ તારા હોય;
ડુબ્યા ઇશ્ક સ્નેહમેં, નીકસ્યા સુન્યા ન કોઇ. ૧૨૬
જેશી નીતિ હરામકી, તેસી હરસુ હોય;
ચલ્યા જાવ વૈકુંઠમેં, પલા ન પકરે કોય. ૧૨૭
જાતી સ્વભાવ ના ટળે, કરો યત્ન મર ક્રોડ;
શેરડી સાથે સીંચીએ, એરંડ ગળ્યા ન હોય. ૧૨૮
જામે જીતની બુદ્ધ હે, ઇતનો કહત બનાય;
વાકો બુરો ન માનીએ, ઓર કહાંસે લાય. ૧૨૯
જાગો લોકો મત સુવો, નકરો નિંદસે પ્યાર;
જેસો સ્વપ્નો રેનકો, એસો ભયો સંસાર. ૧૩૦
જહાન જીનકા પારખા, તહાંન તીનકા કામ;
ધોબી બસકે કયા કરે, દીગંબર કે ગામ. ૧૩૧
જૈસે ભાયગ બુપકે, સબ જાને સંસાર;
એસો મંત્રી યા મીલે, આગુ બુધ ઉદાર. ૧૩૨

---

૧ દુશ્મન. ૨ મિત્ર.

જાકી કીર્તી જગતમેં, જગત સરાહત જાહી;
તાકો જીવન ધન્યહે, કહત અકબર શાહી. ૧૩૩

જન્મ લઈ આ જગત મેં, એકુ કીયા ન કામ;
દુગ્ધામેં દોનું ગયાં, મીલી ન માયા રામ. ૧૩૪

જંગલ જાત ન છેડીએ, બજારે બકાલ;
કસબે તરક ન છેડીએ, ઉનાળે અંગાર. ૧૩૫

જો મેં એસા જાનતી, પ્રિત કરે દુઃખ હોય;
નગરાં ઢેરા[1] ફેરતી, પ્રીત ન કરીયો કોય. ૧૩૬

જે નારીને નાથ, ગમતે ગમતાં તે ભલાં;
વણ ગમતા વર સાથ, વરવાથી મરવું ભલું. ૧૩૭

જેસા બંધન પ્રેમકો, તેસો બંધન ઓર;
કાષ્ઠહીં ભેદે કમલકુ, છેદી ન શકે ભોંર. ૧૩૮

જોઈ વેરીએ જાત, ઉજળ તઈ આવે નહીં;
પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહી. ૧૩૯

જેસી સોબત જગતમેં, એસો હોત ઉપાય;
સોબત ગુન છુટે નહીં, કોન રંક કુન રાય. ૧૪૦

જને મોંઘા મળેતો, સાંધા સાટવીએ નહીં;
ખુંદાં તોઈ ખમે, જાતીલાં હોય જોગડા. ૧૪૧

જે કુલને અભ્યાસ હે, તે કુલ તે અભ્યાસ;
સીંહ પડે સો લાંઘણું, તદપિ ભખે ન ઘાસ. ૧૪૨

દાઢી અગ્નિ વન ડસે, જળ પથરા વેરંત;
ત્રીયા રૂઠી જે કરે, દૈવે નાંહી કરંત. ૧૪૩

ડુંગર ઉપર ભઠ્ઠી જલે, ખનખન ઝરે અંગાર;
જયાકી [2]હેડી હલ ગઈ, બુરા થયા હવાલ. ૧૪૪

---

૧ ઢંઢેરો. ૨ જોડી.

ડાકણુ મંત્ર અફીણુ રસ, તસ્કર અને [1]જુવા;
કંથ લપટી કામની, એનાં જીવતાં મુવાં. ૧૪૫
ડાઢ ખટકે કાંકરો, કણું ખટકે નેણુ;
વેણુ ખટકે [2]વાવળુ, ગયાં ખટકે [3]સેણુ. ૧૪૬
ડુંગરીયા [4]હરીયા હુવા, વન [5]ઝીંગોરે મોર;
એ રતે ત્રણ સંચરે, ચાકર, માગણુને ચોર. ૧૪૭
ત્યાગ માર્ગની વાતો કરવી, વનિતા ભેળું વસવું;
અખો ભગત કહે બેય બને નહીં; લોટ ફાકવોને ભસવું. ૧૪૮
તુલસી કબુ ન કીજીએ, વણિક પુત્ર વિશ્વાસ;
ધીરજ દેવે ધન હરે, રહે દાસકો દાસ. ૧૪૯
તુલસી પરઘર જાયકે, દુખ ન દીજે રોય;
માન ગુમાવે આપકો, હરવાપનો હોય. ૧૫૦
તુલસી રામ પ્રતાપસેં, નિર્બળ હોત બળવાન;
વાળી સુગ્રીવના જુદ્ધમેં, કયાં હોતા હનમાન. ૧૫૧
તુલસી નફા બીચારીએ, કહા ભલે બુરેકા કામ;
વંતરસેં હનુમા મીલ્યા, હનુમાનસેં રામ. ૧૫૨
તુલસી છોટા રહે અચલ, જ્યુ નદી કીનારે દુખ;
ઘાસ કુસ ઉડ જાત સબ, દુખ ખુબકી ખુબ. ૧૫૩
નાતક નાને જીવસેં, બડા ન હોવે કામ.
ઢોલ દદામા ના બને, ચુહાવે કેરે ચામ. ૧૫૪
[6]તોરી જોબન તેર, [7]ધોરી અઠ ધરાં;
ત્રીયા જોબન ત્રીસ, પુરૂષ પેટ ભરાં. ૧૫૫
ત્રીકમ ત્રીયા ન ધીરીએ, જો શીર કાટી દે;
નદી કીનારે રૂખડાં, સીંચી [8]સમુળાં લે. ૧૫૬

---

૧ જુગારી. ૨ કડવું. ૩ સ્નેહી. ૪ લીલા, ૫ ટહુકે.
૬ ઘોડું. ૭ બળદ.

તુલસી મીઠે બચનસેં, સુખ ઉપજે સહુ ઓર;
બશી કરનકો મંત્રહે, તજહે બચન કઠોર. ૧૫૭
તુલસી દાસ આ જગતમેં, કો જાને પર પીર;
જાનતહે દીલ આપકો, કે જાને રઘુબીર. ૧૫૮
તુલસી તાકી કોન ગત, બોલે બીના બીચાર;
હણે પીયારા આતમા, કરિ જીભ્હા તલવાર. ૧૫૯
તુલસી રેખા કર્મકી, મેટ ન સકેગે રામ;
મેટે તો કીતની દેરહે, સમુઝ કીયો હે કામ. ૧૬૦
તુલસી આ સંસાર મેં, ભાત ભાતકે લોક;
સબસેં રહીએ હલ મીલી, નદી નાવ સંજોગ. ૧૬૧
તુલસી જન્મી જગતમે, ન જાન્યો મનુષ્યા ધર્મ;
શેર બાજરી કારણે, કોટી બાંધ્યાં કર્મ. ૧૬૨
તરૂ કદલીકે પાતમેં, પાત પતમેં પાત;
ચતુર પુરૂષકી બાતમેં, બાત બાતમેં બાત. ૧૬૩
તુલસી હર ભજ્યા નહીં, ગયો ભુતનકે ભાગ;
શીર ધુને જીભ્હા કટે, મુખમેં ડારે આગ. ૧૬૪
દાન ઉથાપણુ, દવજળાણુ, રણભંજણ ગોમાર;
એતા ગુન્હા નબક્ષુ, સુણ હો પાંડુ કુમાર. ૧૬૫
દેવું મરવું મારવું, જલવી ખાંડારી ઝટ;
અખો કહે ઠાકરો, વસમી ક્ષત્રી વટ. ૧૬૬
દાદુ નાણાં સાચકા, ફરે નવખંડ મંહી;
જેસાને તેસા કહે, તામે નીઘા નાંહી. ૧૬૭
દાંતે લુણ જે વાવરે, કવળે ઉંણું ખાય;
ડાબુ પડખું દાબી સુવે, તે ઘર વૈદ ન જાય. ૧૬૮
દયા ધર્મકા મુલહે, નર્ક મુળ અભિમાન;
તુલસી દયા ન છોડીએ, જબલગ ઘટમેંપ્રાન. ૧૬૯

દીન અથમ્યો, વળી છાંયા;
હંસો હાલી નિકળ્યો, માન સરોવર માયા. ૧૭૦
દાડી જાય દરબારમાં, ધક્કા ધણીના ખાય;
કબુ લ્હેર સમુદ્રકી, ભવનાં દળદર જાય. ૧૭૧
દીશા દીશા કયા કરો, હીમત ધરો હમેશ;
સીહારે થાનક કશો, નરાં કશો વિદેશ. ૧૭૨
દુરીજનકી કૃપા બુરી, ભલો સંતકો ત્રાસ;
જબ સુરજ ગરમી કરે, તબ બરખનકી આશ. ૧૭૩
દિન ગણતાં માસ ગીયા, વરસે આંતરીયાં;
સુરત ભુલી સાહીબા, નામે વીસરીયાં. ૧૭૪
દો દો તરકસ બાંધકે, સબેં કહાવત શુર;
કામ પડે તબ જાણીએ, કીનકે મુખપર નુર. ૧૭૫
દુર્લભહે મનુષ્યા જન્મ, મીલે ન વારંવાર;
તરવરસે[1] પત્તાપરે, ફીર ન લગે ડાર. ૧૭૬
ધર્મ કરતાં ધન વધે, સુખમાં વધે શરીર;
સતસંગે બુદ્ધી વધે, કે'તા ગયા કબીર. ૧૭૭
ધર જાતે ધર લુંટતે, પડતે મેળા દાવ;
એતાં ટાણાં મરણનાં, કુણ રંક કુણ રાવ. ૧૭૮
ધુતા હોય સલક્ષણા, વેશ્યા હોય સલજ્જ;
ખારાં પાણી નીર્મળાં, ત્રણે તોય અખજ. ૧૭૯
ધીરે ધીરે રાવતાં, ધીરે સબ કુચ હોય;
માળી સીચે સોગુણા, રતવિણ ફળ ન હોય. ૧૮૦
ધરતી નીત્ય નવેરડી, કેની ન પુરી આશ;
કેતા રાણા રમ ગયા, કેતા ગયા નીરાશ. ૧૮૧

---

[1] ઝાડ.

ધાતુ કરન અરૂ બલ ધરન, માંકુ પુછો કોય;
પય સમાન ત્રીલોકમેં, ઔર ઔષધી ન હોય. ૧૮૨
નાનાં સાથે નેહ, કાલાંથી કરીએ નહીં;
છુટકી દીએ છેહ, સર્વાળો સાંધે નહીં. ૧૮૩
નામ રહંદા ઠક્કરા, નાણાં રહંદા નાહી;
કીરત હંદાં કોટડાં, પાડયાં પડંદા નાંહી. ૧૮૪
નિંદ્યા મુખસેં સાચકી, કદી ન કરના કોય;
પૂર્વજન્મ કમાઇકુ, પલમેં દેતા ખોય. ૧૮૫
નામાંનાં શામાં કરે, દીઠાં ધન હરે;
વણિક તણો વિશ્વાસ, કરે તો વણુ મોતે મરે. ૧૮૬
નહીં આદર નહીં આવકારે, નહીં નેણાંમાં નેહ;
સખી ન જઇએ તે ઘરે, ભર કંચન વરસે મેહ. ૧૮૭
ઝાઝો આદર આવકારે, ઝાઝો નેણુમાં નેહ;
સખી જઇએ તે ઘરે, ભર ભાલે વરસે મેહ. ૧૮૮
નિચ તણો કીજે નહીં સંગ, ચડે કલંક થાએ મન ભંગ;
હાથ અંગાર અડે જો કોઈ, કાં દાઝે કાં કાળો હોય. ૧૮૯
નમન નમનમેં ફેર હે, બ્હોત નમે નાદાન;
દગલબાજ દુના નમે, ચીત્તા ચોર કમાન. ૧૯૦
નીર ન બોરે કાષ્ટકુ, કહો કુનકી રીત;
અપનો સીંચ્યો જાનકે, ઓહી બડુંકી નીત. ૧૯૧
નીચ કબુ નહીં છેડીએ, નીચ કરો નહીં સંગ;
પથ્થર ડારો કીચમેં, ઉલટી બીગારે અંગ. ૧૯૨
નિર્ગુણુ ગારાં માણુસાં, ગુણુ ન કરણો જાય;
સાવજ પડયો અજાડીએ, કાદે તેને ખાય. ૧૯૩
નિર્ગુણુ કેરે હથ જઈ, ગુણુ સગુણાના જાય;
ચંદન પડયું બજારમાં, ઈંધન જયુ વેચાય. ૧૯૪

નષ્ટ મળે જો નાર, કુજોડ કોઈક પ્રકારની;
હમેશ હારોહાર, વસવાથી ખસવું ભલું. ૧૯૫
નેન બાન જ્યાકુ લગે, વાકા ઔષધ નાંહી;
વૈદ બિચારા ક્યા કરે, નાંહી મુલકકે માંહી. ૧૯૬
નેહ નિભાવન કઠિનહે, સમુઝ કિયો સબ કોઈ;
ભાંગ ભખન પૈં સુગમહે, લ્હેરાં મુશ્કીલ હોય. ૧૯૭
નીંદાગારા મત મરો, મરો અપના પુત;
ઓરનકુ પાવન કરે, આપે સરજે ભૂત. ૧૯૮
પ્રેમી પ્રેમ તજે નહીં, હોત પ્રાણ તેં હીન;
મરે પરેહે ઉદર તોઉ, જલ ચાહતહે મીન. ૧૯૯
પદરે તીથી પાધરી, સાતે વાર સવાર;
જા દીન જોખા ઉપજે, તા દીન વાર કવાર. ૨૦૦
પાન જુનું, દુધ નવું, ત્રીજી કુળવંતી નાર;
ચડવાને ઘોડો ભલો, સ્વર્ગ નીસરણી ચાર. ૨૦૧
પાપ કરંતા વારીએ, ધર્મ કરંતાં હાજ;
બે વાતો બતલાવીએ, પછે ગમે ત્યાં જા. ૨૦૨
પીથલસેં મીજલસ ગઇ, બીરબલસેં બાત;
હાસ ખેલ હસ બોલવો, તાનસેનકે સાથ. ૨૦૩
પલકા દો પખવાડીયા, ઘડિકા દો માસ;
કાલ કહે કરશું અમે, તેનો શો વિશ્વાસ. ૨૦૪
પૃથ્વી ખણતાં લક્ષ્મી હસે, વૈદ આવતાં કાળ;
વ્યભિચારીણી નારી હસે, કંથ ઝુલાવે બાળ. ૨૦૫
પાતળ પેરણ ભલ ચડણ, ભોમ સ્ત્રી ભલ;
લાલચ હંદા ન લભીએ, લખ્યાં મળી જે લલ. ૨૦૬
પીંગળ બીન કવિતા કથે, ગીતા બીના જ્ઞાન;
ભોગ કરે જો કોક બીન, સો નર પશુ સમાન. ૨૦૭

પાંત્રીસાથી પાંચગીયાં, દયા ધર્મને દીવો;
સગાંમાંથી સગપણ ગીયું, વેવાર વીના જીવો. ૨૦૮

પાંચ કોસે પાળો વસે, દસ કોસે અશ્વાર;
કાંતો નગુણી નાર છે, કાં નાવલિયો ગેમાર. ૨૦૯

પાલર વાગો ખાખરો, લાડર વાઈ [1]ધી;
જેને પુછણે બાઇડી, તેનો માઠો દી. ૨૧૦

બોલ ખીઠણ ના દીએ, ચલન ન દે કુલ લાજ;
પ્રોલ પલંગકી બીચમેં, ઉદે ભયો ઉદે રાજ. ૨૧૧

પાન, પથર, સુજાનનર, ઘણુ મુલે વેચાય;
જ્યું જ્યું ભુમી પાલટે, મુલ ઘણેરાં થાય. ૨૧૨

પહાડે પહાડે મણી નહીં, ચંદન વનવન ન્હોય;
કોક દેશ કરતુરીયો, સતી ઘર ઘર ના હોય. ૨૧૩

પૈસો મારો પરમેશ્વર, સ્ત્રી મારો ગુરૂ;
સાધુ સંત છૈયાં છોકરાં, સેવા કેની કરૂ ?. ૨૧૪

પ્રીત તહાં પડદો નહીં, પડદો ત્યાં નહીં પ્રીત;
પ્રીત કરી પડદો રખે, વે દુશ્મનકી રીત. ૨૧૫

પહેલું સુખ તે જાતે નર્યા, બીજું સુખ ઘેર દીકરા;
ત્રીજુ સુખ કોઠીએ જાર, ચોથું સુખ સુકુળની નાર. ૨૧૬

પાપ પીપા ન કીજીએ, તો પુન્ય કીયો સો વાર;
કીસીકા કછુન લીજીએ, દીઆ દાન હજાર. ૨૧૭

પાદર ખેતરને પગમાં વાળા;
કુભારજા બાઇડી ચાલવું પાળા. ૨૧૮

મુરખો દીકરો ગામમાં સાળા;
એટલું મ દેજે દ્વારિકાં વાળા. ૨૧૯

---

1. દીકરી.

પરદેશીકી પ્રીત, ઘાસકા તાપણા;
ગમે તેટલું કરો, થાય નહીં આપણા. ૨૨૦

પ્રિય બચન અરૂ સુજનતા, શુરપનો દાતાર;
વે ચારો તબ સાંપડે, હોત કૃપા કીરતાર. ૨૨૧

પાંચ પંચાં ઉચા ચડો, પેસો પંચાં દોય:
અન હોની હોની નહીં, હોની હોય સો હોય. ૨૨૨

પંચ રત્ન સોરઠ ધરા, અશ્વ નદીને નાર;
સોમેશ્વર ચોથા કહું. વળી હરીનો દ્વાર, ૨૨૩

પ્રીત કરી કેસી ભઈ, અન ચાહત કે સંગ;
દીપકકું ભાવે નહી, જલજલ મરે પતંગ. ૨૨૪

દા' બળે ડુંગર જલે, જલે સબ બનરાય;
તમે કાં જલો પખીયાં, અમારે પાંખ નાંહી. ૨૨૫

બાબા તાળી બાકરી, કમણે ન ઝાલેલ કાન;
ખરીયું સીખે ખાઇ ગયો, ભડલી વાળો ભાણુ ૨૨૬

બીના પ્રયોજન બોલવો, જ્યું ગધ્ધેકા નાદ;
એરનકુ રૂચે નહીં, સુને ન ઉપજે સ્વાદ. ૨૨૭

બીતીકુ ચીતવન નહીં, આગુન કરે આશ;
આઇંતા શીરપર ધરે, સોઇ હરીકા દાસ. ૨૨૮

બણી બણાઇ બણુ રહી, ઓર બણવેકી નાંહી;
બુંદ પડતાં જો લીખ્યા, સો મીટવેકા નહીં ૨૨૯

બલાં કુત્તાંને બામણાં, સાંઢાંને સુતારાં;
ઉપજ થોડીને વેર ઘણાં, છઠાં ચુનારાં. ૨૩૦

બાડાને બાડો ન કહીએ, સાંભળ મુંઝાશેણ;
હળવે હળવે પુછીએ, શાથી ખોયાં નેણ. ૨૩૧

બડા બડાઇ ના કરે, બડા ન બોલે બોલ;
હીરા મુખસેં ના કહે, લાખ હમારા મોલ. ૨૩૨

બાજીંદા બાજી રચી, જેસા [1]સેંમર ફુલ;
દો ઘડીકા પેખણા, પીછે ઉડે ધુર. ૨૩૩
બીજ વીણુ ખેત ન નીપજે, સીંચ્યે જળ કયા હોય;
તુલસી નિષ્ફળ રામબીન, ફર દેખા સબકોય. ૨૩૪
બડ સંગત બડહોતહે, જયું વામન હથ દંડ;
તુલસી રામ પ્રતાપસેં, દંડ ગયે બ્રહ્મંડ. ૨૩૫
બુઢો પરણે બાઇડી, અભણ્યો બેસે રાજ;
બોજ ઉપાડે બળદિયા, ત્રણે પરને કાજ. ૨૩૬
બલીહારી તુજ બાજરા, જેનાં લાંબા પાન;
ઘોડે પાંખું આવીયું, બુઢા થીયા જુવાન. ૨૩૭
બાર ગાઉએ બોલી બદલે, તરવર બદલે શાખા;
બુઢા પણુમાં કેશ બદલે, લક્ષણુ ન બદલે લાખા. ૨૩૮
(સ્ત્રી) બાળ પરદેશાંરી ચાકરી, કોણુ પરદેશાં જાય;
ઘર બેઠા રોં સાહીબા, મરમળે લાખ સવાય. ૨૩૯
(પુરૂષ) પીયાકે પ્રેમ ન ઉપજે, સુણુ સુંદરી સોય;
પરદેશાંરા માલ વણુ, સેજડીએ રંગ ન હોય. ૨૪૦
બહુ બોલો બેટી ઘણી, બે નારી ભરથાર;
તુલસી તાકુ ન મારીએ, માર દીયા કીરતાર. ૨૪૧
ભડ સભડ વાચા ભલો, હદ ન હીણી વાત;
જેસલ તોલીને કહે, શી પુછવી જાત. ૨૪૨
ભાગ્ય હીનકુ કયા મીલે, ભલી વસ્તુકા ભોગ;
દાક્ષપકે મુખપાકકો, કાગ કંઠમેં રોગ. ૨૪૩
ભલાં ભવાય ન વીસરે, નગણ્યાં ન ચડે ચંત;
કાળી ઉનને કમાણુસાં, દુજો ન ચડે રંગ. ૨૪૪

---

[1] શીમળો.

ભરત પ્રબળ ભાવી કથા, વિલખી કહે મુનીનાથ;
હાની લાભ જન્મ મરણ, જશ અપજશ વીધિ હાથ. ૨૪૫
ભાણુ ભાંગલ હોયતો, રેણ દઇને રાખીએ;
કચ ફુટયો કોય, સાંધો ન મળે શુરના. ૨૪૬
ભાણાં ખડખડ લોઝરણુ, આવતડાં પીયાં;
એતાં જે કોઇ જીરવે, જેનાં વજ્ર હોય હીયાં. ૨૪૭
ભગત બીજ પલટે નહીં, જુગ જાય અનંત;
ઉચ નીચ ઘર અવતરે, તોય સંતકે સંત. ૨૪૮
ભેરો કછુ ન આવહી, રાજ, બાજ, ગજસાજ;
કહાં અકબર બાદશાહ, કહાં રાજ સીધરાજ. ૨૪૯
ભારે ઝીલે ભાર, હળવાં વાએ હીલે;
દોખી પુરે દાવ, તોય સાંભળીએ નહીં. શૂરના. ૨૫૦
ભોમપ્યારી ભેચ્રણી, કેની ન કરીએ આળ;
કાં ખાગે દો લકડી, કાં ખાગે દો ગાળ. ૨૫૧
ભોમ ગઇ ફીરકે મીલે, ધન ગએ ફીર પાય;
પ્રાણ ગયે ફીરકે મીલે, પત ગઇ ફીર ન આય. ૨૫૨
ભલાં સાજણ ભલે મળો, કરે હૃદાની વાત;
મનની આલે મુડીયું, ભુલ્યાં ચડાવે વાટ. ૨૫૩
ભલાંને જી ભણીએ, નગુણાને પણ જી;
નગુણાં ન હોત જગતમાં, ભલાં સંભરતેકી. ૨૫૪
મળે મેડી બીહુણે, મળે વિદેશ ગીયાં;
સો સાજણ ક્યાંથી મીલે, ધરતી ઢંક થીયાં. ૨૫૫
માહ મહીનાનું માવઠું, જંગલ મંગળ ગીત;
સમય વિનાનું બોલવું, ત્રણેની એ રીત. ૨૫૬
મોર મારેલ, હરણ હેરેલ, ફોડેલ સરવર પાળ;
બાળપણે મા મરે, ઘર ભાંગે અંતરીઆળ. ૨૫૭

માનસરોવર માંહ્ય, બગ મુરાલ દોનું વસે;
ખાજ અપનો ખાય, ભખે અખજ નહીં બેરીપ. ૨૫૮

મુખસેં કછુ માગું નહીં, પેટ ભરનકે કાજ;
પરમારથકે કારણે, મંગનકુ નહીં લાજ. ૨૫૯

માગણ વ્હાલું બોલણે, રાજા વ્હાલું રૂપ;
માળી વ્હાલો મેહુલો, ધોબી વ્હાલો ધુપ. ૨૬૦

મુંહી મન એ ન સુહાય, અમૃત પીવા માન બીન;
જો વીખ દહીં બોલાય, માન સહીત મરવો ભલો. ૨૬૧

મૃગ મદ્દ ગજશીર શીપસુત, પનંગ શીર મનીરાજ;
યાહીતેં નીર્ધન ભલો, જીયતન આવે કાજ. ૨૬૨

મન [1]એગળ માને નહિ, જબ લગ ખના ન ખાય;
જૈસેં વિધવા સ્ત્રી, ગર્ભ રહે પરતાપ. ૨૬૩

મોઢાં મોરી જોગ, ચોકડ કાંઉ ચડાવીએ;
બોલી જણાવે જાત, પરીયા કાંઉ પુછાવીએ. ૨૬૪

માયાકુ માયા મીલે, કર કર લંબે હાથ;
તુલશી કોઉ ગરીબકી, કછુ ન બુઝે બાત. ૨૬૫

મળીયા મુઢ ઘણાય, મન સાગર મળિયા નહી;
તેની તરસ્યું તનમાંય, દીલ અમાણે દેવરા. ૨૬૬

મચુંકી દીવા લઈ, જાયા કઇ જોશો;
થીઓને કોઇ થાશે, સધરા જેસંગ સારખો. ૨૬૭

માનવ જાણે મેં કરૂં, કરતલ બીજો કોય;
આરંભ્યો, અધવચ રહે, હરી કરે સો હોય. ૨૬૮

મરદાં હારી મુછડી, દોદો વાળ ઘણાય;

---

1 ઘોડો.

ગંડક કેરો પુંછડો, રાખે લોક ઘણાજ, ૨૬૯

મળવા આવે મલપતુ, પતંગ દીપક પાસ;
ધીક પડી એ પ્રિતમાં, વળતી કરે વિનાસ. ૨૭૦

મન મનોર્થ જે કરે, પોચ ન શકે ત્યાંજ;
ઓલાંગી પાછાં પડે, વાંદર જ્યું શિખરાય. ૨૭૧

મીશરી મૈથુન અંબ રસ, પય તીખાં મધુપાન;
એના પર જે જલ પીએ, સો નર પશુ સમાન. ૨૭૨

મીલે સાલ્યમી શેરભર, કરત મજુરી શેર;
તુલશી તાતે હરી ભજો, નહિં શેરમે ફેર. ૨૭૩

મોતી ફુટયું સારતાં, મન હટકયું કવેણુ;
[1]તેજી ભાંગ્યો ફેરતાં, સાંધો ન મળે શેણ, ૨૭૪

માગણુ મેલે લુગડે, વેશ્યા જોબન હીન;
[2]કામોરો કામેથી ઉતર્યો, ત્રણે કળા હીન. ૨૭૫

[3]મણુજણુ લડે તો મર લડે, તુકાં લડે ઘો;
પડી રહેને પાપણી, કાં સુખની નીંદરખો. ૨૭૬

મુર્ખ નર તે માંદો પડીઓ, પુર્વ જન્મનો પાપી;
દશ કોરી ડાકલીએ લીધી, વીશ ભુવાને આપી. ૨૭૭

માયા મેરે રામકી, મોદી સબ સંસાર;
જ્યા પર ચીઠી ઉતરે, સોઈ ખર્ચન હાર. ૨૭૮

મુરદાંકો હરી દેતહે કપરા લકરા આગ;
જીવતા નર ચીંતા કરે, તાકી બડી અભાગ. ૨૭૯

માયા નારી મરદકી, નામરદાંરી માંય;
વીશો વીશ ક્રોડનો, હાથ ઘસતો જાય. ૨૮૦

---

૧ ઘોડો. ૨ કામદાર. ૩ સર્પ.

મુર્ખની વાતો બળી, જે વાતે ઘર જાય;
પંડીતની લાતો ભલી, જે લાતે ગુણ થાય. ૨૮૧

મન દીરે માને નહિ, કુમતે મન કોળાય;
અવળે અક્ષર આવીયા, સવળા કી શેવાય. ૨૮૨

મેતા મારે મોત બીન, કલમકારી તરવાર;
ધા ઉનકા રૂજે નહિ, ઉતરે આરોપાર. ૨૮૩

મનની હારેહારને, મનની જીતેજીત;
મન મલાવે હરીને, મનકું કરે ફજેત. ૨૮૪

માંગણ કછુ માગે નહિ, તસ્કર જાય ન જાય;
ચાકર બીચારા કયા કરે, લેખ પરાયા ખાય. ૨૮૫

માયા કાલાંને મળે, પુન્યા લેખ પરમાણુ;
જાણપણું ગુનુ જાણ, વસમું લાખા વીંછીયા. ૨૮૬

મુખમેં રામ બગલમેં છુરી;
ભગત ભયા પણ દાનત બુરી. ૨૮૭

રોવો સૌ સંસાર, મોકળીયું મેલીને;
કયાં જંપાવું ઝાળ, સાયર ફાટયું સોખડા ૨૮૮

રાજા જોગી અગ્ની જળ, ઉનકી ઉલટી રીત;
ડરતા રહીએ દુરથી, થોરી કીજે પ્રીત. ૨૮૯

રાંકાંથી રૂઠી ફરછ, દેછ ધીંગાંને ધાન;
પાસે નહીં પ્રધાન, સમજાવે તું સામળા. ૨૯૦

ધીંગે દીધલ ધાન, આડા ઓડા બાંધી કરી;
રાંકે ન ભજ્યા રામ, મુઆના મટકા લગી. ૨૯૧

રોટી રોટી કયા કરે, કર લે જીય આરામ;
દાને દાને પર લીખ્યા હે, ખાનેવાલેકા નામ. ૨૯૨

શંકા નગર ન નીપજે, ખાણુ શંકારી ન હોય;
ધન ફીટે માહુ મરે, જણુવે શંકાં જોય. ૨૯૩
રાધે તું બડ ભાગીની, કોન તપસ્યા કીન;
તીન લોક તારન જેહી, સો તેરે આધીન. ૨૯૪
રાગ પાધ ને પારખુ, નાડી ને વળી ન્યાય;
તરવું તાંતરનું તસ્કરનું, આઠે આપ કળાય. ૨૯૫
રૂપું વાવ્યું ન નીપજે, મોતી ન ફુલે ડાળ;
ગુણુ રૂપ હાટે નો મળે, ફુટી ગરો કપાળ. ૨૯૬
ગગનકો પતી કનરો, ધરતીકો પતી ઈંદ્ર;
તારનકો પતી ચદ્ર હે, ગોકુલપતિ ગોવીંદ. ૨૯૭
રાગ વિનાનો આરડે, નિર્ધનીઓ કુટાય;
નબળો સબળાને ગુણુ કરે, આટા લુણુમાં જાય. ૨૯૮
જો રોવું તો જગ હસે, હસું તો કાજળ જાય;
મનકી રહી મનમાંય, જ્યું ધણુ લકડેકુ ખાય. ૨૯૯
લજ રખતો જીવરખ, જીવ વણુ લજ મ રખ;
એ તો માગું છાયા, રખ તો દોનું ભેળાં રખ. ૩૦૦
લાખ અવગુણુ મેં કીયા, તું બડો ગુણુ જાણુ;
હું બીલહારી સજણાં, મોરી ત્રુટી સર તાણુ. ૩૦૧
લાખ વિમાસણુ કોડ બીધ, કર દેખો સબ કોઈ;
અન હોની હોની નહીં, હોની હોય સો હોય. ૩૦૨
લીખની પઢની ચાતુરી, સર્વે વાતું સહેલ;
કામદહન મન વશકરા, ગગન ચઢન મુશ્કેલ. ૩૦૩
લાંગાલાવ સંસારરા, દીયાને ભજ્યા દોય;
ન દીયા ન ભજ્યા, ગોયા જન્મારા ખોય. ૩૦૪
વાએ જણુકે મુછડી, વદન ઝણુકે દંત;
કાગા નીંદર પોઢીઓ, કઈ સુવાગણુરો કંથ. ૩૦૫

વણુ ધોઓ મોટે વતે, ખેઓ ભરીયલ દંત;
ઉલતો ઘર આવજે, મોરા કુંજર નેણા કંથ. ૩૦૬
વાતે રીઝે વાણીઓ, રાગ થકી રજપુત;
બ્રાહ્મણુ રીઝે લાડવે, ડાકલે રીઝે ભૂત, ૩૦૭
વાસાહર સુરજવંશી, જસદણને ટીલે જોય;
છત્રપત આલણુ સારખો, કાઠી નથીયજ કોય. ૩૦૮
વાંક કર્મના આંકનો, લાંક તણો શો વાંક;
મળે ન રાજા રાંકને, ટાંક લખે નવટાંક. ૩૦૯
વારણુ વીંજાળ ન વિશરે, જન્મ ભોમ નરાં;
કાછ ધરણીને કલ્યાંણમલ એતાં વીશરશે મુવાં. ૩૧૦
વટાઉ પુછું વાત, કગધજ લડી પાકછુ;
સુની રાખી દીન સાત, દીલ્હી દુરંગદાસજી ૩૧૧
વેલા વટણુ જગ હંસો, દોખી પુરે દાવ;
ઉઠ દીહડા કંધ ચડ, સો તેગ પચાશ. ૩૧૨
વેળે ચડીયાં વીર, વેળે તઈ વલાણું નહીં;
શાનાંની સંગતે, હાલી દીલ હળવું થીયું. ૩૧૩
વાતડીયું વગતાલીયું, જણુ જણુ પ્રત્યે જુજવી;
જ્યાં જ્યાં જોડાં માનવ, ત્યાં ત્યાં તેવડીયું. ૩૧૪
વિઘા ભલપણુ સમુદ્રજળ, ઊંચપણે આકાશ;
ઉત્તર પંથ દેવ ગતિ, પારન લાધે પૃથ્વીરાજ. ૩૧૫
વિઘા વનિતા નૃપ વેલડી, જોવત નહીં કુલ જાત;
જે ઊનકે સંગમેં રહે, તાપરતે લપટાત. ૩૧૬
વૃક્ષ સાથ લાગી રહી, વેલ તણી જે પ્રીત;
સુકે પણુ મૂકે નહી, એહી પ્રીતની રીત. ૩૧૭
બીના બક્ષીલા નોકરી, બીના દાસ જુવાન;
એ તીનોં ફીકે લગે, બીના સુપારી પાન. ૩૧૮

વેવાઈ વેલાં જાચકાં, જગાઇને [1]ધી;
એતાંને ગુચું કરો, ગમા પાયું ઘી. ૩૧૯
વણ દાતાને દાતા કહેવો, સુગને કહેવો કર્ણ;
ફુવડને લક્ષ્મી કહેવી, ભીખથી ભલું મર્ણ. ૩૨૦
વિપત બરાબર સુખ નહી, જો થોરે દીન હોય;
ઇષ્ટ મીત્ર બંધુ સબે, જાન પરત સબ કોય. ૩૨૧
વેતાં પાણી નીર્મળાં, બાંધ્યાં ગંદાં હોય;
સધુ જન ભમતા ભલા, ડાગ ન લગે કોય. ૩૨૨
વાલાં આડી વાડ, કાંટાળી કરીએ નહીં;
ઉગે દુ:ખનાં ઝાડ, આડો પે આવે નહી. ૩૨૩
વાંસ વધે વીશ કાતળી, તોય પોલુંને પોલું;
ગોલું બેસે ગાદીએ, તોય ગોલુંને ગોલું. ૩૨૪
શોભા સબ દરબારકી, લે ગગો બલ વીર;
ગોકુલસેં કાનડ ગએ, પીછે રહે આહીર, ૩૨૫
શૂરવીર કે વંસમેં, શૂરવીર સૂત હોય;
જ્યું સિહનકે ગર્ભમેં, કુરંગ ન નીપજે કોય. ૩૨૬
શિયાળ બાઇ શિવરાત રહ્યાં, નરણાં ન કાપી નાડી;
ભાયુંથી ભુંડા થીયાં, કાંધમાં વાગી કુહાડી. ૩૨૭
શીખતો વાકું દીજીએ, જયાકું શીખ સોહાય;
બંદરને શીખ દેય તહાં, સુઘરી કો ઘર જાય. ૩૨૮
શામ સમતા રઘુ રટણ યજુર જરણા જાણ;
અથર મન સ્થીર કરો, તો ચારે વેદ પ્રમાણ. ૩૨૯
સેજ મીલ્યા સો દુધ બરોબર, મંગલીયા સો પાની;
ખેંચલીયા સો રક્ત બરાબર, કહે કબિરા બાની. ૩૩૦
સાયર હંસ મનાવીએ, એ છે તારી જોડ;

[1] દીકરી

જેથાં બેઠાં શોભીએ, તેથાં મ તાણી તોડ. ૩૩૧
શોભે હંસા સાયરાં, સાયર હંસ શોભાય;
કોકીલ શોભે અંબવન, કાગડ લીંબડ છાંય. ૩૩૨
જાપ કહે સુણુ સાયરાં, કહા તુમારા લેત;
ધૃતી ખાત અકાશરી, જશ તસુકું દેત. ૩૩૩
સ્વાર્થ સહુ કોઇ કરે, પરમારથ ન કરે કોય;
હાથો મેલે મસાણમાં, કુહાડો ન મેલે કોય. ૩૩૪
સો કારીનો મહીનો, સોગઠે રમવા જાય;
ધનો ભગત એમ કહે, લેણા દેવી ખાય. ૩૩૫
સોરઠ ધરા ન સચર્યો, ન ચડ્યો ગઢ ગીરનાર;
નદી ન નાહ્યો ગોમતી, અફળ ગીયો અવતાર. ૩૩૬
સુમ કહે સુણુ સોમટી, કયું મુખ કારો કીન;
ગર્થ ગુમાયો ગાંઠસે, કે ઓરનકું દીન. ૩૩૭
નહીં ગુમાયો ગાંઠસે, નહીં ઓરનકું દીન;
દેતે દેખ્યા ઓરકુ, યું મુખ કારો કીન. ૩૩૮
સામેરી સાયર ઉલટયો, રત્ન તણાંણાં જાય;
કર્મ હીણો કર વાવરે, શંખસે મુઠ ભરાય. ૩૩૯
સાંઇ શૂરા ચાર રખ, મત કાયર ચાળીશ;
વે ચાળીસે ભંજણા. એ શૂરા ચાળીશ. ૩૪૦
સાંઇ ઝરૂખે બેઠ કર, સબકા મુજરા લેત;
જૈસી જીનકી ચાકરી, એસા ઉનકું દેત. ૩૪૧
સત્ય બચન અરૂ દીનતા, પર મેરી માત સમાન;
ઇતને કર હરિ નાં મિલે, તુલશીદાસ જમાંન. ૩૪૨
સીમાડા રોંવે રસ લહે, પંચ મળે પીવાય;
વેણુરા વેર વિકટ હે, ધખતો રહે સદાય. ૩૪૩
સંવત સોરહસે અસી, બશી જમુનાં કે તીર;

શ્રાવણ સુકલા સપ્તમી, તુળશી તજ્યો શરીર. ૩૪૪

સાંજ પડતાં દેખકે, ચકવી બેઠી રોય;
ચલો ચકવા ઉન દેશડે, જ્યાં રેન બિજોગ ન હોય. ૩૪૫

સોમાં ફુલી હજારમાં કાણો, તેનો સરદાર હાંસા તાણો;
હાંસા તાણે કર્યો પોકાર, માંજરા આગળ ન મારો ભાર. ૩૪૬

સ્વર્ગથી સોહામણું, માનવીને મન લોક;
દો ત્રણ વાતું દોહલી, જરા મરણુ વિજોગ. ૩૪૭

સાંઇ સમા ન ચુકીએ, કુલ અપનેકી રીત;
વડ જોષને કીજીએ, વેર વિવા અરૂ પ્રીત. ૩૪૮

સમો બડો બલવાન હે, નહીં પુરૂષ બળવાન;
કાબે લુંટી ગોપીકા, એ અરજુન એ બાન. ૩૪૯

સગાં સબંધી સોબતી, બેઠ ઉઠ બિશ્રામ;
તુલશી તહાં ન કીજીએ, લેન દેન કો કામ. ૩૫૦

સુનુ સજજન ચતુરાઈ કહું, ધારી લીજે ચંત;
એ તીનુ કહું બીશરે, અરિ પ્રભુ અપનો મીત. ૩૫૧

પ્રભુ સમરે પાપ કટે, મીત્ર સમરે પીર;
અરી સમરે તીન ગુન, બુદ્ધી પ્રાક્રમ ધીર. ૩૫૨

સતી ન પીસે પીછણું, સો પીસે સો રાંડ;
સાધુ જન માગે નહી, સો માગે સો ભાંડ. ૩૫૩

સંવત તેર બહુતેર, આપ સુરજ ગઢ આયા;
છોડી પાવર પાટ, પડ પાંચાળ રચાયા. ૩૫૪

સાધુકું મંદીર ખોત હે, જો મન તજે બીકાર;
કાલુ કે કબ દેખીઆ, સર્પ કંધ કોદાર. ૩૫૫

સાધુજન સંસારમેં, જ્યું કમલા જલ માંય;
સદા સરવદા સંગ રહે, પાની પરસત નાંહીં. ૩૫૬

સાધ સંગત હર કથા, વધત વધત વધ જાય;

ખળ સંગત નીચ બુદ્ધિ, ઘટત ઘટત ઘટ જાય. ૩૫૭

સરવર તરવર સંત જન, ચોથા રજબ મેહ;
પરમાર્થ કે કારણે, ચારે ધાર્યો દેહ. ૩૫૮

સંગત ઐસી કીજીએ, બેઠા શોભે પાસ;
શીર બદનામી નાં ચડે, સર્વ કહે સાબાશ. ૩૫૯

સંગત ભઇ તબ કયા ભયા, રૃદીયા ભયા કઠોર;
નવ નેજા પાણી ચડે, પથર ન ભીજે કોર. ૩૬૦

સમજ્યા તમેહી જાનીએ, સમજ સમાણા માંહી;
ઔગુન દેખે ઓરકા, તબ લગ સમજ્યા નાંહી. ૩૬૧

સંત સંતકો પારખ્યો, ચોર ચોરકો સેન;
તુલશી તાકે દીલકી, પ્રગટ કરત હે નેન. ૩૬૨

સાસ ઊસાસે સમરતાં, હોય કર્મકો નાશ;
જન રજબ જામે નહીં, જ્યું ઘેલામેં ઘાસ. ૩૬૩

સાંઇ રૃઠગો દેત, દુર બુદ્ધિ અભિમાન પદ;
છેતરી ચેત અચેત, પ્રગટ હને નહીં દંડસોં. ૩૬૪

સુરવર મુનીવરકી યહી રીતી;
સ્વાર્થ કાજ કરત સબ પ્રીતિ. ૩૬૫

સુખે સાંભરે સુંદરી, દુખે માતને તાત,
ગાડી જાઓ સાંભરે, પડે રણમાં ઘાવ. ૩૬૬

સાઠ નિશાળીએ ઊચકી, મેહેતાજીની સોય;
કોણ કરે તે કામને, જે મજીઆરૃં હોય. ૩૬૭

સબ્બી ભોમ ગોપાળકી, વામેં અટક કહા;
જ્યાકે મનમેં ખટક રહી, સોહી અટક રહ્યા; ૩૬૮

સોબત કીજે સ્વાનકી, દો પાંતોકા દુખ;
ખીજ્યો કાટે પાવકું, રીઝ્યો ચાટે મુખ. ૩૬૯

સોનું રૂપું વાળ્યું વળે, લોહું વળે તાપે;

સજાત સમજાવે વળે, કજાત વળે લાતે. ૩૭૦
સોરઠ બેઠી મેહેલપેં, ગોખે કાઠી ગાત્ર;
જીન દેખી મુનીવર છળે, માનવ કહો કુણુ માત્ર. ૩૭૧
સોરઠ મીઠી રાગની, જોબન મીઠી નાર;
સેજે મીઠી સુંદરી, રણુ મીઠી તલવાર. ૩૭૨
સિંહ સંગમ શાહ પુરૂષ, કેળ ફળે એકવાર;
ત્રીયા તેરણુ હમીરહઠ, ન ચડે દુજીવાર. ૩૭૩
સુડો ચુગે હાડને, ખડ જો સાવજ ખાય;
જુદાં નકી જણાય, માત તાત તઈ મુલકમાં. ૩૭૪
સમવડ સાથે શોભીએ, હારજીત હઠવાદ;
કીડીપર કટકાઈશી, રાંકાં શું વીખવાદ. ૩૭૫
સતી શૂર અરૂ સંત જન, વિશ્વ વીષે વશી વાસ;
જરે મરે તન સુખ તજે, અવિચળ સુખની આશ. ૩૭૬
સુખીઓ સબ સંસાર, ખાવે અરૂ સોવે;
દુખીઓ દાસ કબીર, જબ જાગે તબ રોવે. ૩૭૭
સબકું દેદો અંખીયાં, સબકું દેદો કાન;
આપ આપકે તાનમેં, ગદ્ધા બી મસ્તાન. ૩૭૮
સંપત દેખી ન રાચીએ, વીપત પડે ગત રોય;
અન હોની હોની નહીં, હોની હોય સો હોય. ૩૭૯
સુખસેં કીયો સ્નેહ, ઉલટો દુખ દુનો ભયો;
ઊનકો ઓષધ એહ, મધુ મીત્ર નો કીજીએ. ૩૮૦
સરવા સાદની કોયલડી, માજમ રાત મધુર;
તોસેં આંબા ઢુંકડા, મોસે દેહલ દુર. ૩૮૧
હાથી પગાં હેઠ, કીડી જ્યું આયા કવિ;
અમરાનાગર નેઠ, મોટાંથી મરીએ નહીં. ૩૮
હીપો કે જુવાની હલ ગઈ, ગઈ ચટકતી ચાલ;

જે શિર અંબોડા વાળતા, તહાં પડી ગઇ તાલ. ૩૮૩
હંસલા સાયર સેવીએ, જેની શિતળ છાંય;
ઓછો વાસન સેવીએ, અધર ઉંચાળા જ્યાંય. ૩૮૪
હરણ ખરી દો આંગળાં, પૃથ્વી ક્રોડ પચાશ;
અને હોની હોની નહીં, પાસો ત્યાંજ પાવ. ૩૮૫
હાલી,[1] નાલી[2] બાલધી[3], આડેઢી[4] પશુપાળ;
એતા તુમ રક્ષા કરો મંકડ[5] બટુક[6] બીડાલ. ૩૮૬
હરવડાં કે હરણાં, સુકન વડાં કે શામ;
અરજુન રથને ખેડીએ, લીજે નારાયણ નામ. ૩૮૭
હોન હાર હરિ દેવસે, બીસર જાત સબ શુદ્ધી;
તુલશી જેસી ભવતવ્યતા, ઐશી ઉપજત બુદ્ધિ. ૩૮૮
હેકણ કટકો હડરો, જો ગંગામેં જાય;
કુળ તેનામાં કોયદી, ભુતન સરજે ભાગીરથી. ૩૮૯
હે માળાના હલીઆ, પાય ઢઢોળ્યા ગંગ;
તેદુના થકીયા, પડયા ચંપાવે અંગ. ૩૯૦
હીંમત વીણ કીંમત નહી, કીમત વણ હીંમત ન હોય;
રદ કાગળને રાજીઆ, આદર ન દીએ કોય. ૩૯૧
હરદી તો [1]જરદી તજે ચુના તજે શ્વેત;
દોન મીલી કંકુ ભયા, બીલહારી ઉનહેત. ૩૯૨
હસ્તી દંત નારી વચણ, પ્રીત કપટીની જેહ;
અંતરનાંને બારનાં, જુદાં જુદાં તેહ. ૩૯૩
હાંથી ઘોડા માલ ખજીના, મુલક મુલક પર થાનાંહે;
કહે માંડણ સુણ દોસ્ત હમેરા, થીરન રહેનાં જાનાંહે. ૩૯૪
હાથી ઘોડા માલ ખજાના ડાટયા રહેંગે ઠામ;

---

૧ હલધર ૨ બ્રહ્મા, ૩ શીવ, ૪ કૃષ્ણ ૫ હનુમાન ૬ વામન ૭ છંદ-૧ પીળુ.

ચેતન હારો ચેતીઓ, દુનીઆં દનાં મુકામ. ૩૯૫

હલકાની હલકાઇનાં, વડા ન સુણે વચન;
સ્વાન ભસે સો સામટાં, હસ્તી ધરે ન મન. ૩૯૬

હીંગ મરચું ને આંબલી સોપારીને તેલ;
જો કંઠનો ખપ કરે, તો પાંચે વસ્તુ મેલ. ૩૯૭

હેમ ન પાક્યું નીપજે, મોતી ન ફુલે ડાળ;
રૂપ ગુણ નાણું નો મળે, ફુટી મરો કપાળ. ૩૯૮

હજરત એડી ન કીજીએ, બડી ગજગકી બાત;
પરમેરી કે કારણે, ઘર મેરોંકા ધાત. ૩૯૯

હોય બુરાઇ તે બુરો, યહ કીનો નીરધાર;
ખાડ ખનેગો ઓરકુ, તાકું કુપ તૈયાર. ૪૦૦

હૈડા ભીંતર દવ જળે, કોઇ ન જાણે સાર;
મન જાણે છે આપણું, કે જાણે કીરતાર. ૪૦૧

હંસનકો સરવર ઘને, [1]પોપાચને ભમરેશ;
સુઘરન કોંગીંતહીં ઘને, દેશહીં ત્યાં પરદેશ. ૪૦૨

હંસા પ્રીત કુન કામકી, વીપત પડે ઉડ જાય;
સાચી પ્રીત સેવાલકી, જલ સુકે સુકાય. ૪૦૩

હીરાગલ ફાટયું હોય, ત્રાગજ લઇ તુણાવીએ;
કાગીજ ફાટયું કોય, સાંધો ન મળે સુરના. ૪૦૪

જ્ઞાન ગરીબી ગુરૂ ધર્મ, નરમ બચન નીરદોષ;
તુલશી એતા ન છોડીએ, શ્રદ્ધા શિલ સંતોષ. ૪૦૫

જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ દુઃખ રહીત ન કોય;
જ્ઞાની ભોગવે ધૈર્યસેં, મૂર્ખ ભોગવે રોય. ૪૦૬

---

૧ પુષ્પ

સુમીરનકી શુદ્ધી લેતહો, બીર પરે કે કાજ;
જ્યાકુ જગમાં કોઇ નહીં, તાકું તું મહારાજ. ૪૦૭
તારી વાડી તું ધણી, નીલી રાખે નાથ;
ઓર્યાથી અંતર કરે, આડા દીજે હાથ. ૪૦૮
સામળીયા સેવક તણી, ત્રીકમ રાખે ટેક;
પાંચાળીનાં પુરીયાં, આગે ચીર અનેક. ૪૦૯
હાર કરી કીડી હુકી, થંભજ લાયો જોય;
પતરાખી પ્રહલાદકી, એહી ભરૂસા મોય. ૪૧૦
રામનામકી ઔષધી, ખરી મીટસેં ખાય;
અંગ પીડા આવે નહીં, મહા રોગ મીટ જાય. ૪૧૧
હરિએ લખાયા વે લખ્યા, રેન છઠીકા અંક:
જવ વધેન તલ ધટે, રહ રહે જીવ નશંક. ૪૧૨
હર ભજવો હક બોલવો, દોતું વાત અવલ;
તુલશી ના તાકો મીટે, આડે પોર અમલ. ૪૧૩
તુલશી અપને રામકું, રીઝ ભજો કે ખીજ;
ખેતપરે સો જીમતહે, ઊંધે ચીતે બીજ. ૪૧૪
જીવ જીવકે આશરે, જીવ કરત હે રાજ;
તુલશી રઘુવર આશરે, કયુ બીગરેગો કાજ. ૪૧૫
તુલશી ધાવ ગરીબકી, કબુ ન ખાલી જાય;
મુવા ઢોરકા ચામસેં, લુહા ભસ્મ હો જાય. ૪૧૬
તુલશી તીન લોકમેં, કો જાને પરપીર;
કે જાને દીલ આપકો, કે જાને રઘુવીર. ૪૧૭
તુલશી ઘર ઘર જાય કે, દુખ ન ગાએ રોય;
માન ગુમાવે આપકો હરૂવાપનો હોય. ૪૧૮
ફકીરા ફીકર છોડદે, કરતા સું કરીશ;

પેટી બાંધી પ્રેમકી, હરશું ધ્યાન ધરીશ. ૪૧૯
રામ નામતો રખીએ, જયુ નાલીએરી રખે નીર;
જોરાવર જમરાં તણી, ફાંશી ટાળ ફકીર. ૪૨૦
તુલશી સમૈયા વહે ગયા, જાન્યા નહીં જુગદીશ;
જમ જનુની નાલકટયો, કયું ન કટયો તબ શીશ. ૪૨૧
તુલશી તબ મેં જાનીઓ, હરી બડો ગરીબ નીવાજ;
મોતી કણુ મોઘો કીયો, સોઘો કીયો અનાજ, ૪૨૨
કરસતસંગ વિવેકધર, મનકો દોડ મીટાવ;
અજહુ કુછ બીગરી નહીં, તુલશીરામ સંભાર. ૪૨૩
રામનામયું રખીએ, જયું મોતી રખે શીપ;
સાયરકે હીલોળમેં, જલ નહી પરસત ટીપ. ૪૨૪
રામનામ જપીઆ નહીં, તીન ઉપરાજણુ જોય;
પરઘર વાઢે જંખરાં, પાય અણુવાણુા હોય, ૪૨૫
રામનામ જપીઆ નહી, રેન ગળતી રાત;
તે નર સરજયા કુકડા, પોકારે પરભાત. ૪૨૬
રામ નાગ નીજ મંત્ર હે, રટીએ પ્રેમ લગાય;
મંગળ પદ ધીરજ કરે, કોટ વિઘ્ન મીટ જાય. ૪૨૭
સમે શીલ ગુણુ ઉપજે, તને તાપ તન જાય;
રરે રોગ મનકો મીટે, મમે માત ગર્ભ નાય ૪૨૮
ઘડી પલકી ખબર નહીં, કરે કલકી બાત;
જીવ ઉપર જમરા ફીરે, જયું તેતરપર બાજ. ૪૩૯
એક ઘડી આધી ઘડી, આધોમેં પુની આધ;
તુલશી સંગત સાધકી, કટે કોટ અપ્રાધ. ૪૩૦
અર્ભ ખર્ભકો દ્રવ્ય હે, ઉદે અસીકો રાજ;
તુલશી હરકે ભજનબીન, સર્વ નરક કો સાજ. ૪૩૧
આયો તો હર ભજનકું, ઓર કીયો ઉપાય;

તુલશી સીતા રામકું, કહા કહેંગો જાય. ૪૩૨

કાલ કીયા સો આજકર, આજ કીયા સો અબ;
આગ બળંતી ઝુંપડી, જોઇ બચ્યા સો લભ. ૪૩૩

હર ભજીલે હોલડી, રાખણુ વાળો રામ;
પારાધી સરપે ડસ્યો, સર લાગ્યો સિંચાણ. ૪૩૪

હર ભજંતાં હરખકર, આળસ મકર અજાણ;
જો તું ગુણ જાણે નહીં, પુછે વેદ પુરાણ. ૪૩૫

દાદવાના સોરઠા.

જેનાં ચોખાં શીલ, તેના વર્ણ[1] કાંઇ વખાણીએ;
પ્રહલાદેજ પવિત્ર, દાનવકુળનો દાદવા. ૧

સવરણ કવરણ ન હોય, કવરણે ઉદ્ધર્યો કર્ણ;
કોયલ કહુર[2] ન હોય, દહરે[3] પાળી દાદવા. ૨

ચાંચાળો ચાંચે લીએ, આનતો ગુંદ અહા;
જેવા સેડે સા,[4] એવો દાણુ નોત દાદવા ૩

પાંચ માથાં દશ પાગ, ચાળીયા આઠે ચસે;
ચાલુ કસો સોહાગ, દુનીઆ દેખે દાદવા. ૪

ઘડીએ ઘડીયાળાં; છત્રપતિ કોઇએ સાં નહીં;
માથે મોત તણાય, ગડગડે દદામાં દાદવા. ૫

દાદુ દુનીયાં બાવરી, કુડા કરે ગલ;
ગાડે બેસાડી હડલાવીયા. કહે છીસા ટોડરમલ. ૬

સોરઠીયાના— દુહા.

કરીએ નહીં કરીત, જેની તેની જોઇને;
રાખો કુળની રીત સાચુ સોરઠાઓ ભણે. ૧

પોતાની પખ મેલી કરી જે પર પખમાં જાય;

૧ જાત ૨ ખરાબ શબ્દ ૩ કાગડો ૪ સ્વાદ.

તે બે સહુ ભણાય, સાચું સોરઠીઓ ભણે. ૨
સફરાં પેરે સુત, ઓઢે પણ આલે નહીં;
તે ગણવાં તાબુત, સાચું સોરઠીઓ ભણે. ૩
મેમાનુ ને માંન, દલભરી પળ દીધાં નહીં;
મેડી નહીં મસાણ, સાચું સોરઠીઓ ભણે. ૪
કરજુગને કરમે કરી, ઘેરે કેળું થાય;
મીડપ નહી તણમાંન, સાચું સોરઠીઓ ભણે. ૫
કોયલને કાગવાને, વરતારો નહીં;
જીમું કરે જવાન, સાચું સોરઠીઓ ભણે. ૬
કરમાં પેરી કડાં, કરપરકર દીધા નહીં;
તે માનવનહીંમડાં, સાચું સોરઠીઓ ભણે. ૭
ગરદન ગળા થકી, બરાબર તસુમે;
એથી આળગો રહે, સાચું સોરઠીઓ ભણે. ૮
વાલાં કેરી વાત, બીહુને બીજી કરે;
તે નરને નાનપ જાણ, સાચું સોરઠીઓ ભણે. ૯
ખેતર ખાએ વાડ, રખોપા કાણુજ કરે;
વારૂં તેની વાડ, સાચું સોરઠીઓ ભણે. ૧૦

રાજીઆના—સોરઠા.

પલમાં કરે પીયાર, પલ પલમાં પલટે પરા;
એ મતલબના યાર, રીત ન જાણે રાજીયા. ૧
મતલબની મનવાર, જગત જમાડે ચુરમાં;
વણ મતલબ પળવાર, રાબ ન પીરસે રાજીયા. ૨
છતહીણો સરદાર, મતવોણાં માનવરખ;
અંધો અશ્વ અશ્વાર, રામ રખવાળી રાજીયા. ૩
નર અવસર ચુકે નહીં, જે હોય ચતુર સુજાણ;
એ અવસરનાં એંધાણ, રહે ઝાઝા દી રાજીયા. ૪

લાવર તેતરલાર, હરકોઈ હાકું કરે;
સાવજનાજ શિકાર, રમવા મુશ્કેલ રાજીયા. ૫
હીંમતે કીંમત હોય, હીમત વણ કીંમત કશી;
આદર ન દીએ કોય, રદ કાગળને રાજીયા. ૬

આણંદ પ્રમાણંદના—દુહા.

આણંદ કહે પ્રમાણંદા, ભેદુકીં ભુલંત
દશા પલટે દી ફરે, ઊંધા ખેપ કરંત. ૧
આણંદ કહે પ્રમાણંદા, માણુસેં માણુસેં ફેર;
એક નાણું નાખે નો મળે, એક ટકાનાં તેર. ૨
આણંદ કહે પ્રમાણંદા, કાંગાકી રીઝંત;
પેલાં આવે પાટુવે, દીંકે પેટ ભરંત. ૩
આણંદ કહે પ્રમાણંદા, મુર્ખ કીમ કળાય;
કરે વીવાનું બારમું, વીરસી દીત વધાય. ૪
આણંદ કહે પ્રમાણંદા, પંડીત કીં પરખાય;
નર ધીરા મતિ આગળા, વેળા જીં રક્ષાય. ૫
અંતડાયું અળખામણું, અંતમુર્ખ–મોં દાટ;
આણંદ કહે પ્રમાણંદા, ભલોજ ગડગડ ધાટ. ૬

આઈનાગબાઇના કહેલ સોરઠા.

કાંકરીઓ ખોદૈ કરે, જુનો કાદેલ જોય;
હરણાંની આખળીયું હોય, મુંસભારછ માંડળીક. ૧
ગઢ જુનો ગરવો તખત, પ્રગટ જમીયળપીર;
નેવાં હંદાનીર, મોભે ચડીયાં માંડલીક. ૨
દરવાજે દરવાન, રાંનાં કોઇ રીહે નહી;
ઉમટસે[1] આંહરાણુ[2] મામદશાનાં[3] માંડલીક. ૩
પોથીને પુરાણ, ભગતાંપે ભાળીશ નહીં;

---

૧ આવશે ૨ યવન ૩ મહમદ બેગડો.

કલમોને કોરાન, મુલાં પોકારે માંડલીક. ૪
જીશે રા'ની રીત, રા'પણું રે'શે નહી;
ભમતો માંગશભીખ, મું સંભારીશ માંડલીક. ૫
તાપળાં ઘોડાંને ઘોડાલીગે, જુને પાછો જા;
માને મોદલરા, માપળાં વચન માંડલીક. ૬
જુનોગઢ તાજોજીહે, થીહે હરચંદનાં હાટ;
દોવટવળશે દ્દાટ, મું સંભારીશ માંડલીક. ૭
રાણુંયું રાપખે, જાય બજારે બીહશે;
ઓઝલ આળહશે, મું સંભારીશ માંડલીક. ૮
નાગેંને નમ્યો નહીં, ભુલો બાધી બીત્ત;
મેડી ત્યાંઇ મસીદ, મુલાં પોકારે માંડલીક. ૯
ગઢ તઇં જુનાની પ્રોળ, દામો કુંડ દેખીશ નહી;
રતન પડશે શેળ, મું સંભારશ માંડલીક. ૧૦
અતલશનાં ઉતારેં કરે, પેરછ ગળીયળપાટ;
અપર ભણે ઉચાટ, માપલે તાગા માંડલીક. ૧૧
થાળ ભરી સગ મોતીએ, વહુ વધાવા જાય;
અવલે મોઢે થાય, મહીપતી ત્યાં માંડલીક. ૧૨
ગંગાજળીગો ગઢેચા, પંડ તારૂં પવિત્ર;
હીણીયું નજરૂં હમીર, માવતરની નોય માંડલીક. ૧૩

રાવકવાટના દુહા.

તું તાકતો તકાઈ, તાની તળાજા ધણી:
વાળા હવે [1]વજાડ, એક હાથે ઉગડા. ૧
કર મજરો કવાટ, આખે એમ[2] રાજા અનંત
પાછો મેલું પાટ, પરણાવે ગરત્રા પતી. ૨
અર્ક પશ્ચિમ દીશ ઉગમે, બોરીંગ ઝલે ન ભાર;

૧ બજાવ ૨ કહે.

કર મજરો તોસેં કરૂં, લાજે ગઢ ગીરનાર. ૩
કર બવેં જાલેં કરે, જદશું થાય જરૂર;
કવાટ મજરો નહીં કરો, સેસો દુખ શરીર. ૪
અનંત મથા આકળા, સુણ લીઓ સબ કોય;
આવે ભાણેજ ઉગડો, જધુદન મજરો જોય. ૫
કુકુજે કરતા કમળ[1], છોડવીયા છતીશ;
અધપત્ય દે આશીશ, અજરામર તું ઉગડા. ૬
જીવશું તો જોઇશું, વાળા વળે જન;
પાકું પડખામાંય, તે ઉબારી ઉગડા. ૭
સાયર બેડાં નાંતરે, નહીં ધોડાં જીવાર;
ભણીઓ વાળા ઉગડા, કઠ પીજરે કવાટ. ૮

હલામણ જેઠવાના દુહા–સોરઠા.

ઘણુવણ ઘડયાં, એરણ આભડીયાં નહીં;
સરવર સ્વાંત તણાં, મળે તો મોતી નીપજે. ૧
માતામેરામણ વસે, પીતા વસે કૈલાશ;
કેતો જુનાં મોકલું, નવાં આસો માસ. ૨
બાઇ સુને બાની વઢી, નદીએ ભરતાં નીર;
એક વચનને કારણે, સાસાણું મારૂં શરીર. ૩
બાંધી મુઠી લાખ, ઉઘાડી વા ખાય;
હલામણ દુહો પાલટે, સોન શિયા ઘર જાય. ૪
સુંદી ભર્યો શણગાર, શીયાનો શોભે નહીં;
હલામણ મોરો ભરતાર, સીગો અમાણો સાસરો. ૫
બીદાં બાંગાધાર, જાણું મનામણું આવશે;
દેશવટો દરાર, સાચો દીધો શીયા જેઠવે. ૬
આવડું અમે, જેઠવા જાણેલ નહીં;

---

1 મોઢે.

નહીંતો પીયર પગ ઢાંકે, બીહત બરડાના ધણી. ૭
હલામણ હીંડોળ, હવે દુખના દરિયા છલ્યાં;
અમાણી પાંજરી પ્રેળ, વીહમસે નતેણુના ધણી. ૮
હલામણ હુંને, કાતલી કપાતી નહીં;
જેહવો જાને, વનવન વીણાગો વાંસડો. ૯
હલામણ હડતાલ, દેયુંગાં દીધલ રહી;
કેમ ઉઘડશે કમાડ, જડતરવાળાં જેહવા. ૧૦
હલામણ હુંને, કીસે મન ટુખતું નહી;
જેહવો જાતે, ચાલે ને ગાદા ગરથીયું. ૧૧

ઉતારો ઈંગાર, અગને જાતાં લાગે જેહવો;
મારી ઉરમાં મા', હાએ ગીયો હલામણો. ૧૨
તુજ કારણ શીખર ચડી, ન્યાળી નેહ નવાણુ;
થોડાં સંભરે સજણાં, બોત ખટકે એંધાણુ. ૧૩
રોતું રાણા, ધડામાંય મો ધાલો.
આવે આભપરા, હૈડું ફાટયું હલામણા. ૧૪
વીણોઇને વને, વીટાણા વેલડીં;
નીસરતે નેણે, હાલી ચાલ્યો હલામણો. ૧૫
આગે હતાં ઈંગાર, લઇ લુવારે લગાડીયા;
એ બળેલને કાંઇ બાળ, જીવ અમાણો જેહવા. ૧૬
પાંજર પાણીપી, મીઠા મેરામણ તણા;
સુગાળ મથા શરીર, વીજોઈ જળ વાંસે રોયાં. ૧૭
જાળીડા નાખની જાળ, મીઠામેરામણ મજે;
કરગછે કપાળ, કેના બરડે બોતર સેંજોયાં. ૧૮
વીજોગના વાંસ, અહીંશે અવગુણે આવીઓ;
ભણુની માયલી ભોમના, સોન સદેશો લાવીયો. ૧૯
કાપ્યાં કવાડીએ, લોઢે લઇને નાખીયાં;

લેવાણાં લોઢે, શુદ્ધ ન રહી સોનની. ૨૦
કાળો ઘોડો કાટવો, ભમર ભાલું હાથ;
બાઇ આપણી બજારમાં, મેં જોઇ જેઠવાની જાત. ૨૧
લાંબા ઘેરના ઘાઘરા, કોટે ડમરીયું;
વાળી જાણે હું સોનપે, સોળસેં સુમરીયું. ૨૨
સુખની સજયા હોય, સજયાએ સુવાએ નહીં;
હલામણને હોય, સોન વીજોગે સાંભરે. ૨૩
હલકે ઊંટજ હાંક, પગ પાની ઢવેં કરે;
બાની મનમાં બાળ, હલામણ હોશે નહી. ૨૪
શ્રાવણ માસે શરીર, વહે જાળું વાપીયું;
કીં અગ્નિ ઓલાય, વરસે વીણોઇના ધણી. ૨૫
હાબાની હદમાંય, મે દીઠો વસ્તુ વીસારીયું;
એક હૈયાનો હાર, દુજો હલામણ જેઠવો. ૨૬
કેરા કોટથી આવીયાં, રાડીયાણી પાછળ રાત;
સોનલ સુતી જાગ, હલામણ અલખો હુવો. ૨૭
અમે આવી ઉતર્યા, શકતે નાખેલ ચોટ;
કેરા હલકો કોટ, જોવા કારણ જેઠવો. ૨૮
હાબાની હદમાંય, મેં પીઠી ભર્ગો પોઢાડીયો;
મીંઢળ છૂટયાં મસાણ, હારી બેઠી હલામણો. ૨૯
હલામણને હૈયે, ખોડછ લઇને ખડકીયાં;
કરવા સ્વર્ગનો સાથ, બળવું બરડાના ધણી. ૩૦
પીઠીયાળે પાગે, ચોરીએ ચડીયાં નહીં;
ધ્રુસકે ઢોલે, બાજોઠે બીઠાં નહીં. ૩૧
તાટકતી તાલીએ, હલામણથી હસીયાં નહીં;
તેની અત્રઢવ રહી, એક જેઠવો જોવા તણી. ૩૨
હાબા ડુંગર હેઠ, હલામણ હીચોળ્યો નહીં;

નહીંતો આવતો ઉંડળ લેત, જતને કરીને જોઠવો. ૩૩
સુખીયાંને દુખ પડયું, તુટયો માથે આભ;
જ્યાં હલામણ હાલતો, ત્યાં ઉગ્યો જોને ડાભ. ૩૪

જાહલના સોરઠા.

તું નુને જે ન હોય, તે તું હુને હુઇ;
વિરવિમાસી, જોય જાહલકે જુનાના ધણી. ૧
આસે અમે આવીયા, વરતવામાપલા વીર;
સુકાણું હૈયાનું હીર, જાહલકે જુનાના ધણી. ૨
કાબલી[1] આ નજરે કરે, મુગલ અને મીયાં;
અસરાં[2] ઉરપીયાં, જાહલકે જુનાના ધણી. ૩
માપલા મંડપમાં માલતો, તેદી બધવ દીનસ બોલ;
કરની કાપડની કોર, જાહલકે જુનાના ધણી. ૪
તો આડોપે આલીઓ, વાહણુ માપલો વીર;
સાંભળ રાવ સધીર, જાહલકે જુનાના ધણી. ૫
મોસાળે મવળો[3] નહીં, નહીં માડી જાઓ વીર;
સીંધમાં રોકયાં સુમરે, હાલવા ન દે હમીર. ૬
જાહલ કાગળ મોકલે, વાંચે નવઘણ વીર;
સીંધમાં રોકયાં સુમરે, હાલવા ન દે હમીર. ૭

રાણકદેવીના દોહા-સોરઠા.

પ્રથમ પોળે પેસતાં, થીઓ ટપકોને ટેશ;
રંડાપો રાણક દેવડી, કાં સુનો સોરઠ દેશ. ૧
નીરધનીઆંને નઠોરીયાં, ભણીયલ જાણે ભાટ;
ખોળી રાણક દેવડી, વચમાં પાડી વાટ. ૨
જેસીંગ દેવે જાય, ધારનગર ઢ ઢોળીઓ;

---

૧ કાબલી. ૨ યવન. ૩ મામો.

કપરો તે કહેવાય, ખેધો મકર ખેંગારનું. ૩
બાવન હજાર બાંધીયા, મોટા ગઢ ગીરનાર;
શંકે કેમ સોરઠ ભણો, ખોદણુ[1] દળખેંગાર. ૪
કમણુ ખખડાવે કમાડ, મઢી છે રાણકદેવડી;
જાણશે રા'ખેંગાર, ત્રાટક કાનજ તોડશે. ૫
મારો મેટો લાડકો, ઓળંગ્યો ગઢ ગીરનાર;
મારી રા'ખેંગાર, ઉતારશું રાણકદેવડી. ૬
અમાણા ગઢ હેઠ, કેણે તંબુ તાણીઆ;
સધરો મોટો શેઠ, બીજા વરતાઉ વાણીયા. ૭
વાણીડાના વેપાર, જાતે દીએ જાણશો;
મારી રા'ખેંગાર, ઉતારશું રાણકદેવડી. ૮
ઝાંપો ભાંગ્યો ભોળ પડી, ઘેર્યો ગઢ ગીરનાર;
દુરેને અરજણ મારીઆ, સોરઠરા શણગાર. ૯
માણેરા મરોય, મકર આણું રાતીયું;
કુળમાં લાગે ખોટ, મરતાં મા ન સંભારીએ. ૧૦
ઉતર્યાં ગઢગિરનાર, તનકું આવ્યું તલાટીએ;
વળતાં દુઝાર, દામો કુંડ નહીં દેખશું. ૧૧
ઊંચો ગઢ ગીરનાર, વાદળથી વાતું કરે;
મરતે રા'ખેંગાર, ખરેડી ખાંગો ન થયો. ૧૨
રે રે માપલા આધાર, તાપલા ચોસલા[2] કુણ ચડાવશે;
ગયા ચડાવણહાર, જીવતાં જાતર આવશે. ૧૩
તરવરીયા તોખાર, હૈયું ન ફાટયું હંસલા;
મરતે રા'ખેંગાર, ગામતરાં ગુજરાતનાં. ૧૪
રે રે સાબરશિંગાળ, બેકદી શીંગાલાં હતાં;
મરતે રાખેંગાર, ભવનાં ભીલાં થયાં. ૧૫

---

૧ અક્ષોણી. ૨ મોટા પથરનાં ચોસલાં.

કાળી કાંગરડ ગોર, ગોંખે ગરવાને ચડી;
કાપે કાળજ કોર, પીંજર દાઝયું પાણીએ. ૧૬
ગોઝારા ગિરનાર, વલાણાનું વેરીવા કરી;
મરતા રાખેંગાર, ખરેડી ખાંગો ન થયો. ૧૭
સ્વામી ઉઠો સેન લઇ, ખડગ ધરો ખેંગાર;
છાયો સધરાજેશિંગે, ગઢવાળો ગિરનાર. ૧૮
વાગે ફરકે મુછડી, વદન ઝબુકે દંત;
જુવો પટોળાં વાળીઓ, લોબડી વાળીએ કંથ. ૧૯
બાળો પાટણપુર, જીસે પટોળા નીપજે;
સરવો સોરઠ દેશ, જ્યાં લાખેણી લોબડી. ૨૦
મારૂ પાટણ દેશ, પાણી વગ પુરૂ મરે;
સરવો સોરઠ દેશ, સાજનડાં સેંજળ પીએ. ૨૧
વડલા વાવ્યતણા, કાંય નીધણીના નીસો;
મરતે રાખેંગાર, શેરડીને સુકની. ૨૨
વારૂ શહેર વઢવાણ, ભાગોળે ભોગાવો વહે;
પડશે આંહી પ્રાણ, વીર વીહમસું અમે. ૨૩
વા વાએ સવાય, વાયે વેળુ પરજળી;
સુરજ કરજે સ્હાય, અગ્ની લાગી અંગુઠડે. ૨૪
જે સંચે સોરઠ ઘડયો, ઘડીઓ રાખેંગાર;
તે સંચો ભાંગી ગીયો, જાતો રીયો સુથાર. ૨૫

હમીર ગોહેલના સોરઠા.

સખાતે[1] સોમૈયાતણી, વેગો આવે વીર;
હીલોળવા હમીર, ભાલા અણીએ ભીમાઉત. ૧
પાટણ આવ્યાં પુર, ખળ હળતાં ખાંડા તણાં;

---

૧ મદદ.

શેલે માંહે શુર, બે સાયણુસો બીમાઉત. ૨
વેળ્ય તાહરી વીર, આવી ઉવાટી નહી.
હાકમ તણી હમીર, ભેખડ હતી બીમા ઉત. ૩
વેગડ વડ ડુંઝાગ, ગઢ બારીએ ગયો નહીં;
શીગસમારણુ હાર, અંબર લગી અડાવીયાં. ૪

હોથલ પદમણીના—દુહા.

ભુડું લાગે ભોયરૂં, ખાટ ખાવા ધાય;
ઓઢા વીણુ અણોસરાં, કનડે કીં રેવાય. ૧

મબોલમબોલ મોર, બોલતો ડુંગર બન;
ઓઢાને ઉદાશી કર્યો, મારા ચિતના ચોર. ૨

મોર કહે હું ડુંગરરો રાજીઓ, કંકર પેટ ભરાં;
મોરીરતે ન બોલતાં, હૈડું ફાટ મરાં. ૩

મળવું અનજળ પાણીએ, સ દેશ વેવાર;
હોથલ હાલી ભોયરે, ઓઢાને કેજો જુવાર. ૪
ધરવીણ ધાન ન નીપજે, કુળવીણ માહુ ન હોય;
ઓઢા ઘરે જંખરો, જેની માતા હોથલ હોય. ૫

રાણા પ્રતાપસિંહના દુહા—સોરઠા.

જનની જણતો એડાજણ, જેડારાણુ પ્રતાપ;
અકબર સુતો ઉદ્રકે, જાણ શિરાણે સાપ. ૧
અકબર ઘોર અંધાર, અંજાણા ભૂપત અવર;
જાગે જગદાતાર, પોરે રાણ પ્રતાપસિંહ. ૨
અકબર સમુદ્ર અથાહ, બુડી સારી દણી;
મેવાડો તણુમાંય, પોયણ ફુલ પ્રતાપસિંહ. ૪

અરસીવાળા તથા માંગડાનાદુહા–સોરઠા.

વડલા તાપલો વરાળ, પાને પાને પરજળી;
ફીસે જંપાતાં જાળ, ભડકા લાગે ભૂતના. ૧
હું બેટા તું બાપ, અરસી કાંઇ ઓળખ નહીં;
ઓલ્યા ભવ અપ્રાધ, આડા આ ભવ આવીયા. ૨
ચોરા જોયા ચોવટા, જોઈ બવળી બજાર;
અરસી વીણુ અણોસરાં, ભૂતડા વણુ ભેકાર. ૩
વળી આવે વાર, ભુંડે મોઢે ભુગલીની;
એ ઘોડો અશ્વાર, મીંટે ન ચડે માંગડો. ૪

પ્રાંતિક વિલક્ષણતાના દુહા.

કાને લાંબા કાતરા, ખભે લાંબા ખેશ;
વોણો ફ્રોક વિવેક, જોયો વાગડ દેશ. ૧
મચ્છુ કાંઠોને મોરબી, વચમાં વાંકાનેર;
નર પટાધર નીપજે, પાણી હદો ફેર. ૨
જેડી મચ્છુ માળીએ, એડી નહીં લીયા;
નરપટાધર નીપજે, માણીગર મીયા. ૩
વાંજા ઠાકરને અંબવન, ઘરઘર પદમણુ ઘેર;
રેંટ ખટુકે વાડીએ, ભોંય નીલોનાઘેર. ૪
કનકાવતીને કનડો, વાલો લાગે વીર;
ગરગથેં ન સાંપડે, જો હત નરવાં નીર. ૫
જાજાં જાળાં જાંખરાં, આળીગારો દેશ;
ભોંમાં ભાલાં નીપજે, જોયો ઝાલા દેશ. ૬
શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત;
ચોમાસે ઇડર ભલો, કછડો બારે માસ. ૭
લાગઠ પાણી લાંબખડ, ડુંગેડુંગે ધાર,
હથ ઢુંકા હરમત નહીં, હેમાળો હાલાર. ૮

કુંકુવરણી ભોમકા, સરવા સાલેમાળ;
સર બેઠાં સારસલવે, ભાય દેવકો પાંચાલ. ૯

અફીણ વિષે દુહા

આધો ચણો અમલરો, ખુમા મરદારો ખાજ;
ગોળા ગળે ગોલકા, લગરીએ નહી લાજ. ૧
અમલરાણુ રાવતે, અમલ શુરા ખાય;
લુખો ભોજન નાર કુભારજા, તા ઘર અમલ કહાય. ૨
પીપી ઘણુરા વલહા, ભર ભગતાંસળીયાં;
થારો પીધો મેં સીલશાં, કરકર-કાંતણીયાં. ૩
કાંતણ પીંજણ જે કરે, નાહાનોરી નાર:
મારો પીધો મેં શીલશાં, મરજાસા સમુદ્રપાર. ૪
પોઢતઇ પલંગપર, મુગ જેતરો માફ;
માવે અમલ આરોગતાં, તીન હજાર તલાક. ૫
હેતુ મૈત્રી મોઅતી, મેળા વેળા માફ;
માવે અમલ આરોગતાં, તીન હજાર તલાક. ૬
આઠુ વટણ જોગપંથ, શુરા હંદો કામ;
કાયર ખડગ ન વાવરે, વેશ્યા ન દેવે દામ. ૭
અમલ ખાઓ ઠકરો, માતા થાશો મલ્લ;
પુરણહારો પુરશે, એમ કહે જેમલ ૮
અફીણ ખાઓ ઠકરો, સુકાઇ થાશો સલ;
માગ્યું તાગ્યું નહીં મળે, જખમારે જેમલ. ૯
જળહર બળહર કામહર, રૂપહરણ દ્રવ્ય હાણ;
સજન સો બીખ ખાતહો, કહા ભલપણ પહીછાણ.૧૦

શુકન વિષે દુહા.

આટોકુટો ઘી ઘડો, છુટે કેશે નાર;
એ શુકને જો ચાલશો, નહીં આવો ઘરહાર. ૧

કોરે ઘડે કુંવારકા, સુપડ ભરી જાર;
એ શુકને ચાલજો, આવશો ઘર દ્વાર. ૨
ડાબી ભેરવ કળકળે, જમણાં લાળી થાય;
લોડી ખંભાતણુ કહે, સંઘન દ્વારકાં જાય. ૩
હરવડા કે હરણાં, શુકન વડાં કે શામ;
અર્જુન રથને જોડીએ, લીજે નારાયણ નામ. ૪

વર્ષાદ આગમન વિષે દોહા.

ગધા વરણાં વાદળાં, નૈરૂતનો વા;
ચોઠીડો પલાણી, ગમે ત્યાં જા. ૧
શ્રાવણ પેહેલા પાંચદીન, મેહ ન માંડે આળ;
પીયુ પધારો માળવે, અમે જાશું મોશાળ. ૨
ધર અશાડી બીજડી, નવમી નીરખી જોય;
જો હોયસોમે શુકે, જળ બંબારણ હોય. ૩
જેઠી બીજે ગાજીઓ, જો અજવાળી પક્ષ,
ગર્ભ સર્વ ગળી ગોયા, જોશી આળ મ ભખ. ૪
પુનમ પણાં જો પડે, વીજ સળાવા થાય;
ભડલી વાયક એમ ભણે, ગર્ભ રહ્યો તત્કાળ. ૫
શની આદીતાં મંગળાં, જો પોઢે જદુરાય;
ચાક ચડાવે મેદની, કરકે પાળ બધાય. ૬
પૂર્વ તાણે કાચબી, જો આથમને સુર;
ભડલી વાયક એમ ભણે, દુવે જમાડું કુર. ૭
મેઘમલાર આવીયા, સજ્યા ધરતી શોળ શણગાર;
પેરણ લીલા કંચવા, ઓઢણ મેઘ મલાર. ૮
જાતાં ભેળી જાય, વળતાં ભેળી વળે;
મેની માયા ગણાય, ભાંસળીયો જીવો ભણે. ૯

આવ સુવાગી સજણા, તોવણુ જંબીનાર;
એતાં તોવણુ અણોસરાં, ચૌદ છત્રી નવ ચાર. ૧૦
વણુ સગે વણુ સાગવે, વણુ નાતરીએ નેહ;
વણુ માવતરે જીવીએ, મરીએ તું વણુ મેહ. ૧૧

ગુરૂચેલાના દુહા.

પાનસડે ઘોડા અડે, બિધા બીસર જાય;
અંગારે રોટી જલે, કો ચેલા કયું થાય. ૧

ઉત્તર—ફેરવ્યા વિના

કણુ કોઠારે સડે, કાંસુ કાટજ ખાય;
જોગી નર ઝાંખો ફરે, કો ચેલા કયું થાય. ૨

ઉત્તર—રાખ વીના

આંબે કેરી લગ રહી, વહુ રીસાણી જાય;
ડોખું દેવા ના દીએ, કો ચેલા કયું થાય. ૩

ઉત્તર—ધોકા વિના.

બ્રાહ્મણ જળથી ઓસરે, ક્ષત્રી રણુ નવ જાય;
વૈશ્ય ડરે વેપારથી, કહો ચેલા કયમ થાય. ૪

ઉત્તર—કાયર

અંબાડી અલખામણી, બંદુક બગડી જાય;
દરજી કામ કરે નહીં, કો ચેલા કયમ થાય. ૫

ઉત્તર—ગજ વીના

સમસ્યા દોહા

નાગી નગરમાં ફરે, વનમાં પેરે ચીર;
અમને એ મોકલાવજો, સગી નણંદના વીર. ૧

ઉત્તર—સોપારી.

પાંખાળો પર ઉડણો, ગીરમાં એનું ગામ;
વર પેલો તોરણુ ચડે, કારીગરનું કામ. ૨

ઉત્તર—મોર.

વેંત જેવડી વરખડી, ઢાલા જેવડાં ફૂલ.
કાચાં ફલતો ઉતરે, પાકે થાએ મૂલ. ૩

ઉત્તર—કુંભારનો ચાકડો.

ચાર પગોને ચોહલો, નરને નામે નામ;
આણી આપો એ પીયા, તોરે આવશે કામ. ૪

ઉતર—બાજોઠ.

ભોંમાં પેશી ઘર કરે, જલમાં બેશી નાય;
મસ્તક વાઢે નો મરે, આંખ વાઢે જીવજાય. ૫

ઉત્તર—શેરડી.

પડી પણુ ભાંગી નહીં, કટકા થ્યા બેચાર;
વગર પાંખે ઉડી ગઇ, પંડિત કરો વિચાર. ૬

ઉત્તર—રાત.

પથર મટી થઈ પ્રેમદા, ભોજન કરતાં ગાય;
અર્ધું અંગ ફરે ફુંદડી, એઠું સહુકો ખાય. ૭

ઉત્તર—ઘંટી.

પીયુ જાજો શહેર પાટણે, લાવજો હલદર હીંગ;
એક વસ્તુ વોરજો, જેને માથે ચાર શીંગ. ૮

ઉત્તર—લવીંગ.

સોપારી જેવડું સાવજડું, તલનો ત્રીજો ભાગ;
એ સાવજડે રતન ગળ્યું, એક ધરતી દુજો આંભ. ૯

ઉત્તર—આંખની કીકી.

માથા વોણો મૂગલો, જેને શિંગડીયું ચાર;
હડમાં બેઠો હડહડે, નીત લોડાવે નાર. ૧૦

ઉત્તર—રવાયો.

અંગ કાળું દંત ઉજળા, ચાલે ઘમર ચાલ;
સાસુ વહુને દીકરી, ત્રણેનો એક ભરતાર. ૧૧

ઉત્તર—હાથીદાંતનો ચુડો.

અગ્નિ કુંડથી નીસરે, ભમર કુંડમાં નાય;
પંડીત પુછે પંડીતા, ફુલ વેલાને ખાય. ૧૨

ઉત્તર—હોકો.

દધી ઉલંઘન તાત, રીપુ તારીપુ અશ્વાર;
તે તારી રક્ષા કરે, દીનમાં દશ દશ વાર. ૧૩

શ્રી ભગવાન.

સિંધુ તનયા, બંધુ ધર તીન અરી કે તાત;
મિલવા સજન આપકું, બેર બેર બીલખાત. ૧૪

ઉત્તર-મન

સારીંગે સારીંગ ગૃહ્યો, સારીગ આયો ધાય;
જો દીલકો સારીગ કરૂં, મુખકો સારીંગ જાય. ૧૫

ઉત્તર-સર્પ

ગોગંજણ ગુરૂ ઘેર નહીં, દધી સુત નહીં લલાર;
હરસુત વાહન લે ગયો, બીલખત રાજકુમાર. ૧૬

ઉત્તર-ઊંદર.

જોબન વિષે દુહા.

જોબન તું ઘોડી થયો, ઘોયા ચારે દેશ;
વણ સાબુવણ પાણીએ, ધોળા કીધા કેશ. ૧

જોબન તેં એશી કરી, એશી ન કરે કોય;
આ પંડ આ પાંતરે, બેઠાં બોલાવે ન કોય. ૨

જોબન આવું ન જાણીયું, ઉછી ઉધારૂં દેત;
જે દીન જાત જોબનીયું, તે દી માગી લેત. ૩

જોબન તુજને જાળવ્યું, દીવસને વળી રાત;

ગુણ ઉપર અવગુણ કરી, લકડી દે ગમુ હાથ. ૪
દેયું દીયાડા, સોના જ્યું સાચવીયું;
પારકે પાદર મળ્યું, રાખું મારાખાઇતના. ૫

સજ્જન વિષે દુહા.

સજ્જન બાત સ્નેહકી, પરમુખ કહી ન જાય;
મુંગેકું સ્વપ્ના ભયા, સમજ સમજ પસ્તાય. ૧
સજ્જન એસા કીજીએ, જેસા ટંકણખાર;
આપ બળે પર રીઝવે, ભાંગ્યા સાંધણ હાર. ૨
સજ્જન મીલાપી બોતહે, તાલી મીત્ર અનેક;
જીન દેખે છાતી ઠરે, સો લખનમેં એક. ૩
મલે બેડા બંધણે, મળે વીદેશ ગીયાં;
સો સજ્જન ક્યાંસે મીલે, ધરતી ઢક થીયાં. ૪
સજ્જન ગુણકે સદનહે, અવગુણકા ગુણ લેત;
નીચેસેં પથરા હનત, ઉચેસેં ફલ દેત. ૫
સજ્જન એસા કીજીએ, ઢાલ સરીખા હોય;
સુખમેં નીત્ય પીછા રહે, દુઃખમેં આગુ હોય. ૬
સજ્જન સબ જગ સર સહે, જ્યોં લાંપર્યો નકામ;
હેમહુતાસન પારખ્યો, પીતલ નીકસ્યો શામ. ૭
પ્રીતમ પતીયાં કયા લીખું, જો કછુ અંતર હોય;
હમતમ અંતર એકહે, દેખનકે તનદોય. ૮
સજ્જન તુજમાં ગુણ ઘણા, અવગુણ નહી લગાર;
તે કારણ તું સંભરે, દીનમાં વાર હજાર, ૯
પંખી હોતે ઉડચલું, ઘડી ન રખું ધીર;
જ્યુંજ્યું સજ્જન સંભરે, ત્યું ત્યું લગે તીર. ૧૦
કાજલ તજે ન શ્યામતા, મુક્તા તજે ન સ્વેત;

દુર્જન તજે ન કુટીલતા, સજ્જન તજે ન હેત. ૧૧
સજ્જન સો કોસે વસે, સો મય હદે હજુર;
દરવાજે દુર્જન વસે, લક્ષ કોસસેં દુર. ૧૨
નેન પદાર્થ નેનરસ, નેને નેન મીલંત;
અણુજાણ્યાસું પ્રીતડી, પેલી નેન કરંત. ૧૩
સદા કીશીકી નાં રહી, પ્રીતમ ગલમેં બાંહ;
ઢલતઢલત ઢલજાયગી, તરવર કેરી છાંહ. ૧૪
હસુંતો દંત દેખાય, રોવુંતો કાજળ જાય;
મનકી રહી મનમાંય, જ્યું ઘણુ લકડેકું ખાય. ૧૫
સજ્જન સમા ન ચુકીએ, કુલ અપનેકી રીત;
વડ જોઇને કીજીએ, વેર વિવાહ અરૂ ગીત. ૧૬
સજ્જનહે સો ગુપ્તહે, મુખસેં કહ્યો ન જાય;
જ્યું મહેંદીકે પાનમેં, લાલી રહી છુપાય. ૧૭
સજન હતાં તે દુર્જન થયાં, ભભેરેલ ઘણે;
સાકરમાં વિખ ભેળીયું, કોક કમાણુસ મળે. ૧૮

પ્રસ્તાવીક છંદ-સવૈયા-કવિત-ગીત

શ્લોક વિગેરે.

કવિત

કોઉ દીન બાગ હાથ, બાજતે નગારે સાથ,
કોઉ દીન પાંઉ પ્યાદે શીર બોજ સહીએ;
કોઇ દીન આપ દ્વાર ભીર વ્હે ભીખારનકી,
કોઇ દીન આપ જાય પરદ્વાર ચહીએ;
કોઇ દીન મેવા મીશ્રીનકી અજીરન હોત,
કોઇ દીન મુઠીભર ચુનગીન પહીએ;

હારીએ ન હીંમત બીસારીએ ન હરીનામ,
જૈશી બીધી રાખે રામ ઐશી વિધી રહીએ. ૧

કવિત

સાંચ કરમાને દેવી દેવતા ન જાને અરૂ,
એશી ઉર આને મેં કહત બાત તબકી;
ઓર બાદશાહનકે ચાહ હતી હીંદવનકી,
શાહજહાં અકબર સુનત શાખ જબકી;
બબરકે તીબર હીમાઉ હદ બાંધ ગએ,
દોમેં એક કરીનાં કુરાન વેદ મનકી;
કાશીજીકી કલા ગઇ મથુરાં મસીદ ભઇ,
શીવાજી ન હોતતો સુનત હોત સબકી. ૨

કવિત

પથરસો બોલ કછુ ડારીએ ન કાહુપર,
ડારીએ તો હીરમેં લપેટકર ડારીએ;
સુખ તેં બીગારીએ ન ચીત તેં બીસારીએ ન,
મહા રોષ ભયો તબ મન માંહી મારીએ;
એક ધાવહુસે કુપ ખોદો નહીં જાત કછુ,
ધીરે ધીરે લીએ કામ સબહીં સુધારીએ;
રાજનીતિ રાજકે બજીરનકુ જશુરામ,
ગુડહીતેં મરે વાકું વીખતેં ન મારીએ. ૩

કવિત.

દીયાહે ખુદાને ખુબ ખુશીકર ગ્વાલ કવિ,
ખાનાં પીનાં લેનાં દેનાં યેહી રહ જાનાંહે;
કેતેક અમીર ઉમરાવ બાદશાહ ભયે,
કુચ કર ગએ તાકા લગાન ઠીકાના હે;
હીલો મીલો પ્યારે જાન બંદકી રાહ ચલો,
જીંદગી જરાસી તામેં દીલબહલાનાંહે;

આવે પરવાના બતે એક હુન બાના યાતે,
નેકી કર જાનાં ફીર આના હે ન જાના હે. ૪

કવિત

ચુકજાત જુહારી જુહારકે પરખ જાને,
ચુક જાત અશ્વપેં સ્વાર સ્વારીકોં;
ચુક જાત ન્યાયકે કરૈયા પ્રવિન નર,
ચુક જાત રાગી ગુન ગાવન ગીરધારીકો;
ચુક જાત સિદ્ધ ઔર સાધક મુનિંદ્ર સબે,
ચુક જાત બ્રહ્મા કબુ અંગ નર નારીકો;
કહત શીવલાલ શુરવીર કબી ચુક જાત,
ચુકત ના ચુગલ કબુ આપકી લબારીકાં. પ

કવિત

બીતીરી બસંત કંત અજીહુન આયો અલી,
ગ્રીષમ પ્રચંડ ચંડ તાપ ઉપજાવહીં;
એકતો બિરહ નાર ઝરત સદૈવચીત,
દુજે આફતાબસો સીતાબ વરસાવહી;
કુહકે કદબ અંબ ચઢકે કોકીલકલ,
પીઉકો ઉચાર મેરો અંતર રીઝાવહીં;
અબ મેં મરેંગી કીધો જ્વાલમેં જરેંગીમાય,
પાવસ પ્રસંગ પ્રાન પ્યારો જોન આવહીં. ૬

કવિત

બીધીનાં બડાઈ દઈ જાહીતક આવે કોઉ,
તાસોં દયા કરકે દયા હુકે રસ ઢરીએ;
વાકો ભલો કીજે ધનહી જે જશ લીજે ભૈયા,
જીવન તો એહી દુખ વીનનકો હરીએ;
કોઉ ઘર આય જોપે ગાંઠકો ન દીયો જાય,
તોપેં પલ એક ઉપકારહુને નહી ટરીએ;

આપકે કહેતેં જોપેં ઓરનકો ભલો હોત,
જીભકે હલાઈ વેકી કાહલી ન કરીએ. ૭

કવિત.

કપીલકે કોપેસે ભસ્મ કીએ સગર સુત,
કોપે દુરવાસા યદુવંશકી ગુમાયોહે;
અગસ્તકે કોપેસે સમુદ્રકું ખારો કીયો,
કોપે મુચકુંદકાળ યવન હીંજરાઓહે;
ભ્રગુકે કોપેસેં કૃષ્ણકું લંછન દીયો,
કોપે ગુરૂ ગૌતમ તબ ઈંદ્ર કષ્ટ પાયોહે;
કવીકે પ્રતાપકી બડાઈ તો ન કહી જાય,
બ્રહ્મકે સંતાપને તેં કોન સુખ પાયોહે. ૮

સવૈયા છંદ.

તારા કે તેજમેં ચંદ્ર છીપે નહી,
સુર્ય છીપે નહીં બાદલ છાયા;
ચંચલ નારીકો નેન છીપે નહીં,
પ્રીત છીપે નહી પીઠ દીખાયા;
રાડ પડે રજપુત છીપે નહીં,
દાતા છુપે નહીં મગન આયા;
ગંગ કહે સુનો શાહ અકબર,
કર્મ છુપે ન ભભુત લગાયા. ૧

સવૈયા છંદ.

જ્ઞાન ઘટે નર મુઢકી સંગત,
ધ્યાન ઘટે ઘટ ધીરજ નાંહી;
સોચ ઘટે શુદ્ધ સાધુકી સંગત,
રોગ ઘટે કછુ ઓષધ ખાઈ;
પ્રીત ઘટે કછુ મુખસેં માંગરી,
માન ઘટે નીત અંગન જાઈ;

ઉદ્યમસેં દુખ દલીદ્ર ઘટે અરૂ,
પાતક ગોવીંદકે ગુન ગાઈ. ૨

સવૈયા છંદ.

લાભ સોહિ હરિ નામ જપે,
અરૂ હાન સોહી હરીકું બિસરાવે;
સ્વર્ગ સોહી હરિ શિક્ષા કરે,
અરૂ નર્ક સોહી હરિ ભક્તી ન ભાવે;
સિદ્ધ સોહી હરિ ધ્યાન ધરે,
અરૂ બુધ સોહી હરિ નીશ્ચે કરાવે;
હિંસા સોહી હરી રૂપ તજે,
હરિદાસ સોહી હરીહીકું રીઝાવે. ૩

સવૈયા છંદ.

શામ રહે નર હે ધન શામન,
કામકી લોક કહાની કહેરી;
સુંભ નિસુંભ ગએ જગસેં,
બલીરાજકો રાજનકો ઉલહેરી;
રાવન લંક તજી સતભાવન,
ગાવનકો અબ ગાથ ગહેરી;
દામ રહે નહીં ધામ રહે નહીં,
નામ સદા રનકોર રહેરી. ૪

સવૈયા છંદ.

પાનીકો જંતુ કહાહી પીછાનત,
ગીષમકી તપકી ગરદીકી;
કેશરકી કહા જાનત કીમત,
હે જ પરીક્ષા જ્યાં હરદીકી;
કાયર કોકલ નાંહી પરે કછુ,
શરન કો શુધ હે મરદીકી;

બેદરદી ન પાવિન પુકારત,
જાનત હે દરદી દરદીકી ૫

છપયછંદ.

ગુધી છપર ચઢે કોન તરવરહીં કટાવે,
ખરતેં હોય સંગ્રામ તેજીયાં કોન ફીરાવે;
બસુન સુગંધી હોય કોન જફરાની ખોરે,
વેસ્યા તેં ઘરકાજ કોન કુલવંતી ખોરે;
હોય તમાસા કાગથેં બાજા કોન સિકારથેં;
કાજ કપુતાથેં સરે કોન સપુતા પારથેં. ૧

છપય છંદ.

તૃણ જાસ મુખ ધરત તાસકોહુ નહીં મારત,
હમ નિશદીન તૃણ ધરત બેન દુબરીય ઉચારત;
હમ જરત સબ વરત હમતનુ પૃથ્વીય બસાવત,
વચન કટુ કહા દેત હીંદુ કહા અમૃત પાવત;
હમતજાર સબ પાયતોહુ ગલાકાટ હમરે દીવા,
પુકાર પુકાર સાહીબ અકબર કહા ખુન હમને કીયા. ૨

છપય છંદ.

મકર લાજ વેપાર મકર મીત્રનસોં ટાળો,
મકર સંગ જોગીંદ્ર મકર પાવસ ઉચાળો;
મકર ત્રીયાસો ગુંઝ મકર ગનીકાસોં માયા,
મકર વૈરી વિશ્વાસ મકર મદમતિ કાયા;
ત્યોં વાદ મકર અજાણસોં વણુજ મકર પર હથડે,
યોં હેત બચન હરિચંદ કહે અરજ ન સરે સંદેસડે. ૩

છપય છંદ.

બચન છલ્યો બલીરાય બચન કૌરવ કુલ ખોયો,
બચન કરણ દીય કવચ બચન પંડવ વન જોયો;
બચન કાજ શ્રીરામ લંક વિભિખનથપ્યો,

બચન કાજ હરિચંદ્ર નીચ ઘર નીર સમર્પ્યો;
જીહી ચલેં બચન વૈતાલ કહી કર ગ્રહી જીભા કટીએ,
જરી જાણી લક્ષી વીક્રમ સુનો બોલ બચનના પટીએ. ૪

છપય છંદ.

જરો રૂપ ગુન પખે જરો બીન તેજ તુરંગમ,
જરો મીત્રનસોં કપટ જરો દુરીજનસોં સંગમ;
જરો અર્થ બીન બાત જરો ભાવન બીન હાંસો,
દુખ બીન દારૂ જરો જરો એકલડો વાસો;
જ્યોં પાત ફુલ ફલ બીન જરો સોમલ રૂપ અકજ ફલ,
કવિ ગદ કહેરે ગુનીજનો જશ બિન સંપત જાવજલ. ૫

છપય છંદ.

વાયસ હંસ ન હોય, હોય ગીદર નહીં સિંહહીં,
દાદુર ગજ નહીં હોય હોય ઝીંગી નહી ભ્રંગહીં;
કુર ન પંડીત હોય હોય કાયર નહીં શુરા,
મલયાગર નહીં હોય આક એરંડ ધતુરા;
ત્યું સુમ હોય નહીં દાનવીર કવિ ભરચી કીજે જતન,
ત્યોં ખરન હોય તીછા તુરી, કોયલા ન હોવે રતન. ૬

છપય છંદ.

સરસર હંસ ન હોય, બાજ ગજરાજ ન દર દર,
તરતર સુફળ ન હોય, નાર પતિવ્રતા ન ઘર ઘર;
ફનફન મની ન હોય, મલયગીરી હોય ન બનબન,
તનતન સુમતી ન હોય, મોતી જલ બુંદ ન ઘનઘન;
રનરન શૂર ન હોય યું સબ જન હોય ન ભકતનર,
કવિ ગધ કહેરે ગુનીજનો, સબ જન હોય ન એકસર. ૭

સમાપ્ત.

વ્યાસ પ્રણીત પુસ્તકો.

જુઓ ! જુઓ ! વ્હાલથી વાંચો !
ને પ્રેમથી વધાવો !

કુસુમ ગુચ્છ—શૃંગારની અનુપમ કવિતાઓનો આ ગ્રંથ રસજ્ઞ સ્ત્રી પુરૂષોને અતિ પ્રીય થઈ પડે તેવો છે.

કિંમત ૦-૮-૦ પોસ્ટેજ જુદું.

પ્રેમ રાત સખી—શ્રી કૃષ્ણ પરમાત્માની સ્તુતી રૂપે પ્રેમ-ભક્તીના ઉત્તમ દુહા જે વાંચવાથી જન મનને પ્રેમનું સત્ય સ્વરૂપ સમજાય છે અને આનંદ મળે છે.

કિંમત ૦-૮-૦ પોસ્ટેજ જુદું.

રત્નહાર—આ ધર્મ-નીતી અને વ્હેવારને લગતાં સુત્રોનો સંગ્રહ અણુમોલ છે. ઉક્ત પુસ્તકને માટે સર્વોત્તમ સાક્ષરોએ અને જાહેર વર્તમાનપત્રોએ ઉત્તમ અભીપ્રાય આપ્યો છે. એક સુત્રના સવાલાખ રૂ. પ્રતાપી ભોજ રાજા જેવા ભુપતિઓ આપતા હતા. તેવાં ૧૧૮૮ સુત્રોનો સંગ્રહ (૧૧ કરોડનો હાર) માત્ર રૂ. ૧-૪-૦ બારામાં મળશે. પોસ્ટેજ જુદું.

રા'માંડળીક—જુનાગઢના છેલ્લા યદુ વંશી રાજા રા'મંડળીકની સુબોધક વાર્તા મુલ્ય રૂ. ૦-૪-૦ પોસ્ટેજ જુદું.

પાંચાળી ચરિત્ર અને ચીર પુર્તિ—આ સુબોધક યાને ધર્મ-નીતી સાથે પતીવ્રત ધર્મનું સુંદર્શોઓને સદ્શીક્ષણ આપનાર સર્વોત્તમ પુસ્તક છપાય છે તા. ૨૮ ફેબરવારી સુધી નામ નોંધાવનારને માટે મુલ્ય રૂ. ૧) એક. પાછળથી રૂ. સવા પોસ્ટેજ જુદુ પડશે.

સોરઠી સાહીત્ય—સૌરાષ્ટ્રમાં પ્રચલિત દુહા સોરઠા ૯૦ નો સંગ્રહ મુલ્ય રૂ. ૦-૮-૦ આઠ આના. પોસ્ટેજ જુદું.

પુસ્તકો મળવાનું ઠેકાણું

૧ મહીકાંઠા ગેઝેટ આફીસ અમદાવાદ.

૨ પંડીત નારાયણ મુળજી બુકસેલર.

કાલબાદેવી રોડ મુંબઈ.